CMYK CMYK

RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ જેઠ સુદ - ૯    મંગળવાર તા.૨૩-૦૬-૨૦૨૬    અંક : ૧૪૮ વર્ષ : ૨૧    email :rajkot@aaspassindia.com    કિંમત રૂ. ૨-૫૦    પાના - ૮

# ગેરકાયદેસર બિલ્ડિંગે લીધો યુવાનોનો ભોગ : હવે બુલડોઝર ફરશે

## લખનઉનું કોચિંગ સેન્ટરવાળું બિલ્ડિંગ તોડી પાડવા થયો હતો હુકમ,બાદમાં રદ કરાયો : ડિજિટલ લોક પણ બન્યું યુવાઓના મોતનું કારણ

લખનૌ

લખનઉની કોચિંગમાં આગ લાગવાની ઘટનામાં અત્યાર સુધીમાં ૧૫ લોકોનાં મોત થયા છે. તેમાં ૫ મહિલાઓ અને ૧૦ પુરુષો છે. મોટાભાગના ૨૦ થી ૩૦ વર્ષના વિદ્યાર્થીઓ છે. જે બિલ્ડિંગમાં આગ લાગી હતી, તે ગેરકાયદેસર હતી. તેને તોડી પાડવાનો આદેશ ૨૦૧૯માં થયો હતો, પરંતુ બાદમાં રદ કરવામાં આવ્યો હતો.સરકાર દ્વારા હાલ આ સમગ્ર અગ્નિકાંડની તપાસ માટે એસ.આઈ.ટી.ની રચના કરવામાં આવી છે.પોલીસે પણ ત્વરિત કાર્યવાહી હાથ ધરી ચાર શખ્સની અટકાયત કરી છે.

લખનઉ વિકાસ પ્રાધિકરણના વીસી પ્રથમેશ કુમારે જણાવ્યું- બિલ્ડિંગ માલિકને નોટિસ જારી કરીને ૧૫ દિવસમાં જવાબ માંગવામાં આવ્યો છે. ત્યારબાદ બિલ્ડિંગ પર બુલડોઝર ચલાવવામાં આવશે. આ બિલ્ડિંગ રામેશ્વરમ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટ કૉલેજના માલિક વીરેન્દ્ર શુક્લાની છે. પોલીસે બેદરકારીપૂર્વક હત્યાનો ગુનો નોંધીને વીરેન્દ્ર સહિત ૪ આરોપીઓની ધરપકડ કરી છે.

ન્ફ્રછના ૪ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. બિલ્ડિંગને મંજૂરી આપનારા ૧૯ અધિકારીઓ પર પણ કાર્યવાહી થઈ શકે છે. બિલ્ડિંગમાં ફાયર સેફ્ટીની કોઈ વ્યવસ્થા નહોતી. ઈમરજન્સીમાં બહાર નીકળવા માટે કોઈ અલગ રસ્તો નહોતો. દુર્ઘટના સમયે છતનો દરવાજો પણ બંધ હતો, તેથી લોકો બહાર નીકળી શક્યા નહીં અને ગૂંગળામણથી તેમનો જીવ ગયો.

પ્રત્યક્ષદર્શીના જણાવ્યા અનુસાર, ઓફિસનો મુખ્ય ગેટ થમ્બ ઈમ્પ્રેશનથી ખુલતો હતો. આગ ફેલાયા પછી ગેટ આપમેળે લોક થઈ ગયો હતો. તેને ખોલવામાં મોડું થયું, જેના કારણે અકસ્માત વધુ ગંભીર બન્યો. આ અકસ્માત સોમવારે બપોરે ૨:૩૦ વાગ્યે અલીગંજ વિસ્તારમાં છઝમાં બ્લાસ્ટ થવાને કારણે થયો હતો.૪૦ મિનિટ પછી ફાયર બ્રિગેડ પહોંચી અને આગ પર કાબૂ મેળવ્યો. જીક્રઈક્ક-દ્રક્રઈક્ક એ ૭ કલાક રેસ્ક્યુ ઓપરેશન ચલાવ્યું. દિવાલો તોડીને મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા. મૃત્યુ પામેલાઓમાં યુપીના ૧૧ લોકો છે. તેમાં લખનઉના ૮, કાનપુરના ૨ અને બારાબંકીનો ૧ વ્યક્તિ સામેલ છે. આ ઉપરાંત, પશ્ચિમ બંગાળના ૨ અને મધ્ય પ્રદેશ-હરિયાણાના ૧-૧ લોકોએ જીવ ગુમાવ્યા છે.

## ભાજપના વરિષ્ઠ નેતા જ્યોર્જ કુરિયનનું મંત્રી પદેથી રાજીનામું

### રાજ્યસભાના સાંસદ તરીકે નિવૃત્ત થતા હોવાથી આપ્યું રાજીનામુ

નવી દિલ્હી

ભારતીય જનતા પક્ષના વરિષ્ઠ નેતા જ્યોર્જ કુરિયને મંગળવારે કેન્દ્રીય લઘુમતી બાબતો અને મત્સ્યોદ્યોગ રાજ્ય મંત્રી (MoS)ના પદ પરથી સત્તાવાર રીતે રાજીનામું આપી દીધું છે. તેમની ૬ વર્ષની રાજ્યસભાની મુદત પૂર્ણ થવાને કારણે તેમણે આ મંત્રી પદ છોડવું પડ્યું છે.

રાષ્ટ્રપતિ ભવન દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર નિવેદનમાં આ નિર્ણયની પુષ્ટિ કરવામાં આવી છે. રાષ્ટ્રપતિએ કુરિયનનું રાજીનામું સ્વીકારી લીધું છે. ૬૫ વર્ષીય જ્યોર્જ કુરિયન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની ત્રીજી કેન્દ્રીય કેબિનેટમાં ઓગસ્ટ ૨૦૨૪થી રાજ્ય મંત્રી (MoS) તરીકે સેવા આપી રહ્યા હતા. તેઓ ભાજપના વરિષ્ઠ નેતા છે, જેઓ વર્ષ ૧૯૮૦માં પક્ષની સ્થાપના થઈ ત્યારથી જ તેની સાથે જોડાયેલા છે. રાજકારણી હોવાની સાથે-સાથે તેઓ ભારતીય સર્વોચ્ચ અદાલતમાં વકીલ તરીકે પણ પ્રેક્ટિસ કરી ચૂક્યા છે.



બેલ્જિયન શોજમ્પર ઝો હેન્ક કોન્ટર, ચેમ્પ ડી માર્સ ખાતે ગ્લોબલ ચેમ્પિયન્સ ટૂર દરમિયાન, લોંગાઈન્સ પેરિસ એફિલ જમ્પિંગ ઈવેન્ટમાં ભાગ લે છે તે સમયની તસવીર.

# ભારતમાં ખાંડની અછત સર્જાય તેવી સ્થિતિ

## અલ નિનો અને ઈથેનોલ ફેક્ટરની સાથોસાથ ઓછો વરસાદ થતા શેરડીની ઉપજમાં ઘટાડો થવાની શક્યતા જોતા ખાંડની અછત સર્જાશે તેવો નિષ્ણાતોનો મત

નવી દિલ્હી

ભારત વિશ્વના અગ્રણી ખાંડ ઉત્પાદક દેશોમાં સ્થાન ધરાવે છે, પરંતુ આગામી વર્ષોમાં આ ચિત્ર બદલાઈ શકે છે. હવામાન નિષ્ણાતોના મતે, આ વર્ષે અલ-નીનોની અસરને કારણે સામાન્ય કરતાં ઓછો વરસાદ થવાની આશંકા છે. આ સિવાય સરકારના ઈથેનોલ બ્લૅન્ડિંગ પ્રોગ્રામ પર વધતા ફોકસને લીધે પણ શેરડીનો વપરાશ ઝડપથી વધી રહ્યો છે. બજારના નિષ્ણાતોનું કહેવું છે કે આ પરિસ્થિતિને જોતાં આગામી ઓછામાં ઓછા ૩ વર્ષ સુધી ભારત પાસે મોટા પાયે નિકાસ કરવા માટે વધારાની ખાંડ ઉપલબ્ધ નહીં રહે.

ભારતમાં શેરડીની ખેતીનો મોટો આધાર ચોમાસા પર રહેલો છે. હવામાન વિભાગના અંદાજ પ્રમાણે આ વર્ષે વરસાદ ઓછો રહી શકે છે અને જૂન મહિનામાં પણ દેશના ઘણા વિસ્તારોમાં ઓછી વર્ષા થઈ છે. પાણીની અછતની ભીતિને કારણે હવે કેટલાક ખેડૂતો શેરડીને બદલે સોયાબીન, તુવેર અને અન્ય ઓછું પાણી માગતા પાકો તરફ વળી રહ્યા છે. જો આ ટ્રેન્ડ ચાલુ રહેશે તો આગામી સીઝનમાં શેરડીના વાવેતર અને ઉત્પાદન બંને પર માઠી અસર પડી શકે છે.

ઉદ્યોગ જગતના આંકડા અનુસાર, ૨૦૨૫-૨૬ની સીઝનમાં ભારતનું ખાંડ ઉત્પાદન ઘટીને આશરે ૨.૭૯ કરોડ ટન રહેવાની ધારણા છે. તેની સામે દેશમાં દર વર્ષે ખાંડની ઘરઆંગણે વપરાશ લગભગ ૨.૮૫ કરોડ ટન જેટલી થાય છે. એટલે કે દેશમાં ખાંડની જરૂરિયાત તેના ઉત્પાદન કરતાં વધુ રહેશે. આ તફાવતને કારણે ખાંડ મિલો પાસે બચેલો સ્ટોક ઘટીને માત્ર ૩૫ લાખ ટન આસપાસ રહી જશે, જે છેલ્લા કેટલાક દાયકાઓનું સૌથી નીચું સ્તર હશે.

સરકાર ક્રૂડ ઓઈલના આયાત બિલને ઘટાડવા માટે પેટ્રોલિયમમાં ઈથેનોલનું પ્રમાણ વધારવા પર ખાસ ભાર મૂકી રહી છે. આ માટે શેરડી અને તેના બાય-પ્રોડક્ટ્સનો ઉપયોગ ઈથેનોલ બનાવવામાં મોટા પાયે થઈ રહ્યો છે. હાલમાં દેશમાં ઈથેનોલની માગ આશરે ૧૨થી ૧૩ અબજ લીટર છે, જે આગામી વર્ષોમાં વધીને ૩૦ અબજ લીટર સુધી પહોંચી શકે છે. આ સંજોગોમાં શેરડીનો એક બહુ મોટો હિસ્સો ખાંડ બનાવવાના બદલે ઈથેનોલ ઉત્પાદન તરફ ડાયવર્ટ થઈ જશે.

ભારત અગાઉ વૈશ્વિક ખાંડ બજારમાં ૧૦% હિસ્સો ધરાવતો વિશ્વનો બીજો સૌથી મોટો ખાંડ નિકાસકાર દેશ હતો અને ૨૦૨૨-૨૩ સુધીના ૫ વર્ષોમાં દર વર્ષે સરેરાશ ૬૮ લાખ ટન ખાંડ વિદેશોમાં વેચતો હતો. પરંતુ હવે સરકારની પ્રાથમિકતા દેશની સ્થાનિક સપ્લાય અને જરૂરિયાતો પૂરી કરવાની છે, જેથી આગામી સમયમાં નિકાસ પર કડક નિયંત્રણો ચાલુ રહેશે.નિષ્ણાતોના મતે, જો અલ-નીનોની અસર વધુ ઘાતક રહી, તો ભારતે વિદેશોમાંથી ખાંડ પણ આયાત કરવી પડી શકે છે.

# અમદાવાદમાં કાર ચાલકને આંચકી આવતા વાહનો અને રાહદારીઓને અડફેટે લીધા

## રખિયાલ વિસ્તારની ઘટનામાં એક યુવતીનું મોત : પોલીસે બનાવ અંગે તપાસ હાથ ધરી

અમદાવાદ

અમદાવાદમાં ફરી એકવાર ભયાનક અકસ્માતની સર્જાયો છે. જેમાં એક યુવતીનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું જ્યારે ૬ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ અકસ્માત રખિયાલ વિસ્તારના અજિત મિલ બ્રિજ નજીક સોમવારની રાત્રે થયો હતો. ગરીબનગર તરફ જતાં માર્ગ પર એક પૂરપાટ ઝડપે દોડી રહેલી કાર અચાનક બેકાબૂ બની જતાં અનેક વાહનો અને રાહદારીઓ તેની ઝપેટમાં આવી ગયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે ઘટનાસ્થળે મોટી સંખ્યામાં લોકો એકત્ર થઈ ગયા હતા. અકસ્માત સ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. લોકોના ટોળા એકત્ર થઇ ગયા હતા.

પ્રાથમિક તપાસમાં સામે આવેલી માહિતી મુજબ ઓઢવ વિસ્તારમાં રહેતા ૪૦ વર્ષીય મયંકકુમાર દીપકભાઈ પટેલ પોતાની સફેદ રંગની ટાટા હેરિયર કારમાં પરિવાર સાથે જઇ રહ્યા હતા. કારમાં તેમની પત્ની ડિમ્પલબેન અને દીકરો પણ હાજર હતા. રાત્રે આશરે ૯:૪૦ વાગ્યાના સમયે અજિત મિલ બ્રિજ પરથી નીચે ઉતરતી વખતે મયંકકુમારને અચાનક આંચકી (ખેંચ) આવતાં તેઓ વાહન પરનો કાબૂ ગુમાવી બેઠા હોવાનું સામે આવ્યું છે.

પૂરપાટ ઝડપે જઇ રહેલી કારે કાબૂ ગુમાવતા કાર સીધી ગરીબનગર ચાર રસ્તા તરફ ધસી ગઈ હતી. સૌપ્રથમ કાર એક ઓટોરિક્ષા સાથે જોરદાર અથડાઈ હતી. ત્યારબાદ રસ્તા પરથી પસાર થઈ રહેલા ત્રણ એક્ટિવા અને એક બાઈકને પણ કાર ચાલકે અડફેટે લીધા હતા. અકસ્માત બાદ પણ કારની ગતિ ઓછી ન થતાં તે નજીક આવેલી એક દુકાનમાં ઘૂસી ગઈ હતી. આ સમગ્ર ઘટનામાં એક એક્ટિવા સવાર યુવતીનું ઘટનાસ્થળે જ કરુણ મોત થયું હતું, જ્યારે ૬ જેટલા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ આખી ઘટના CCTVમાં કેદ થઇ ગઇ છે.

અકસ્માત બાદ સમગ્ર વિસ્તારમાં નાસભાગ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો મોટી સંખ્યામાં સ્થળ પર દોડી આવ્યા હતા. જોતજોતામાં ૫૦૦થી વધુ લોકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું. પરિસ્થિતિ તંગ બનતા સ્થાનિક ધારાસભ્ય દિનેશ કુશવાહ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને સ્થિતિની માહિતી મેળવી હતી.

ટ્રાફિક પોલીસ PI એચ. વી. ધંધુકિયાના જણાવ્યા અનુસાર, અકસ્માત સમયે કાર ચાલક પોતાની પત્ની અને દીકરા સાથે મુસાફરી કરી રહ્યા હતા. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ચાલકને અચાનક આંચકી (ખેંચ) આવતાં તેમણે વાહન પરનો કાબૂ ગુમાવી દીધો હતો. બ્રિજ પરથી નીચે ઉતરતી વખતે બેકાબૂ બનેલી કારે સૌપ્રથમ એક ઓટોરિક્ષાને ટક્કર મારી હતી. ત્યારબાદ ત્રણ એક્ટિવા અને એક બાઈકને પણ અડફેટે લીધી હતી. સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ મંત્રણામાં હકારાત્મક પ્રગતિથી ક્રૂડના ભાવમાં ઘટાડો

## વૈશ્વિક બજારોમાં વધારાના ક્રૂડ ઓઈલનો પુરવઠો શરૂ થવાની આશાથી કાચા તેલના ભાવ ઘટ્યા

નવી દિલ્હી

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના ભાવ, છેલ્લા આશરે એક અઠવાડિયાના સૌથી મોટા ઘટાડા પછી સ્થિર થતા જોવા મળ્યા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ વાટાઘાટોમાં પ્રગતિના સંકેતો મળ્યા છે. આનાથી વૈશ્વિક બજારોમાં વધારાના ક્રૂડ ઓઇલનો પુરવઠો ફરી શરૂ થવાની આશા વધી ગઈ છે, જેના કારણે ઓઇલના ભાવ પર દબાણ જોવા મળી રહ્યું છે.

છેલ્લા સત્રમાં ૩% કરતાં વધુનો ઘટાડો થયા પછી, બ્રેન્ટ ક્રૂડ પ્રતિ બેરલ ૭૮ ડોલરની નજીક વેપાર કરી રહ્યું છે, જ્યારે વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિએટ ૭૪ ડોલરની ઉપર બનેલું છે.

ક્રૂડ ઓઇલના ભાવમાં આ નરમાઈ અમેરિકા દ્વારા ઈરાન પર લાગેલા પ્રતિબંધોમાં ૬૦ દિવસની છૂટછાટ જાહેર કર્યા બાદ આવી છે. અમેરિકાએ સ્વિટ્ઝર્લેન્ડમાં બંને પક્ષો વચ્ચે થયેલી વાતચીતને સકારાત્મક ગણાવી છે અને ઈરાની ઓઇલ તેમજ પેટ્રોલિયમ ઉત્પાદનોના ચોક્કસ વેચાણ અને પરિવહનને અસ્થાયી રૂપે મંજૂરી આપી દીધી છે.

આ છૂટછાટ તેહરાન (ઈરાન) માટે એક ખૂબ જ જરૂરી આર્થિક જીવાદોરી સાબિત થઈ શકે છે અને આનાથી વૈશ્વિક ખરીદદારો સુધી વધુ પ્રમાણમાં ઈરાની ક્રૂડ ઓઇલ પહોંચવાનો રસ્તો ખુલી શકે છે.

આ પગલું અમેરિકન રિફાઇનરીઓ સહિત ખરીદદારોના એક મોટા વર્ગને ઈરાની ઓઇલ ખરીદવાની અને તેની ચુકવણી કરવાની મંજૂરી આપે છે.

જો કે, બજારના કેટલાક નિષ્ણાતો અને વેપારીઓ હજુ પણ સંભવિત ભૂ-રાજકીય જોખમોને ધ્યાનમાં રાખીને સાવચેતી વર્તી રહ્યા છે.

અમેરિકા અને ઈરાન બંને દેશોના અધિકારીઓએ પ્રથમ તબક્કાની વાતચીતને સકારાત્મક અને રચનાત્મક ગણાવી છે, જો કે કેટલાક મુદ્દાઓ પર હજુ પણ મતભેદો યથાવત છે.

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે દાવો કર્યો હતો કે ઈરાન આંતરરાષ્ટ્રીય પરમાણુ નિરીક્ષકોને પોતાના દેશમાં આવવાની મંજૂરી આપવા માટે સહમત થઈ ગયું છે, પરંતુ ઈરાને પાછળથી આ દાવાને નકારી કાઢ્યો હતો.

આવનારા દિવસોમાં બંને પક્ષો વચ્ચે વાતચીત ચાલુ રહેવાની આશા છે. હવે વાર્તાકારો ઈરાનના પરમાણુ કાર્યક્રમ, લેબનોનમાં ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે થયેલા યુદ્ધવિરામની સ્થિરતા, તેમજ હોર્મુઝ જળમાર્ગ દ્વારા સુરક્ષિત શિપિંગ માટે લાંબા ગાળાની સુરક્ષા વ્યવસ્થાઓ જેવા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા આગળ વધારશે.

# આધાર કાર્ડમાં ઈ મેઈલ આઈડી ઉમેરવા કે સુધારવા માટે હવે ચાર્જ ચૂકવવો નહીં પડે

## યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા ડિજિટલ ઈન્ડિયા કેમ્પેઈનને સ્પીડ અપ કરવા અને સુરક્ષા વધારવા માટે લેવાયો નિર્ણય

નવી દિલ્હી

દેશના કરોડો આધારકાર્ડ ધારકો માટે મહત્ત્વના સમાચાર સામે આવી રહ્યા છે. યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા ડિજિટલ ઈન્ડિયા કેમ્પેઈનને સ્પીડ અપ કરવા અને સુરક્ષા વધારવા માટે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી પહેલી જુલાઈ ૨૦૨૬થી આધારકાર્ડમાં ઈમેલ આઈડી ઉમેરવા કે સુધારવા માટે કોઈ પણ સર્વિસ ચાર્જ ચૂકવવો નહી પડે. આ સુવિધા નાગરિકો માટે સંપૂર્ણપણે મફત કરવામાં આવી છે.મળતી માહિતી અનુસાર અત્યાર સુધી આધાર કાર્ડમાં ઈમેલ આઈડી લિંક કરાવવા કે પછી ઈમેલ આઈડી બદલવા માટે આધારકાર્ડ ધારતોએ નક્કી કરાયેલી સર્વિસ ફી ચૂકવવી પડતી હતી. પરંતુ હવે પહેલી જુલાઈથી લાગુ થઈ રહેલાં નવા નિયમો અનુસાર, હવે સામાન્ય જનતા ઓનલાઈન પોર્ટલ તેમ જ માયઆધાર એપના માધ્યમથી કોઈ પણ ચાર્જ આપ્યા વગર ઘરે બેઠા જ પોતાનું ઈમેલ આઈડી અપડેટ કરી શકશે.

UIDAI આ સુવિધા મફત કરીને વધુમાં વધુ લોકોને આધાર સાથે ઈમેલ લિંક કરવા પ્રોત્સાહિત કરી રહ્યું છે, જેનાથી સુરક્ષાના અનેક ફાયદા મળશે જેમ કે-

ઈન્સ્ટન્ટ એલર્ટ અને ઓટીપી: તમારા આધાર કાર્ડનો ક્યાંય પણ ઉપયોગ થશે, તો મોબાઈલ નંબરની સાથે તરત જ ઈમેલ પર પણ વેરિફિકેશન ઓટીપી અને એલર્ટ આવી જશે.

ઓનલાઈન ફ્રોડ સામે રક્ષણ: જો કોઈ તમારી જાણ બહાર આધાર ડેટા સાથે છેડછાડ કરવાનો પ્રયાસ કરશે, તો ઈમેલ નોટિફિકેશન દ્વારા તમને તુરંત જાણ થઈ જશે.

વિદેશ પ્રવાસમાં સરળતા: જો તમે વિદેશમાં હોવ અને તમારો ભારતીય મોબાઈલ નંબર બંધ હોય, તો પણ તમે રજિસ્ટર્ડ ઈમેલ આઈડી પર ઓટીપી મેળવીને આધાર વેરિફિકેશનનું કામ સરળતાથી પતાવી શકશો. પહેલી લી જુલાઈથી અમલી બનનારો આ નવો નિયમ સામાન્ય નાગરિકોના પૈસા બચાવવાની સાથે-સાથે તેમના આધાર ડેટાને વધુ સુરક્ષિત બનાવવામાં મદદરૂપ સાબિત થશે.

# જૈશ-એ-મોહમ્મદના શંકાસ્પદ મહિલા સ્લીપર સેલની ધરપકડ; બબીતા ખાદીજાના વેશમાં હતી

જયપુર,

લશ્કરી ગુપ્તચર માહિતીના મજબૂત ઈનપુટના આધારે રાજસ્થાનમાં આતંકવાદ વિરોધી ટુકડીએ રાજધાની જયપુરમાં એક મોટું ઓપરેશન હાથ ધર્યું છે. સુરક્ષા એજન્સીઓએ પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલી એક મહિલા સ્લીપર સેલની અટકાયત કરી છે.

### સોશિયલ મીડિયા દ્વારા જૈશ-એ-મોહમ્મદના હેન્ડલર્સ સાથે સંપર્કમાં હતી

ધરપકડ કરાયેલી મહિલાની ઓળખ ગંગાપુરની રહેવાસી બબીતા ધાકડ તરીકે થઈ છે. તે હાલમાં જયપુરમાં રહેતી હતી.એવી માહિતી બહાર આવી છે કે બબીતાએ ઓનલાઈન કલમાનું પાઠ કરીને ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો હતો. ધર્મ પરિવર્તન પછી, તેણે પોતાનું નામ બદલીને ખાદીજા રાખ્યું હતું. બબીતા પાકિસ્તાન જવા માંગતી હતી. તે સોશિયલ મીડિયા દ્વારા જૈશ-એ-મોહમ્મદના હેન્ડલર્સ સાથે સંપર્કમાં હતી અને ઘણા પ્રતિબંધિત પાકિસ્તાની જૂથો સાથે સંપર્કમાં હતી. ધર્મ પરિવર્તન પછી તેનું મગજ ધોવાઈ ગયું હતું અને પછી વ્યૂહાત્મક માહિતી પ્રસારિત કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

આઘાતજનક રીતે, તે જૈશ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહરના સાળા ઉસ્તાદ ઘોરીના સંપર્કમાં હતી. હાલમાં, એજન્સીઓ આ બાબતની સંપૂર્ણ તપાસ કરી રહી છે.

ગુપ્ત માહિતી મળ્યા બાદ છ્જીએ રવિવારે તેણીની અટકાયત કરી હતી. કોર્ટમાં રજૂ કર્યા બાદ, તેણીને ૨૭ જૂન સુધી છ્જી કસ્ટડીમાં મોકલી દેવામાં આવી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, મહિલાની અટકાયત બાદ તેની સંપૂર્ણ પૂછપરછ કરવામાં આવ્યા બાદ, તેની પ્રવૃત્તિઓ શંકાસ્પદ હોવાનું જાણવા મળ્યું હતું. પ્રારંભિક તપાસમાં તેના મોબાઈલ ફોનમાંથી ઘણા ગુનાહિત પુરાવા બહાર આવ્યા હતા. તેની પાસેથી બે સિમ કાર્ડ અને એક ફેસબુક એકાઉન્ટ મળી આવ્યું હતું, જેમાં ગુનાહિત સામગ્રી અને વિદેશી પ્રોફાઈલ્સની લિંક્સ હતી.

CMYK CMYK

# વર્લ્ડ એથ્લેટિક્સ ડેલિગેશનની મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સાથે બેઠક

## ગુજરાતમાં પ્રસ્તાવિત વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પીયનશીપ-૨૦૩૧ માટેના સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અભ્યાસ-નિરીક્ષણ માટે વર્લ્ડ એથ્લેટીક્સ ડેલિગેશન ગુજરાત મૂલાકાતે

અમદાવાદ,તા.૨૨

એથ્લેટિક્સની આંતરરાષ્ટ્રીય સંચાલક સંસ્થા વર્લ્ડ એથ્લેટિક્સનું પાંચ સભ્યોનું ડેલિગેશન બીડ ઈવેલ્યુએશન પેનલના ચેરમેન શ્રી એંટી ફિલ્હાકોસ્કીના નેતૃત્વમાં ગુજરાતની મૂલાકાતે છે.

આગામી ૨૦૨૮માં વર્લ્ડ એથ્લેટિક્સ અંડર-૨૦ ચેમ્પીયનશીપ તથા વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પીયનશીપ ૨૦૩૧ની સંભવિત યજમાની ગુજરાત કરવાનું છે.

વર્લ્ડ એથ્લેટિક્સ ડેલિગેશન આ પ્રસ્તાવિત રમતોત્સવોના સંદર્ભમાં ગુજરાતનું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્યુ આનુષાંગિક સુવિધાઓના અભ્યાસ-નિરીક્ષણ માટે તા. ૨૨ અને ૨૩ જૂન એમ ૨ દિવસો માટે ગુજરાત આવ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સાથે ગાંધીનગરમાં મૂલાકાત બેઠકથી આ ડેલિગેશને ગુજરાત પ્રવાસનો પ્રારંભ કર્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ડેલિગેશનના સભ્યો સાથેની વાતચીતમાં વિશ્વાસ વ્યક્ત કર્યો કે, ગુજરાતના સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની નિરીક્ષણ-મૂલાકાતથી ડેલિગેશનને ગુજરાતની સજ્જતા અને સ્પોર્ટ્સ કલ્ચરની પ્રત્યક્ષ અનુભૂતિ થશે જ.

ગુજરાત સરકાર આ એથ્લેટિક્સ ચેમ્પીયનશીપ-૨૦૩૧ની યજમાની મેળે તે માટે આશાવાદી છે અને આ રમતોના સફળ આયોજનની તૈયારીઓ વેગવંતી બનાવી છે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

આ મૂલાકાત બેઠકની ચર્ચાઓ દરમિયાન નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યુ કે, ગુજરાત વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેઈમ્સ, કોમનવેલ્થ ગેઈમ્સ-૨૦૩૦ સહિત વર્લ્ડક્લાસ સ્પોર્ટ્સના આયોજન માટે સજ્જ છે અને આ હેતુસર વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્કલેવ, વિશ્વનું સૌથી મોટું સ્ટેડિયમ નરેન્દ્રમોદી સ્ટેડિયમ, કરાઈ એકેડમી જેવા સ્થળોએ આવી વિશ્વવ સ્તરીય રમતોના આયોજન માટેની સુવિધાઓ ઝડપભેર વિકસી રહી છે. આ મૂલાકાત બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ડાયરેક્ટર જનરલ શ્રી વાળા, શ્રી આદીલ સુમારીવાલા, વાઈસ પ્રેસીડન્ટ વર્લ્ડ એથ્લેટિક્સ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ચોમાસા પહેલા નર્મદા ડેમની સપાટી ૧૨૬.૭૯ મીટરે પહોંચી : ઉપરવાસમાંથી નવા પાણીની આવક

## નર્મદા ડેમના સીએચપીએચ પાવરહાઉસના ત્રણ યુનિટ ચાલુ કરવામાં આવ્યા



અમદાવાદ,

ગુજરાતમાં ભલે હજુ સત્તાવાર ચોમાસાની શરૂઆત થઈ નથી પરંતુ સરદાર સરોવર ડેમની સપાટીમાં વધારો થયો છે. ડેમના ઉપરવાસમાંથી પાણીની આવક વધી છે. મધ્યપ્રદેશના ઓમકારેશ્વર અને ઈન્દિરાસાગર ડેમના પાવર હાઉસ પણ ચાલુ કરવામાં આવ્યા છે. નર્મદા ડેમમાં ઉપરવાસમાંથી ૧૬૭૫૫ ક્યુસેક પાણીની આવક થઈ છે.

ગુજરાતની જીવાદોરી ગણાતા નર્મદા ડેમની સપાટીમાં વધારો થઈ રહ્યો છે. ઉપરવાસમાંથી પાણી છોડાતા નર્મદા ડેમની સપાટીમાં વધારો થયો છે. નર્મદા ડેમમાં હાલ પાણીની સપાટી ૧૨૬.૭૯ મીટર છે. નર્મદા ડેમના સીએચપીએચ પાવરહાઉસના ત્રણ યુનિટ ચાલુ કરવામાં આવ્યા છે. રાજયમાં સિંચાઈ અને પીવાના પાણી માટે મુખ્ય કેનાલમાં ૧૬૨૨૩ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. નર્મદા ડેમથી કેનાલ દ્વારા રાજયભરમાં ખેતી અને પીવા માટે પાણી પહોંચાડવામાં આવે છે. તેવામાં ચોમાસા પહેલા નર્મદા ડેમની સપાટીમાં વધારો થવો સારા સમાચાર છે. આજે પણ નર્મદા ડેમ ૫૭ ટકા ભરાયેલો છે. નર્મદા ડેમમાં કુલ ૩૩૨૪ MCM ક્યુસેક લાઈવ સ્ટોરેજ પાણી છે.

# અમદાવાદ પોલીસે ૭ વર્ષથી ફરાર રૌફ વલી ઉલ્લાહ હત્યાકાંડના આરોપીને ઝડપી પાડ્યો

અમદાવાદ,

શહેરના ઓઢવમાં આવેલા રાધીકા જીમખાનામાં વર્ષ ૧૯૯૨ અબ્દુલ લતીફ અને બુટલેગર હંસરાજ ત્રિવેદીની ગેંગ વચ્ચેની વોર અનુસંધાનમાં ફાયરીંગ કરવામાં આવ્યું હતું. જેમાં નવ શખ્સોની હત્યા થઈ હતી. આ કેસમાં લતીફ માટે કામ કરકા શુટર મોહમ્મદ તસ્લીમને કોર્ટ આજીવન કેસની સજા ફટકારી હતી. જે વર્ષ ૨૦૧૯માં પેરોલ જમ્પ કરીને ફરાર થઈ ગયો હતો. જેને ક્રાઈમબ્રાંચે રાજસ્થાનથી ઝડપી લીધો હતો. ૧૯૯૦ના દાયકામાં અમદાવાદમાં કુખ્યાત ગેંગસ્ટર અબ્દુલ લતીફ ગેંગનો આતંક હતો. જેમાં લતીફને તેના કટ્ટર હરીફ ગણાતા અન્ય ગેંગસ્ટર અને બુટલેગર હંસરાજ ત્રિવેદી સાથે સીધી જંગ ચાલતી હતી.જેમાં લતીફે બદલો લેવા માટે ૩જી ઓગસ્ટ ૧૯૯૨ના રોજ તેના માટે કામ કરતા શુટર મોહમ્મદ તસ્લીમ અને અન્ય સાથીદારોએ ઓઢવમાં આવેલા રાધીકા જીમખાના પર હુમલો કરાવીને એકે ૪૭થી અંધાધુંધ ફાયરીગ કરાવીને નવ લોકોની હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં મોહમ્મદ તસ્લીમને આજીવન કેદની સજા થઈ હતી. પરંતુ, વર્ષ ૨૦૧૯માં તે પેરોલ મેળવીને ફરાર થઈ ગયો હતો. ત્યારે સાત વર્ષથી ગુજરાત પોલીસ પાસે તેની કોઈ કડી નહોતી. બીજી તરફ અમદાવાદ ક્રાઈમબ્રાંચના પીઆઈ આઈ એન ઘાસુરાના સ્ક્વોડને ચોક્કસ બાતમી મળી હતી કે તસ્લીમ પોલીસથી બચવા માટે સતત તેની ઓળખ અને નામ બદલીને અલ અલગ રાજ્યોમાં ફરતો રહે છે. હાલ તે રાજસ્થાનમાં છે. જેના આધારે ટેકનીકલ સર્વલન્સના આધારે વોચ ગોઠવીને તેને ઝડપી લેવામાં આવ્યો હતો અને સાબરમતી જેલમાં મોકલવા માટે તજવીજ હાથ ધરવામાં આવી છે.

# ગરવી બ્રાન્ડ હેઠળ ૨૦ હજારથી વધુ ખેડૂતો સંગઠિત થઈ વૈશ્વિક બજારમાં નિકાસ કરવાનું આયોજન

## એક દાયકાની અવિરત મહેનત, સરકારનો સાથ અને રાજ્યપાલના માર્ગદર્શનથી રચાયું ૨૨,૫૦૦ હેક્ટરનું પ્રાકૃતિક સામ્રાજય

ગાંધીનગર,

ગુજરાતનું પાટનગર ગાંધીનગર હવે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વૈશ્વિક હબ તરીકે ઊભરી રહ્યું છે. રાજ્યમાં એક નવી હરિયાળી ક્રાંતિનો ઉદય થયો છે. જેનું ઉદાહરણ છે, પ્રગતિશીલ ખેડૂત હિતેશભાઈ વોરા અને કૃષિ સાહસિક માધવભાઈ જોષીના સંયુક્ત પ્રયાસોથી શરૂ કરાયેલી 'સુપર એફ.પી.ઓ.' (SPNF) ગુજરાત ગિલ્ડ ઓફ ફાર્મર્સ પ્રોડ્યુસર કંપની લિમિટેડ.

આ અંગે વાત કરતાં હિતેશભાઈ જણાવે છે કે આ વિરાટ ફેડરેશન હેઠળ ૨૨ મોટાં સંગઠનો એકત્રિત થયા છે, જેમાં અંદાજે ૨૦,૦૦૦થી વધુ પ્રાકૃતિક ખેડૂતો અને ૨૨,૫૦૦ હેક્ટર જેટલો વિશાળ વિસ્તાર સંકળાયેલો છે.

છેલ્લા એક દાયકાથી પ્રાકૃતિક ખેતી કરતા હિતેશભાઈ પોતાના ૯૦ એકર ફાર્મ પર 'પંચસ્તરીય બાગાયતી મોડેલ' સફળતાપૂર્વક ચલાવે છે. સુભાષ પાલેકરજીની પ્રાકૃતિક ખેતીથી પ્રેરિત આ પદ્ધતિ બીજામૃત, જીવામૃત, ઘનજીવામૃત, મલ્ચિંગ અને વાપ્સા જેવા પાંચ મજબૂત આયામો પર આધારિત છે, જે પ્રથમ વર્ષથી જ બમણું ઉત્પાદન આપે છે.

તેઓ કહે છે કે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન અને રાજ્ય સરકારના પ્રોત્સાહનથી આ ઝૂંબેશને વેગ મળ્યો છે. જેમાં દેશી ગાયના નિભાવ માટે દર મહિને ?૯૦૦, ઓર્ગેનિક સર્ટિફિકેશન માટે પ્રતિ હેક્ટર ?૫,૦૦૦ અને ફાર્મ પર મોલ-સ્ટોલ બનાવવા માટે દરેક એફ.પી.ઓ.ને ?૨ લાખની સહાય આપવામાં આવે છે.

આ સુપર એફ.પી.ઓ. દ્વારા 'ગરવી' બ્રાન્ડ લોન્ચ કરવામાં આવી છે, જેના હેઠળ ૧૩૦થી વધુ સર્ટિફાઇડ પ્રાકૃતિક પ્રોડક્ટ્સ અને વિશ્વપ્રસિદ્ધ કેસર કેરી બજારમાં મૂકવામાં આવી છે. વચેટિયા નાબૂદ કરવા આ સંસ્થા કેન્દ્ર સરકારના ONDC પ્લેટફોર્મ સાથે જોડાઈ છે.

તેઓ જણાવે છે કે કંપનીના ગાંધીનગરના કુડાસણ કેન્દ્ર પરથી ૩૫ પ્રકારના અનાજ, કઠોળ, મરી-મસાલા અને દૈનિક જરૂરિયાતની વસ્તુઓ ગ્રાહકો સુધી પહોંચાડાય છે. એટલું જ નહીં, ખેડૂતોના ટેકનિકલ માર્ગદર્શન અને પ્રશિક્ષણ માટે 'ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી' દ્વારા જિલ્લા મથકોએ ૪૦ અદ્યતન ટ્રેનિંગ સેન્ટરો સ્થાપવામાં આવ્યાં છે.

# અમદાવાદ: સનાથલની સીમમાં ચાલતા હાઈપ્રોફાઈલ જુગારધામ પર પોલીસના દરોડા

## પોલીસે દરોડા દરમિયાન કુલ ૧૫,૭૫,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યા : આઠ શખ્સ ફરાર

અમદાવાદ,

અમદાવાદ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે જુગારના કારોબાર સામે લાલ આંખ કરી છે. ચાંગોદર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા સનાથલ ગામની સીમમાં એક ખેતરમાં ચાલતા મોટા જુગારધામ પર ન્ઝમ્ની ટીમે મોડી રાત્રે માહિતીના આધારે દરોડો પાડ્યો હતો. જેમાં પોલીસે જુગાર રમતા ૫ શખસોને રંગેહાથ ઝડપી લીધા છે, જ્યારે અન્ય ૮ શખસો નાસી જવામાં સફળ રહ્યા હતા.

મળતી માહિતી અનુસાર, અમદાવાદ ગ્રામ્ય ન્ઝમ્ની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી, ત્યારે તેને બાતમી મળી હતી કે સનાથલ ગામની સીમમાં આવેલા એક ખેતરમાં મોટા પાયે જુગારધામ ચાલી રહ્યું છે. જેના આધારે પોલીસે ખેતરમાં દરોડા પાડ્યા હતા, જ્યાં પૈસાની હાર-જીતનો જુગાર રમી રહેલા કૌશીક પટેલ, દિગ્વીજયસિંહ ચૌહાણ, ચીંતન પટેલ, વિક્રમ ઠાકોર અને સિધ્ધરાજસિંહ ચૌહાણની ધરપકડ કરી હતી. આ ઉપરાંત મહાવિરસિંહ ઉર્ફે માવુ ચૌહાણ, ગોવિંદસિંહ પરમાર, જગદીશસિંહ ચૌહાણ, રોહીત પટેલ, નરેન્દ્ર ઉર્ફે ટીના ઠાકોર, અશ્વિન પરમાર, નીતેષ ઉર્ફે લાલા પ્રજાપતિ અને રસીક ઉર્ફે કાળુ ઠાકોર. ઘટનાસ્થળેથી નાસી જવામાં સફળ રહ્યા હતા. જેને વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરવામાં આવી છે.

# સુરતમાં ધાર્મિક વિધિના બહાને પરિણીતાને હોટલમાં લઈ જઈ ભુવાએ આચર્યું દુષ્કર્મ

## પરિણીતાની ફરિયાદના આધારે પોલીસે આરોપી ભુવાની ધરપકડ કરી



સુરત,

સુરત શહેરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં ધાર્મિક માન્યતા અને ઉપચારના બહાને એક પરિણીતા સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાનો આરોપ સામે આવ્યો છે. કતારગામ વિસ્તારમાં રહેતી પરિણીતાની ફરિયાદના આધારે પોલીસે આરોપી ભુવાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, આરોપી ભુવા ધાર્મિક વિધિઓ અને સમસ્યાઓના નિવારણના નામે લોકોનો વિશ્વાસ જીતતો હતો. ફરિયાદી મહિલાનો સંપર્ક પણ આ જ રીતે થયો હતો. મહિલાએ આરોપ મૂક્યો છે કે ભુવાએ ધાર્મિક ઉપચાર અને વિશેષ વિધિ કરાવવાના બહાને તેને હોટલમાં બોલાવી હતી. ત્યાં પહોંચ્યા બાદ મહિલાની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી ભાડાના મકાનમાં રહેતો હતો અને સોશિયલ મીડિયા પર વૈભવી જીવનશૈલી દર્શાવતી પોસ્ટ્સ મૂકીને લોકોમાં પોતાની અલગ છાપ ઊભી કરતો હતો. મોંઘી ગાડીઓ, ભવ્ય જીવન અને ધાર્મિક પ્રભાવ દર્શાવતી પોસ્ટ્સ દ્વારા લોકોનો વિશ્વાસ જીતવાનો પ્રયાસ કરતો હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે.

મહિલાની ફરિયાદ બાદ પોલીસે તાત્કાલિક ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે. હાલ પોલીસ દ્વારા ઘટનાના તમામ પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે. સાથે જ આરોપીએ અન્ય કોઈ મહિલાને પણ આ જ રીતે શિકાર બનાવી છે કે નહીં તે અંગે પણ માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે.

# સુરતમાં સ્પા અને હેર સલૂનની આડમાં દેવવ્યાપારનો કારોબાર: પોલીસે સાત મહિલાઓને મુક્ત કરાવી

## પોલીસે દરોડા પાડી મોબાઈલ ફોન અને રોકડ રકમ જપ્ત કરી

સુરત,

સુરતની સરથાણા પોલીસે દેહવ્યાપારના અડ્ડા પર મોટી કાર્યવાહી કરી છે. યોગી ચોક નજીક સ્પા અને હેર સલૂનની આડમાં દેવવ્યાપાર ચાલી રહ્યો હતો. પોલીસે ખાનગી બાતમી મળતા દરોડા પાડ્યા હતા. પોલીસના દરોડામાં દેવ વ્યાપાર ચાલી રહ્યો હોવાનું સામે આવ્યું હતું. શહેરમાં ચાલતા દૂષણને ડામવા માટે પોલીસે કાર્યવાહી કરી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર સરથાણા પોલીસને ખાનગી બાતમી મળી હતી કે યોગી ચોક નજીક સ્પા અને હેર સલૂનમાં દેહવ્યાપાર ચાલી રહ્યો છે. પોલીસે ત્યાં દરોડો પાડ્યા હતા. ક્લાસિક હેર એન્ડ કેર અને વેલકમ સ્પા પર પોલીસે તપાસ હાથ ધરી હતી. દુકાન માલિક વિનોદ શર્માની અટકાયત કરવામાં આવી છે. સંચાલક શબાના મંડલને પણ પોલીસે કસ્ટડીમાં લીધી છે. સ્થળ પર એક ગ્રાહક પણ ઝડપાયો હતો.

પોલીસે દરોડા પાડી દેહવ્યાપાર માટે રાખવામાં આવેલી ૭ મહિલાઓને મુક્ત કરાવી હતી. મહિલાઓ પાસેથી દેહવ્યાપાર કરાવવામાં આવી રહ્યો હતો. ગ્રાહકો પાસેથી રૂપિયા લઈ સ્પાની આડમાં મહિલાઓ પૂરી પાડવામાં આવતી હતી. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ દ્વારા દરોડા પાડી મોબાઈલ ફોન અને રોકડ રકમ જપ્ત રવામાં આવી છે. આ સિવાય કોન્ડોમ સહિત અન્ય પુરાવા એકત્ર કરવામાં આવ્યા છે.

# રીક્ષા ભાડામાં તોતિંગ ૨૫% વધારો મંજૂર : હવે મિનિમમ ભાડું રૂ. ૨૫

## સ્થાનિક સ્તરે મુસાફરી કરતા સામાન્ય નાગરિકોના ખિસ્સા પર વધુ એક બોજો ઝીકાયો

ગાંધીનગર/અમદાવાદ,

CNGના આસમાને પહોંચેલા ભાવો વચ્ચે રિક્ષા ચાલકો માટે રાહતના અને જનતા માટે માઠા સમાચાર આવ્યા છે. અમદાવાદ રિક્ષા ચાલક એસોસિયેશન અને ટ્રાન્સપોર્ટ કમિશનર કચેરી વચ્ચે ગાંધીનગરમાં યોજાયેલી મહત્વપૂર્ણ બેઠકમાં ભાડા વધારાને સત્તાવાર લીલી ઝંડી આપી દેવામાં આવી છે.

નવા મંજૂર કરાયેલા દરો મુજબ, રિક્ષાના ભાડા માળખામાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. હવે હવે રિક્ષામાં બેસતાની સાથે જ મુસાફરોએ મિનિમમ ભાડું રૂ. ૨૫ ચૂકવવું પડશે. અગાઉ રનિંગ ભાડું રૂ. ૧૫ હતું, જેમાં રૂ. ૫ નો તોતિંગ વધારો કરીને હવે રૂ. ૨૦ નક્કી કરવામાં આવ્યું છે.

સરકાર દ્વારા રિક્ષા ભાડાના નવા દરોને લીલીઝંડી અપાતા જ હવે રિક્ષાચાલકો સત્તાવાર રીતે નવું ભાડું વસૂલી શકશે. જોકે, બીજી તરફ શાકભાજી અને અન્ય જીવનજરૂરી ચીજવસ્તુઓની મોંઘવારી વચ્ચે રિક્ષા ભાડાનો આ તોતિંગ વધારો સામાન્ય જનતાના માસિક બજેટને વધુ ખોરવશે તેમાં કોઈ બેમત નથી.

ગાંધીનગર વાહન વ્યવહાર કમિશનર કચેરી ખાતે યોજાયેલી આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં ટ્રાન્સપોર્ટ કમિશનર, અમદાવાદ RTOના અધિકારીઓ, અમદાવાદ રિક્ષા ચાલક વેલફેર એસોસિયેશન તેમજ સ્માર્ટ સિટી ડ્રાઈવર યુનિયનના હોદ્દેદારો અને વિષય નિષ્ણાંતો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં તમામ પક્ષો વચ્ચે ચાલેલી ચર્ચા બાદ સર્વસંમતિથી નવું ભાડું લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. યુનિયનની બે મુખ્ય માંગણીઓમાંથી તંત્રએ એક મહત્વની માંગ સ્વીકારીને આદેશ જાહેર કર્યો છે.

# અમદાવાદમાં જગન્નાથ મંદિર ખાતે રથયાત્રાની તડામાર તૈયારીઓ : રથનું રંગરોગાન શરૂ થયું

## રથ ઉપર કરવામાં આવેલ કલરનું ધાર્મિક રીતે પણ અલગ-અલગ મહત્વ



અમદાવાદ,

ભગવાન જગન્નાથની રથયાત્રાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે, ત્યારે જગન્નાથ મંદિર ખાતે રથયાત્રાની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે, તેના અનુસંધાને રથયાત્રાના રથને કલર કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. દર વર્ષે ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલભદ્ર માટે ત્રણ અલગ-અલગ રથ નવા બનાવવામાં આવે છે. આ ત્રણેય રથને કારીગરો કુદરતી રંગોથી રંગી રહ્યા છે.

કલર કામ કરનારા કારીગર જયકિશને જણાવ્યું હતું કે, રથયાત્રાની તૈયારીઓ ચાલુ થઈ ગઈ છે, બે માસ પહેલાથી રથયાત્રાને લઈને કામગીરી પૂરજોશમાં શરૂ થઈ જાય છે. રથને કલર કરવાનું કામ એક મહિના પહેલા શરૂ થાય છે. દર વર્ષે રથનું કલર કામ કરવામાં આવે છે, અને જ્યારે રથયાત્રા નીકળે છે, ત્યારે જનમેદની બહુ જ વધારે હોય છે. એ સમયે રથને ડેમેજ થાય છે. જેના લીધે દર વર્ષે તેને સુધારવામાં આવે છે, અને રથનું રંગરોગાન કરવામાં આવે છે. રથના પૈડા ઘસાઈ ગયા હોય તો નવા પૈડા બનાવવામાં આવે છે. આ વર્ષે પણ નવા પૈડા બનાવવામાં આવ્યા છે. અત્યારે ૧૫-૨૦ દિવસથી અમે કામ કરી રહ્યા છે અને હજી દસ પંદર દિવસ સુધી કલર કામ ચાલશે.

જયકિશને વધુમાં જણાવ્યું હતું કે, રથ ઉપર જે કલર કરવામાં આવ્યું છે, તેનું ધાર્મિક રીતે અલગ અલગ મહત્વ હોય છે. જેમકે જગન્નાથજીના રથને પીળા કલર થી રંગવામાં આવે છે.જે સૂર્યનું પ્રતિક ગણાય છે.

# નિરમા યુનિવર્સિટીના એક વિદ્યાર્થીને લિંક્ડઈન તરફથી વાર્ષિક રૂ.૯૪ લાખનું પેકેજ મળ્યું

## આ પેકેજ યુનિવર્સિટીના ઈતિહાસમાં સૌથી મોટું પેકેજ હોવાનો મત

અમદાવાદ,

વિશ્વભરની ટેક કંપનીઓમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિન્જસના કારણે થઈ રહેલી છટણી અને અનિશ્ચિતતાના માહોલ વચ્ચે ગુજરાતની એન્જિનિયરિંગ કોલેજોના વિદ્યાર્થીઓએ પ્લેસમેન્ટમાં નવા રેકોર્ડ સર્જ્યા છે. નિરમા યુનિવર્સિટીના એક વિદ્યાર્થીને લિંક્ડઈન તરફથી વાર્ષિક રૂ. ૯૪ લાખનું પેકેજ મળ્યું છે, જે યુનિવર્સિટીના ઈતિહાસમાં સૌથી મોટું પેકેજ અને રાજ્યમાં આ વર્ષની ટોચની ઓફર્સમાંની એક ગણાય છે. અગાઉ નિરમામાં સૌથી મોટું પેકેજ રૂ. ૮૮ લાખ (૨૦૨૨) હતું.

નિરમા યુનિવર્સિટીના ટેક્નોલોજી અને એન્જિનિયરિંગ ફેકલ્ટીના ડીન ડો.આર.એન.પટેલે જણાવ્યું કે, છેલ્લાં ૨ વર્ષની સરખામણીએ મીડિયન સેલરીમાં ૧૫થી ૨૫ ટકા વધારો નોંધાયો છે અને અનેક વિદ્યાર્થીઓને રૂ. ૫૦ લાખથી વધુનાં પેકેજ મળ્યાં છે. ગૂગલ, માઈક્રોસોફ્ટ સહિતની અગ્રણી કંપનીઓએ ભરતી પ્રક્રિયામાં ભાગ લીધો હતો.ધીરુભાઈ અંબાણી યુનિવર્સિટીમાં આ વર્ષે સૌથી મોટું પેકેજ રૂ. ૫૭ લાખ રહ્યું છે, જ્યારે મીડિયન પગાર આશરે રૂ. ૧૫ લાખ પર સ્થિર રહ્યો છે. અહીં ૧૬૫ કંપનીઓએ કેમ્પસ ભરતીમાં ભાગ લીધો હતો.

વડોદરાની પારુલ યુનિવર્સિટીમાં અમેરિકાની સર્વિસ નાઉ કંપનીએ રૂ. ૪૩ લાખનું સર્વોચ્ચ પેકેજ ઓફર કર્યું છે. માઈક્રોસોફ્ટ, HCL, TCS, Cognizant, IBM અને L&T Tech જેવી કંપનીઓ પણ ભરતી માટે પહોંચી હતી. અહીં મીડિયન પેકેજ રૂ. ૪.૫ લાખ રહ્યું, જ્યારે કુલ ૪૭૦ કંપનીઓએ ભાગ લીધો હતો.

જીફદ્ધૈં સુરતમાં અત્યાર સુધી ૨૩૦ કંપનીઓ પ્લેસમેન્ટ માટે જોડાઈ ચૂકી છે. ઝઈજીના એક વિદ્યાર્થીને રૂ. ૬૨ લાખનું સર્વોચ્ચ પેકેજ મળ્યું છે. વિભાગનો મીડિયન પગાર રૂ. ૧૫.૨ લાખથી વધીને રૂ. ૧૬.૨ લાખ થયો છે.

આણંદની ચારુસેટ યુનિવર્સિટીમાં એમેઝોન દ્વારા રૂ. ૪૬.૩૮ લાખનું ટોચનું પેકેજ આપવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્ર આસપાસ

# રૂપિયા ૧૫.૨૬ કરોડના ખર્ચે અમરેલીને મળી જિલ્લા કક્ષાની અત્યાધુનિક લાઈબ્રેરીની ભેટ

## કૌશિક વેકરિયાના પ્રયાસોથી મેડીકલ કોલેજની સામે જિલ્લા કક્ષાના પુસ્તકાલયનું નિર્માણ શરૂ થશે



(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલીઃ

અમરેલી જિલ્લાના વિદ્યાર્થીઓ, યુવાનો, સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારો, સંશોધકો અને વાંચનપ્રેમી નાગરિકો માટે અત્યંત ગૌરવ અને આનંદના સમાચાર છે. અમરેલી ખાતે આશરે ૫હજાર ચો.મી. વિસ્તારમાં રૂપિયા ૧૫.૨૬ કરોડના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ નવા સરકારી જિલ્લા પુસ્તકાલને ગત તા.૨૦ ના રોજ વર્કઓર્ડર આપવામા આવેલ છે. જેથી હવે બિલ્ડિંગ નિર્માણનુ કામ શરૂ થશે.

અમરેલીમાં હાલની નાગનાથ મંદીર પાસે કાર્યરત જિલ્લા પુસ્તકાલયમાં જગ્યાની સંકડાશ છે. તથા પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ નથી. આ વિસ્તારના લોકો લાંબા સમયથી આધુનિક પુસ્તકાલયની જરૂરિયાત અનુભવતા હતા. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે જરૂરી સંદર્ભ ગ્રંથો, ડિજિટલ સંસાધનો અને અભ્યાસ માટેનું અનુકૂળ વાતાવરણ એક જ સ્થળે ઉપલબ્ધ થાય તેવી લોકલાગણી હતી.

આ લોકલાગણીને વાચા આપતા ઉર્જા મંત્રી કૌશિક વેકરીયાએ અમરેલીને એક સ્ટેટ ઓફ ધી આર્ટ, એ/સી પુસ્તકાલય મળે, અને દિવ્યાંગો, મહિલા, વરિષ્ઠ નાગરિકો, અને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતા યુવાનો એમ તમામ વર્ગોને પુરતી સુવિધાઓ મળે, એ વિઝન સાથે સરકારમાં સતત રજૂઆતો કરી, સરકારના બજેટમાં નવી લાઈબ્રેરી મંજૂર કરાવી, જમીન ઉપલબ્ધ કરાવી, અને ગત તા.૨૦ના રોજ આ બિલ્ડિંગના નિર્માણકાર્ય માટે સરકારમાંથી હુકમ થયો છે.

અમરેલીના ધારાસભ્ય અને રાજ્ય સરકારના રાજ્ય મંત્રી વેકરિયાના દુરંદેશી નેતૃત્વ, સતત પ્રયત્નો અને શિક્ષણ તથા યુવા વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાના પરિણામે આ મહત્વાકાંક્ષી પ્રકલ્પને સાકાર સ્વરૂપ મળવા જઈ રહ્યું છે. હાલ જુની લાઈબ્રેરીને મહિલા ગ્રંથાલય તરીકે વિકસાવવાનું નક્કિ કરેલ છે. અમરેલીની મેડિકલ કોલેજની સામે અમરેલીની મધ્યમાં ૫૦૦૦ ચો.મી. જેટલા વિશાળ વિસ્તારમાં આ આધુનીક પુસ્તકાલય આકાર પામવા જઈ રહ્યુ છે. આ પુસ્તકાલયની સુવિધાઓની વાત કરીએ તો કુલ ત્રણ માળ હશે. જેમાં સ્ટેક રૂમ, કોન્ફરન્સ/સીનીયર સીટીઝન રૂમ, મહિલા વાંચન રૂમ, વરિષ્ઠ નાગરીક રૂમ, સ્ટોર રૂમ, પુરુષ-સ્ત્રી અને વિકલાંગ શૌચાલય અને લિફ્ટ, જનરલ રીડીંગ રૂમ, અને ડીઝિટલ લેબ અને બહેતુક હોલ હશે. આમ કુલ ૬૪૦થી વધુ લોકોની ક્ષમતા સાથોસાથ ૫૦,૦૦૦ થી વધુ પુસ્તકો રખવાની ક્ષમતા અને ડિઝિટલ અને કોમ્પ્યુટરથી સજ્જ એક આધુનિક લાઈબ્રેરી બની રહેશે.

અમરેલીનું "પુસ્તકાલય માત્ર પુસ્તકોનો સંગ્રહ નથી, પરંતુ સમાજના ભવિષ્યનું ઘડતર કરતું જ્ઞાનમંદિર છે. અમરેલીનો કોઈપણ વિદ્યાર્થી માત્ર સંસાધનોના અભાવે પોતાના સપનાઓ થી વંચિત ન રહે, તે માટે રાજ્ય સરકાર સતત પ્રતિબદ્ધ છે. આ આધુનિક જિલ્લા પુસ્તકાલય હજારો યુવાનોને જ્ઞાન, માર્ગદર્શન અને આત્મવિશ્વાસ આપશે. શિક્ષણ અને જ્ઞાનમાં થયેલું રોકાણ જ સમાજના દીર્ઘકાલીન વિકાસનું સૌથી મજબૂત સાધન છે."

# અમરેલી ગ્રામ્ય વિસ્તારોમાં ઘન કચરાના યોગ્ય નિકાલ માટે ઈ-રિક્ષા વાહનોનું લોકાર્પણ

અમરેલીઃ

'સ્વચ્છતા હી સેવા' અભિયાન હેઠળ સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત અમરેલી જિલ્લામાં પર્યાવરણ અનુકૂળ અને આધુનિક કચરા સંગ્રહ વ્યવસ્થાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આયોજિત વિશેષ કાર્યક્રમમાં રાજ્યના ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા સહિતના મહાનુભાવોના હસ્તે લીલી ઝંડી આપીને ઘન કચરાના વ્યવસ્થાપન માટે ઈ-રિક્ષા વાહનોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રકલ્પ અંતર્ગત જિલ્લાના વિવિધ મહત્વના તાલુકાઓના ગ્રામીણ વિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે, જેમાં આ વાહન વ્યવસ્થા કાર્યરત બનશે. અમરેલી, કુંકાવાવ, ખાંભા, લીલીયા, રાજુલા અને સાવરકુંડલા તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં કચરાનું યોગ્ય વ્યવસ્થાપન થશે. આ સુવિધા શરૂ થવાથી અમરેલી જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં ગંદકીના પ્રશ્નો હલ થશે અને રોગચાળો



અટકાવવામાં મોટી મદદ મળશે.

આ નવીન વ્યવસ્થા થકી ગ્રામીણ સ્તરે કચરો એકત્ર કરવાની કામગીરી વધુ ઝડપી, વૈજ્ઞાનિક અને સુવ્યવસ્થિત બનશે. ઈ-રિક્ષા વાહનો સાંકડી ગલીઓ અને ગ્રામીણ વિસ્તારોમાં સરળતાથી ફરી શકશે, જેથી ઘરે-ઘરેથી ઘન કચરો એકઠો કરવાનું સરળ બનશે. એકત્રિત કરાયેલા કચરાને નિયત કરાયેલા સેગ્રિગેશન શેડ અથવા પ્રોસેસિંગ પ્લાન્ટ સુધી પહોંચાડી તેનું ખાતર અથવા અન્ય સ્વરૂપે રિસાયકલિંગ કરી યોગ્ય નિકાલ કરવામાં આવશે. આ વાહનો સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક (બેટરી ઓપરેટેડ) હોવાથી ગામડાઓમાં પ્રદૂષણ ફેલાશે નહી અને ઈંધણની પણ બચત થશે.

ઈ-રિક્ષા લોકાર્પણ પ્રસંગે રાજયમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, સ્વચ્છતા એ માત્ર સરકારી યોજના નથી, પરંતુ એક સામૂહિક જવાબદારી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છ ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે આ ડિજિટલ અને ગ્રીન ટેકનોલોજી આધારિત વાહનો ગામડાઓની કાયાપલટ કરશે.

# વડાપ્રધાનની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં સમગ્ર દેશમાં પી.એમ. - કિસાન ઉત્સવ દિવસની ઉજવણી

## અમરેલી જિલ્લામાં ૧.૯૦ લાખથી વધુ ખેડૂતોના ખાતામાં પી.એમ.- કિસાનના ૨૩મા હપ્તા પેટે રૂ. ૩૮.૧૯ કરોડથી વધુ સહાય જમા

અમરેલીઃ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ગરીમામય વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાના તારકેશ્વર ખાતેથી સમગ્ર દેશમાં પી.એમ.-કિસાન ઉત્સવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે વડાપ્રધાનશ્રીએ ડાયરેક્ટ બેન્ક ટ્રાન્સફર મારફતે પી.એમ.-કિસાન સન્માનનિધિ યોજનાના ૨૩મા હપ્તા પેટે દેશના ૯.૪૪ કરોડથી વધુ ખેડૂત પરિવારોના ખાતામાં રૂ. ૧૮,૮૮૦ કરોડથી વધુ રકમ જમા કરાવી હતી.

આ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કૃષિમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી તથા કૃષિરાજ્યમંત્રીશ્રી રમેશભાઈ કટારા ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત રાજ્યના ૫૧.૨૮ લાખથી વધુ ખેડૂતોના ખાતામાં રૂ. ૧,૦૨૫ કરોડથી વધુ રકમ જમા કરવામાં આવી હતી.

અમરેલી ખાતે કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગમાં ઊર્જા અને કાયદો



રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાના પી.એમ.- કિસાન ઉત્સવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં અમરેલી જિલ્લાના પી.એમ.-કિસાન સન્માનનિધિ યોજનાના ૨૩મા હપ્તા પેટે ૧,૯૦,૯૬૧ ખેડુતોના બેન્ક ખાતામાં એકંદરે રૂ. ૩૮.૧૯ કરોડથી વધુ રકમની સહાય જમા કરવામાં આવી હતી. જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં અમરેલી જિલ્લાના ખેડૂતોને પી.એમ, કિસાન સન્માનનિધીની સહાયતાના રૂ. ૨૮.૧૯ કરોડ સહિત વિવિધ કૃષિલક્ષી યોજનાઓ અંતર્ગત કુલ રૂ. ૮૯.૧૯ કરોડની સહાયનું પ્રતિકાત્મક લાભ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સહાયતામાં ખેતીવાડી વિભાગ દ્વારા એજીઆર-૫૦ યોજના અંતર્ગત ટ્રેક્ટર ઘટકમાં ૩,૫૦૦ લાભાર્થીઓને રૂ. ૩૫ કરોડની સહાયની પૂર્વમંજૂરીનું પ્રતિકાત્મક વિતરણ કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી પાક સ્ટ્રક્ચર યોજના અંતર્ગત ૫૧૦ લાભાર્થીઓને આશરે રૂ. ૫ કરોડની પૂર્વમંજૂરીઓનું પ્રતિકાત્મક વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ખેડૂતોને વિનામૂલ્યે મગફળી અને સોયાબીનના પ્રમાણિત બિયારણના વિતરણ માટે અંદાજિત ૫,૧૦૦ લાભાર્થીઓને મંજૂર થયેલ રૂ. ૪ કરોડના બિયારણમાંથી પ્રતિકાત્મક વિતરણ કરવામાં આવ્યું હતું.

# કુંકાવાવ તાલુકાના જંગર અને અમરેલીના ચિતલ મુકામે જનકલ્યાણ શિબિર-૨૦૨૬નું સફળ આયોજન

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જનકલ્યાણકારી અભિગમ થકી છેવાડાના નાગરિકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યુંઃ ઊર્જા રાજ્યમંત્રી

અમરેલીઃ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના શુભ અવસરે જિલ્લા અને વિવિધ તાલુકા વહીવટી તંત્ર દ્વારા જનકલ્યાણલક્ષી કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે.

આ કડીના ભાગરૂપે આજરોજ કુંકાવાવ તાલુકાના જંગર અને અમરેલી તાલુકાના ચિતલ મુકામે જનકલ્યાણ શિબિર-૨૦૨૬નું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. ગ્રામ પંચાયતો દ્વારા આયોજિત આ શિબિરમાં કેન્દ્ર સરકારની વિવિધ જનકલ્યાણલક્ષી સરકારી યોજનાઓની માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. સાથે ગંગાસ્વરૂપા આર્થિક સહાય, ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ સહાય, એન.એફ.એસ.એ યોજના સહિતના લાભાર્થીઓને લાભનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી જન આરોગ્ય - આયુષ્માન ભારત યોજના થકી સામાન્ય નાગરિકને આરોગ્ય વીમા કવચ મળ્યું છે. આર્થિક સંકડામણનો સામનો કરતા સામાન્ય નાગરિકો હવે અદ્યતન હોસ્પિટલમાં સારવાર મેળવી શકે છે.

રાજ્ય સરકારના ઊર્જા





રાજયમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જનકલ્યાણકારી અભિગમ થકી છેવાડાના નાગરિકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે. લોકોની સુખાકારીના અભિગમ સાથે કાર્યરત કેન્દ્ર અને રાજ્ય સરકાર અનેકવિધ જનકલ્યાણલક્ષી પ્રકલ્પો અને યોજનાઓ અમલી બનાવે છે. જેનો સીધો જ લાભ છેવાડાના લાભાર્થી સુધી પહોંચી રહ્યો છે. મંત્રીશ્રીએ દરેક પરિવારને કુલ ૦૫ વૃક્ષનું વાવેતર કરીને તેનું જીવનભર જતન કરવા આહ્વાન કરતા ઉમેર્યું કે, અમરેલી વિધાનસભા વિસ્તારમાં કુલ ૨૫ ગામ ખાતે ૧-૧ હજાર મળીને કુલ ૫૧ હજાર વૃક્ષના વાવેતરનો સંકલ્પ સિદ્ધ થવા જઈ રહ્યો છે. આ સંકલ્પમાં જનજન ભાગીદાર બનીને પોતાનું યોગદાન આપે તે જરૂરી છે.

સામાન્ય નાગરિકોને ઘર આંગણે સરકારી સેવાઓનો લાભ, જનકલ્યાણલક્ષી યોજનાઓનો લાભ મળે તે માટે સરકાર દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. સ્થાનિક વહીવટી તંત્રાથી લઈને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અંતિમ લાભાર્થી સુધીની પહોંચ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.

જંગર અને ચિતલ મુકામે જનકલ્યાણ શિબિરમાં જિલ્લા અને તાલુકા પંચાયત હોદ્દેદારો, પ્રાંત અધિકારી શ્રી મહેશ નાકીયા અને શ્રી નંદા, કુંકાવાવ અને અમરેલી તાલુકા મામલતદારશ્રી અને તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, સ્થાનિક પદાધિકારીશ્રીઓ, તલાટી મંત્રી સહિત બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર અન્વયે તા. ૩૧ જુલાઈ સુધીમાં અરજી કરવી

અમરેલીઃ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કારએ ભારત સરકાર દ્વારા આપવામાં આવતો એક રાષ્ટ્રીયકક્ષાનો પ્રતિષ્ઠિત પુરસ્કાર છે. જે કુલ ૬ કેટેગરીમાં (બહાદુરી, સમાજસેવા, રમત, પર્યાવરણ, કલા અનેસાહિત્ય, વિજ્ઞાન અને ટેક્નોલોજી) અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી હોય અને અદભૂત યોગદાન આપેલ હોય તેવા ૧૮ વર્ષથી નીચેની ઉંમરના બાળકો (૩૧.૦૭.૨૦૨૬ની સ્થિતિએ) આ એવોર્ડ મેળવવા માટે ભલામણ થવા માટે પાત્રતા ધરાવે છે.આ અરજી બાળકો પોતે પણ કરી શકે છે અને સરકારી કચેરી (જિલ્લા વહીવટી તંત્ર) પણ બાળક વતી અરજી કરી શકે છે. અરજી માત્ર ઓનલાઈન માધ્યમથી જ કરી શકાય છે, અરજી કરવા માટે પોર્ટલ https://awards.gov.in નો ઉપયોગ કરવો. અરજી કરવાની આખરી તા. ૩૧.૦૭.૨૦૨૬ છે તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# શાખપુર ગામે પી.આઈ.ની અધ્યક્ષતામાં ચેતતા નર સદા સુખીના સંદેશ સાથે અવેરનેસ શિબિર યોજાઇ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલીઃ

દામનગર ના શાખપુર ગામે ચેતતા નર સદા સુખી ના સંદેશ સાથે અવેરનેસ શિબિર દામનગર પોલીસ સ્ટેશન પીઆઇ જાડેજા ની અધ્યક્ષતામાં ખેડૂત અને ખેત મજૂરોના રજીસ્ટ્રેશન કરી ગ્રામજનોને પોલીસ ની કામગીરી થી વાકેફ કરાયા આવનારા સમયની અંદર ચોરીના તેમજ અન્ય બનાવો ન બને તે માટે દરેક ગ્રામજનોને આગેવાનોને જાગૃત રહી પોલીસ કામગીરીમાં મદદ કરવા જણાવ્યું આ પ્રસંગે દામનગર પોલીસ સ્ટેશનના પીઆઈ એન.જી. જાડેજા સાહેબ તેમજ હેડ કોસ્ટેબલ વિજયભાઈ ડાભી કોન્સ્ટેબલ પ્રકાશભાઈ ધાંધલીયા તેમજ કોસ્ટેબલ તુષારભાઈ પંડ્યા સરપંચ શ્રી જશુભાઈ ખુમાણ તથા માજી સરપંચ લખમણભાઈ બલર તેમજ લાલજીભાઈ કસોટીયા ઉપસરપંચ શ્રી નજીરભાઈ મલેક પ્રાગજીભાઈ બલર જયસુખભાઈ નાગજીભાઈ બલર જયસુખભાઈ માવજીભાઈ બલર તેમજ મુકેશભાઈ કથીરિયા અને રામજીભાઈ બલર તેમજ શાખપુરના બહોળી સંખ્યામાં ખેડૂતો અને મજૂરો હાજર રહ્યા હતા આ કાર્યક્રમની આભાર વિધિ પોતાની આગવી શૈલીમાં શાખપુર સરપંચ



શ્રી જસુભાઈ ખુમાણ દ્વારા કરવામાં આવી હતી


ઓનલાઈન જાહેર નિવિદા નં.૫ સને.૨૦૨૬-૨૭

પંચાયત માર્ગ અને મકાન વિભાગ જિ.પં. અમરેલી

કાર્યપાલક ઇજનેરશ્રી પંચાયત મા.મ. વિભાગ, અમરેલી. (ફોન.નં.૦૨૭૯૨ ૨૨૨૧૧૨) દ્વારા ગુજરાત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ તરફથી યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી સરકારશ્રીની MMGSY/SCSP/Buj,Suvidhapath નાં પેકેજ-૫૨, કામો-૭૨, અંદાજીત રકમ રૂ.૧૧૩૧.૮૦ લાખ ના કામો માટે ઈ-ટેન્ડર દ્વારા ભાવો માંગવામાં આવે છે. જેની વિગત નીચે મુજબ છે તેમજ વિગતવાર માહિતી આ કચેરીનાં નોટીસ બોર્ડ તેમજ,www.tender.nprocure.com, તથા www.statetenders.gujarat.gov.in ઉપરથી જોવા મળશે. (૧) ઓનલાઈન ટેન્ડર રજુ કરવાની છેલ્લી તા.૦૨/૦૭/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી (૨) અર્નેસ્ટમની ડીપોઝીટ રજુ કરવાની તા.૦૩/૦૭/૨૬ થી તા.૧૦/૦૭/૨૬ (૩) ટેન્ડર ખોલવાની તા.૦૩/૦૭/૨૬ ૧૧.૦૦ કલાકે

કાર્યપાલક ઇજનેર

માહિતી/અમર/ ૧૯૮ /૨૫ પંચાયત મા.મ. વિભાગ, અમરેલી


# પ્રાકૃતિક કૃષિ કોલેજ-અમરેલી ખાતે 'પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અને પ્રદર્શન' જિલ્લાકક્ષા કાર્યક્રમ યોજાયો

## અમરેલીના પ્રગતિશીલ ખેડૂતોના વિવિધ સ્ટોલ - પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોનું નિદર્શન નિહાળતાં મહાનુભાવો

અમરેલીઃ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના શુભ અવસરે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જનકલ્યાણલક્ષી કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે.

આ કડીના ભાગરૂપે આજરોજ વિકસિત ભારતના સંકલ્પ સાથે જનકલ્યાણના ૧૨ વર્ષની ઉજવણી હાથ અંતર્ગત જિલ્લા વહીવટી તંત્ર અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ તથા અમરેલી આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક કૃષિ કોલેજ-અમરેલી ખાતે 'પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અને પ્રદર્શન' જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી દક્ષાબેન ચોડવડીયા, સાવરકુંડલા ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, ધારી-બગસરા ધારાસભ્યશ્રી જે.વી.કાકડીયા સહિતના મહાનુભાવોની ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં અમરેલીના પ્રગતિશીલ ખેડૂતોના વિવિધ સ્ટોલ નિદર્શન યોજાયું હતું. મહાનુભાવોએ વિવિધ સ્ટોલની મુલાકાત લઈને પ્રાકૃતિક કૃષિ, તેના વિવિધ આયામો, ખેત પદ્ધતિ સહિતની બાબતોનું માર્ગદર્શન અને માહિતી પ્રાપ્ત કરી હતી.

પ્રગતિશીલ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ વિષયક પોતાના અનુભવો જણાવ્યા હતા. પ્રાકૃતિક કૃષિએ પ્રકૃતિના નિયમોને આધારે કરવામાં આવતી પરંપરાગત અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ છે, જેમાં કોઈપણ પ્રકારના રાસાયણિક




ખાતરો કે ઝેરી જંતુનાશકોનો ઉપયોગ કરવામાં આવતો નથી. આજે રાસાયણિક ખેતીના કારણે જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે અને કેન્સર જેવા જીવલેણ રોગોનું પ્રમાણ સમાજમાં ચિંતાજનક રીતે વધી રહ્યું છે, ત્યારે પ્રાકૃતિક કૃષિ એક સંજીવની સમાન સાબિત થઈ રહી છે.

રાજ્ય સરકારના ઊર્જા રાજયમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિ અને મૂલ્યવર્ધન થકી ખેડૂતોની સમૃદ્ધિ વધશે, કેન્સર જેવા જીવલેણ રોગો સામે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર હથિયાર છે. તેમણે ઉમેર્યું કે, રાસાયણિક ખાતરોનો ઉપયોગ આપણી જમીન અને માનવીય આરોગ્ય પરનો ખતરો સતત વધારી રહ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના શરૂ કરી તેના થકી નાના ખેડૂતોને ફાયદો થયો છે. ખેડૂતોની સમૃદ્ધિ વધે તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જનકલ્યાણકારી અભિગમ થકી છેવાડાના નાગરિકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે. લોકોની સુખાકારીના અભિગમ સાથે કાર્યરત કેન્દ્ર અને રાજ્ય સરકાર અનેકવિધ જનકલ્યાણલક્ષી પ્રકલ્પો અને યોજનાઓ અમલી બનાવે છે. જેનો સીધો જ લાભ છેવાડાના લાભાર્થી સુધી પહોંચી રહ્યો છે.

આ કાર્યક્રમમાં જિલ્લા અને તાલુકા પંચાયત હોદ્દેદારો, ડૉ. સી. કે. ટીબડીયા, કુલપતિશ્રી ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, સ્થાનિક હોદ્દેદારો અને અગ્રણીશ્રીઓ, જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી જાડેજા, પ્રાંત અધિકારીશ્રી નાકીયા, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી ડો. ઝીડ, પ્રાકૃતિક કોલેજ અમરેલી આચાર્ય સહિત બહોળી સંખ્યામાં ખેડૂતો, નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.


ઓનલાઈન ટેન્ડર ટુંકી મુદ્દતની જાહેર નિવિદા નં.૦૪ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) મુખ્ય પોસ્ટ ઓફિસની સામે અમરેલી ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૧૦૦ દ્વારા માન્ય ઈજારદારો પાસેથી આ વિભાગ હસ્તકના રોડ (ટ્રી કટીંગ) / બીલ્ડીંગ વર્કના કામ માટે ઈ-ટેન્ડર પદ્ધતિથી ટેન્ડરો માંગવામાં આવે છે. આ કામના ટેન્ડર https://tender.nrpocure.com ઉપરથી તા.૦૯/૦૭/૨૦૨૬ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. શક્ય હશે તો તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ સમય ૧૦.૩૦ કલાકે સક્ષમ કક્ષાએથી ખોલવામાં આવશે.

આ કામોની વિગતવાર નોટીસ માહિતી ખાતાની વેબસાઈટ www.statetender.gujarat.gov.in તથા કચેરીના નોટીસ બોર્ડ ઉપર જોવા મળશે. આ નોટીસ અંગે વધુ માહિતી મેળવવા માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના કામ-કાજના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારશ્રીઓએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી. જાહેરાત/અમર/૨૯૭/૨૬

સૌરાષ્ટ્ર આસપાસ

## જીનીવા શાંતિ મંત્રણા નિષ્ફળ

મધ્યપૂર્વમાં છેલ્લા કેટલાક અઠવાડિયાથી સર્જાયેલી અસ્થિરતાએ સમગ્ર વિશ્વને ચિંતામાં મૂકી દીધું છે. અમેરિકા અને ઇરાન વચ્ચે વધેલા તણાવ પછી જીનીવામાં યોજાનારી શાંતિ મંત્રણા તરફ વિશ્વની નજર હતી. આશા હતી કે બંને પક્ષો વાતચીતના માધ્યમથી કોઈ ઉકેલ શોધશે અને વૈશ્વિક અર્થતંત્ર પર છવાયેલો અનિશ્ચિતતાનો માહોલ દૂર થશે. પરંતુ શાંતિ મંત્રણા કોઈ સ્પષ્ટ પરિણામ વિના અટકી જતાં ફરી એક વખત વિશ્વ બજારોમાં અનિશ્ચિતતાનો માહોલ સર્જાયો છે. યુદ્ધ ટળ્યું હોય તેમ લાગતું હતું, પરંતુ શાંતિનો માર્ગ હજુ પણ સ્પષ્ટ દેખાતો નથી.મધ્યપૂર્વ વિશ્વના ઊર્જા નકશાનું કેન્દ્ર છે. અહીં સર્જાતી રાજકીય હલચલની અસર સીધી રીતે ક્રૂડ ઓઇલ, ગેસ અને આંતરરાષ્ટ્રીય વેપાર પર પડે છે. ખાસ કરીને હોરમુઝની ખાડી વિશ્વ માટે જીવનરેખા સમાન છે. વિશ્વના મોટા ભાગનું ક્રૂડ ઓઇલ આ જળમાર્ગમાંથી પસાર થાય છે. જ્યારે સંઘર્ષની શક્યતા ઊભી થઈ ત્યારે જહાજરાની કંપનીઓ, વીમા ક્ષેત્ર અને ઊર્જા બજારોમાં ચિંતા ફેલાઈ ગઈ હતી. થોડાક સમય માટે સ્થિતિ સામાન્ય બનતાં બજારોને રાહત મળી, પરંતુ જીનીવા મંત્રણા નિષ્ફળ જતાં ફરીથી ભવિષ્ય અંગે પ્રશ્નો ઊભા થયા છે.શાંતિ મંત્રણા નિષ્ફળ જવાની સૌથી મોટી અસર વિશ્વાસ પર પડી છે. આંતરરાષ્ટ્રીય રાજકારણમાં વિશ્વાસ એક મહત્વપૂર્ણ મૂડી છે. જ્યારે બે વિરોધી દેશો ચર્ચાના ટેબલ પરથી કોઈ સમજૂતી વિના ઊભા થઈ જાય છે ત્યારે રોકાણકારો, વેપારીઓ અને નાણાકીય સંસ્થાઓ ભવિષ્ય વિશે સાવચેત બની જાય છે. પરિણામે બજારોમાં અસ્થિરતા વધે છે અને રોકાણના નિર્ણયો ધીમા પડી જાય છે.તેલના બજારમાં પણ આ અનિશ્ચિતતા સ્પષ્ટપણે જોવા મળી રહી છે. જો હોરમુઝના જળમાર્ગમાં કોઈ પ્રકારનું નિયંત્રણ આવે અથવા જહાજોની અવરજવર મુશ્કેલ બને તો વૈશ્વિક પુરવઠા પર અસર પડી શકે છે. તેલના ભાવમાં વધારો થાય તો તેની સીધી અસર પરિવહન, ઉદ્યોગો અને સામાન્ય ગ્રાહકો પર પડે છે. ભારત જેવા તેલ આયાતકાર દેશો માટે આ સ્થિતિ વધુ પડકારજનક બની શકે છે. પેટ્રોલ, ડીઝલ અને રસોઈ ગેસના ભાવમાં વધારો મોંઘવારીને વધુ વેગ આપી શકે છે.આ સમયે ભારત માટે બીજી મોટી ચિંતા ચોમાસાની છે. હવામાન નિષ્ણાતો એલ નીનોની અસરને લઈને સતત ચેતવણી આપી રહ્યા છે. વરસાદમાં વિલંબ અથવા અસમાન વિતરણ ખેતી માટે મુશ્કેલી ઊભી કરી શકે છે. જો કૃષિ ઉત્પાદન ઘટશે તો ખાદ્યપદાર્થોના ભાવ વધશે અને મોંઘવારીનો બોજ સામાન્ય લોકો પર પડશે. આમ, મધ્યપૂર્વની રાજકીય અનિશ્ચિતતા અને હવામાનની અનિશ્ચિતતા બંને મળીને અર્થતંત્ર માટે ડબલ પડકાર ઊભો કરી રહ્યા છે.ખેડૂતો માટે વરસાદ માત્ર એક કુદરતી ઘટના નથી, પરંતુ આખા વર્ષના જીવનનિર્વાહનો આધાર છે. વરસાદ સારો થાય તો ગ્રામ્ય અર્થતંત્ર મજબૂત બને છે. બજારમાં ખરીદશક્તિ વધે છે, વેપાર વધે છે અને ઉદ્યોગોને પણ તેનો લાભ મળે છે. પરંતુ વરસાદમાં વિલંબ થાય તો તેની અસર ખેતરથી લઈને શહેરના બજારો સુધી અનુભવાય છે. હાલમાં તેલીબિયાં અને ખાદ્ય તેલના બજારમાં માંગ સામાન્ય છે, પરંતુ ચોમાસું ગતિ પકડતાં અને તહેવારોની મોસમ શરૂ થતાં માંગમાં નોંધપાત્ર વધારો થવાની શક્યતા છે.વૈશ્વિક શેરબજારો પણ હાલ અનેક પરિબળોના પ્રભાવ હેઠળ છે. જાપાન, દક્ષિણ કોરિયા અને તાઇવાન જેવા દેશોમાં ટેક્નોલોજી આધારિત વૃદ્ધિ જોવા મળી રહી છે. કૃત્રિમ બુદ્ધિમત્તા અને અદ્યતન સેમિકન્ડક્ટર ઉદ્યોગને કારણે રોકાણકારોમાં ઉત્સાહ છે. અમેરિકાના ટેક શેરોમાં પણ મજબૂતી જોવા મળે છે. પરંતુ બીજી તરફ રોકાણકારો હવે જોખમો તરફ પણ ધ્યાન આપવા લાગ્યા છે. યુદ્ધ, રાજકીય સંઘર્ષ અને વેપાર માર્ગોમાં વિક્ષેપ જેવા પરિબળો કોઈ પણ સમયે બજારોની દિશા બદલી શકે છે.

# પર્વતારોહણ

**એક પગે વિકલાંગ છોકરાના માબાપ તેનામાં પર્વતારોહકનું સપનુ આંજે છે, પણ તેના શિક્ષકને એ વાત વાહિયાત લાગી. વિકલાંગ સહાયક સંસ્થા તરફથી શિક્ષકે તે છોકરા માટે કૃત્રિમ પગની વ્યવસ્થા કરી ત્યારે તે સડસડાટ ચાલવા માંડ્યો ને સ્કૂલના પગથિયાં ચડ્યો ; માબાપને મન એ જ ખરું પર્વતારોહણ..!**

**અલપ ઝલપ** -ડૉ. મનહર ઠાકર

એનો એક પગ નથી. ને માબાપ શિક્ષક પાસે આવી તેને પર્વતારોહક બનાવવાની વાતો કરે છે.

શિક્ષક હસ્યા "હા, એને એટલે જ પહેલાં તો સ્કૂલનાં પગથિયાં ચડવાની વાત કરુ છું. મને થોડો અંદાજ આવવા લાગ્યો કે તમારા મનમાં શું છે. જો તે આટલાં પગથિયાં ચડવા પ્રયત્ન કરે અને સફળ થાય તો એ વિકલાંગ બાળક પહેલાં તો વિદ્યાર્થી બને જે ભણવામાં પરાક્રમ કરી બતાવશે. અલબત્ત, તેને પર્વતારોહક બનાવવાની આખી વાત અત્યંત કપરી તો છે.'

સ્કૂલના પ્રાંગણમાં પણ હજી તેને પરિવારજનની મદદથી ચાલવું પડતું હતું. પગથિયાં ચડવાની વાત તો એક દૂરના સપના સમાન ભાસતી હતી.

શિક્ષકને એ વાત ખૂબ કઠતી હતી કે આ પર્વતારોહક બને ! એનું એવું પણ કહેવાનું હતું કે આ છોકરો સારી રીતે ચાલી પણ નહીં શકે.

પર્વતારોહક બનવાનું ધારી લઈ એ છોકરાએ મનોમન નક્કી કરી લીધું હતું, ' હું મારા ટીકાકારોને સણસણતો જવાબ આપીશ. હું ખરેબર એક રાષ્ટ્રીય સ્તરનો પર્વતારોહક બનીશ.'

તેના માતાપિતાએ તે વાતનું સમર્થન કરવા માંડયું. પરંતુ જ્યારે શિક્ષકના મનમાં એક વાર શંકાનો કીડો પેસી ગયો પછી તેના વિદ્યાર્થી માટે પોતે કશું કારગત કરી શકતાં નથી. શિક્ષકના વર્તનથી છોકરો વારંવાર ખરેખર હતાશ થઈ જતો.

આમ ઘણો વખત ચાલ્યું. જ્યાં સુધી શિક્ષકે તેને શાળામાં આ વિચારને સમર્થન ન આપ્યું. પછી સાહેબને છોકરાએ એ પડકાર ઝીલવાની તૈયારી જણાવી દીધી.

' ઠીક છે, ભલે, હું એ માટે વ્યવસ્થા કરીશ. ' શિક્ષકે છોકરાને કહ્યું.

હવે છોકરા પાસે ભાવિમાં કશું હકારાત્મક જોવાની હોંશ આવી ગઈ. એક લક્ષ્ય, એક મિશન, પર્વતારોહણ માટે સપનું જોવાનું એક કારણ એ કંઈ સહેલી વાત તો હતી નહીં, છતાં કોઈના સમસ્ત જીવનમાં કશું સહેલાઈથી ક્યાં આવે છે ? '

પહેલાં પોતાના મકાનની વાડની દીવાલો કૂદવાનું તેણે શરૂ કરેલું, પણ પર્વત પર વિશ્વાસનું કપરું ચઢાણ ચડવું એટલે પોતાની જાતની પરીક્ષા લેવાનું આયોજન કરવાનું હતું. આ કામમાં કોઈ વિકલાંગ સફળ થયાની વાત એણે બાળપણમાં સાભળેલી. આમ આ બાબત એક પડકાર હતી, તો સાથેસાથે એક તક પણ હતી. કોઈ પ્યાલો કાં તો અડધો ખાલી હોય છે કે પછી અડધો ભરેલો. તમે તેને કઈ રીતે જુઓ છો તે તમારા જીવનના દૃષ્ટિકોણને નિશ્ચિત કરે છે. આ છોકરા માટે, અને હકીકતમાં એના માતાપિતા માટે, કંઈ પણ થાય, છતાં પ્યાલો હંમેશાં અડધો ભરેલો રહ્યો છે. પ્રયત્ન એ બાબતનો રહેતો કે અર્ધા રહી ગયેલા પ્યાલાનો બાકીનો ભાગ કઈ રીતે પૂરો ભરી દેવો. છોકરાએ વિચાર્યું કે, પોતે હંમેશાં આશા સાથે જ જીવવું જોઈએ. તેને થયું કે, વિશ્વાસરૂપે જાણે મારો પુનર્જન્મ થયો છે. વિશ્વાસરૂપે નવો પગ આવ્યો છે.

હવે તો તેને ઝડપથી સાજા થઈ જવું હતું. તેના શિક્ષકે વિકલાંગ સહાયક સંસ્થા દ્વારા કૃત્રિમ પગ લગાવવાની જાણકારી મેળવી. ખરું પૂછો તો છોકરો એ દિવસની બહુ આતુરતાથી રાહ જોવા લાગ્યો કે તેને હવે કૃત્રિમ પગ ક્યારે પહેરાવશે. જ્યારે છેવટે એ દિવસ આવી પહોંચ્યો ત્યારે એને નાચવાનું મન થઈ આવ્યું. તે ઉપરાંત એ કૃત્રિમ પગ તો લગભગ તેના પોતાના પગ જેવું જ કામ આપતો હતો. બન્ને વચ્ચે તેને ભેદ પાડવો અઘરો લાગ્યો. તેને તો જાણે નવું જીવન જ મળ્યું. હવે તેના મનમાં જ પર્વતારોહકનો મોભો બનાવવા માટે જાતને શક્તિ આપવા



લાગ્યો. જ્યારે તેને કૃત્રિમ પગના વપરાશની તાલીમ આપવા આવનારાઓએ જાહેર કર્યું કે હવે તાલીમ આપવાનું શરૂ થશે. એ પગને કઈ રીતે ગોઠવવો, કઈ રીતે ચાલવું, કઈ સાવધાનીઓ અને સાવચેતીઓ તેણે રાખવી વગેરેની તાલીમ શરૂ થઈ. એક દિવસની એ બેઠક પૂરી થઈ ત્યારે એ કૃત્રિમ પગની તાલીમ આપનારા તેના ખાટલાની પાસે જ મૂકીને રવાના થયા.

હવે તેણે એ પગ જાતે જ પહેરવાનો હતો. એ નવાંગતુક પગ સાથે તે પ્રેમમાં પડ્યો, જેની સાથે તેને જીવનભર જોડાવાનું આવ્યું હતું. પણ અત્યારે તેને એકલા જ ચાલવું હતું. તેની આસપાસ માતાપિતા હતાં, જેઓ તે જ્યારે-જ્યારે ખાટલામાંથી ઊભો થવા જાય ત્યારે સહેજે અથડાય કે પડવા લાગે નહીં તે માટે તેને પકડી લેવા હાજર જ રહેતાં. તે અધીરો બની ગયો. તે જાણતો હતો કે પોતાની જાત વિના બીજું કોઈ આ સંઘર્ષની તીવ્ર યાતનાને સમજી શકે તેમ નહોતું. તે કેટકેટલી મુસીબતોમાંથી પસાર થયો હતો. શારીરિક પીડા સહન કરી, ષડયંત્રમાંથી પાર ઊતર્યો, વ્યક્તિગત ઈર્ષાઓને હંફાવીપ એટલે તેને હવે ખરેખર કોઈ મોટું કાર્ય કરી બતાવવું હતું. તેણે તેની નજર પર્વતારોહણ ઉપર રાખેલી. હવે તેને પોતાનામાં વિશ્વાસ પર યોગ્ય અને પૂરતી સજ્જતા કેળવવી જરૂરી હતી. પોતે જ કશુંક કરવું પડે તેમ હતું.

એ રાત્રે જ્યારે માતાપિતા ઊંઘી ગયાં હતાં ત્યારે તેણે એકલાએ ચાલવાનું ઠરાવ્યું. તે જાણતો હતો કે પડવાનું તો તેને સહેજે પોસાય તેમ ન હતું. કારણ કે જો તે ચાલવાનો પ્રયત્ન કરતાં પડી જાય અને તેને ઈજા પહોંચે, તો પર્વતારોહક બનવાના સપનાને અલવિદા જ કહેવી પડે. છતાં જાતે અને એકલા ચાલવાનું જોખમ ઉઠાવવાનું ઠરાવ્યું.

સહેજ ખચકાતાં હાથને ખાટલાની ઈસ ઉપર રાખીને તેનો જમણો પગ જમીન ઉપર મૂક્યો. જમીનનો સ્પર્શ અજાણ્યો લાગ્યો. તેણે વિચાર્યું કે દીવાલને ટેકે-ટેકે ચાલીશ. એ રીતે પડવાની બીક નહીં રહે. ઓ ! ઓ ! તે ચાલી રહ્યો હતો... પોતાની મેળે ચાલતો હતોપ બીજાં કોઈ વિના જપ તેને તો થયું કે જાણે પોતે હવામાં ઊડી રહ્યો છે ! તે અત્યંત આનંદ અનુભવી રહ્યો. એકલાં ચાલવાથી તેના આત્મવિશ્વાસમાં મોટો ઉમેરો થયો હતો. તેને એકલાં ચાલવાનું ખૂબ જ મન થતું હતું. તેને થયું કે પોતે એકલાં ચાલવા માટે સજ્જ થઈ ગયો છે. તેને એ કામનું થોડું ઘણું ગૌરવ થયું. ખરેખર તે સલામત હતો અને એકલો ચાલતી વખતે પણ આત્મવિશ્વાસથી ભરપૂર હતો.

સડસડાટ ચાલતો એ સ્કૂલે એકલો આવજા કરતો થયો. માતાપિતાએ આવીને શિક્ષકને કહ્યું, ' અમે તો માત્ર અમારા દીકરામાં પર્વતારોહક બનવાનું સપનુ તેનામાં આત્મવિશ્વાસ આવે અને પોતે ભણતો થાય તે માટે આંજ્યું હતું. જ્યારે તમે તો તેને કૃત્રિમ પગ અપાવીને સ્કૂલના પગથિયાં ચડતો કરી દીધો એ જ ખરું પર્વતારોહણ છે. '

# સંતાનો ઉપર વિશ્વાસ : માતા-પિતાની અગ્નિપરીક્ષા

**વિશેષ**

હજી તો શાળાઓ શરૂ જ થઈ છે. એકાદ અઠવાડિયું પસાર થયું છે. આ દરમિયાન એક અનોખો કિસ્સો મારા ધ્યાને આવ્યો છે. મારા ઘર પાસેની એક સ્કુલની બહાર બહુ જ ભીડ જામી હતી. મેં અનાયાસે વ્હીકલ રોકીને તપાસ કરવાનો પ્રયાસ કર્યો. ટોળાને ચીરીને હું અંદર પહોંચ્યો ત્યારે એક બાર વર્ષનો છોકરો રડતો હતો અને તેના બે મિત્રો તેને શાંત પાડવાનો પ્રયાસ કરતા હતા. આસપાસ ભેગા થયેલા લોકો અને તેના મિત્રો દ્વારા તેને શાંત પાડવાનો પ્રયાસ કરવામાં આવતો હતો. કેટલાક લોકો સવાલોનો મારો ચલાવતા હતા. આખરે ઘટના બહાર આવી. વાત એવી હતી કે, રિસેસ દરમિયાન તે છોકરો નાસ્તો કરવા માટે સ્કુલના ગેટ પાસે આવ્યો. તેણે સ્કુલના ગેટની બહાર નાસ્તો વેચનારી વ્યક્તિને ૫૦૦ રૂપિયાની નોટ આપી. આ દરમિયાન સ્કૂલના પ્યૂનની નજર તેના ઉપર પડી. પ્યૂને જઈને તે છોકરાના ક્લાસ ટીચરને આ વાત કરી. ક્લાસ ટીચરે તેને બોલાવીને આ બાબતે પૃચ્છા કરી.

છોકરાએ કહ્યું કે, મારા પૈસા છે. ટીચરે તેને પ્રિન્સિપાલ પાસે લઈ ગયા. તેમણે પણ પૂછયું તો સરખો જ જવાબ મળ્યો. છેવટે પ્રિન્સિપાલે ફોન કરીને તેના વાલીને મળવા માટે બોલાવ્યા. સ્કૂલનો સમય પૂરો થયા પછી તેમને મળવા માટે બોલાવ્યા હતા. તેના ભયને કારણે તે છોકરો રડતો હતો. છોકરાનું એક જ રટણ હતું કે મારા મમ્મી-પપ્પા મારી વાત નહીં માને અને મને મારશે. કેટલાકે તેને સમજાવ્યો અને ફોસલાવ્યો ત્યારે તેણે કહ્યું કે, મને સવારે સ્કૂલના ગેટ પાસેથી આ નોટ મળી હતી. મેં ખિસ્સામાં મૂકી દીધી. આ વાત પૂરેપૂરી સાચી છે અને છતાં મારા મમ્મી-પપ્પા નહીં માને. તેમને એમ જ લાગશે કે હું જુઠ્ઠું બોલું છું, મેં ચોરી કરી છે અને મને માર પડશે. તે છોકરાના મનમાં પહેલેથી સ્વીકૃત હતું કે મારા માતા-પિતા મારો વિશ્વાસ કરવાના જ નથી.

આવી જ એક ઘટના ઘણા સમય પહેલાં મહારાષ્ટ્રમાં થઈ હતી. આ ઘટના છાપાએ ચડી હતી. તેનું કારણ પણ કંઈક આવું જ હતું. નંદીની નામની એક તેર વર્ષની છોકરીએ આત્મહત્યા કરી લીધી. તેણે સ્યુસાઈડ નોટમાં લખ્યું હતું કે, મારે આજે એક મહત્ત્વની વાત કહેવી છે. છ મહિના પહેલાં મારા પિતરાઈ ભાઈ લલિતે મારી સાથે બળાત્કાર કર્યો હતો. મારા મોટા કાકાનો છોકરો છે લલિત. તેણે મારો બળાત્કાર કર્યો અને તેનો વીડિયો ઉતાર્યો. ત્યારબાદ તેણે અને તેના મિત્ર સુરેશે આ વીડિયોના આધારે બ્લેકમેલ કરીને લગભગ દસથી વધારે વખત આવું જ કૃત્ય આચર્યું. મેં એકાદ બે વખત મારી મમ્મીને કહેવાનો પ્રયાસ કર્યો પણ હું સફળ થઈ નહીં. મારા મનમાં સતત મુંઝવણ ચાલતી હતી કે, મમ્મી મારો વિશ્વાસ નહીં કરે. પપ્પા તો મને મારશે જ. તેના કારણે હું મારી પીડા કોઈને કહી શકતી નહોતી.

લલિતે ધીમે ધીમે પોતાનું આ નરાધમ કૃત્ય વધારી દીધું હતું. મારાથી આ પીડા હવે સહન થતી નથી. મને ખબર જ છે કે, મારા આઈ-બાબા મારા ઉપર વિશ્વાસ નહીં જ કરે. તેના કારણે જ હું આ દુનિયા છોડીને જાઉં છું. મારા પેટમાં લલિતનું પાપ છે અને શક્ય હોય તો પોસ્ટમોર્ટમ રિપોર્ટ મારા આઈ-બાબાને બતાવજો જેથી તેમને વિશ્વાસ આવે કે હું ક્યારેય ખોટું બોલતી નથી. શક્ય હોય તો પહેલી અને છેલ્લી વખત મારો વિશ્વાસ કરજો અને મને માફ કરજો.ઉપરોક બંને ઘટનાઓ આમ જોઈએ તો સમાજમાં થતી સામાન્ય ઘટના છે પણ તેના પડઘા બહુ ઉંડે સુધી પડેલા છે. તેની અસરો લાંબાગાળાની છે અને તેના કારણે છેક ઈતિહાસની ગર્તામાં ઢંકાયેલા છે. બાળકને ઘણી વખત પોતે સાચું હોવા છતાં ભય લાગ્યા કરે છે કે, તેના માતા-પિતા તેની વાત નહીં માને. જગતના મોટાભાગના માતા-પિતા પોતાના સંતાનનો જ વાંક જૂએ છે અને તે પ્રમાણે જ વર્તન કરે છે અથવા તો ઘટનાનો પ્રતિભાવ આપે છે. તેના પગલે બાળક ધીમે ધીમે જુઠ્ઠું બોલતું થઈ જાય છે અથવા તો પહેલેથી જ ભુલ સ્વીકારીને માનસિક અને શારીરિક રીતે સજા ભોગવવા સજ્જ થઈ જાય છે. દરેક કિસ્સામાં આવું હોતું નથી. તેમ છતાં મિત્રો આ એક એવો ભય છે જેની અવસ્થામાંથી આપણે દરેક પસાર થયા છીએ અને આપણા સંતાનો પસાર થતા હશે અથવા તો આગામી સમયમાં થશે. યુગોથી ચાલી આવતી સમાજ વ્યવસ્થામાં ડોકિયું કરીએ તો ખ્યાલ આવશે કે સંતાનોને કાયમ એક વાત મગજમાં સેટ હોય છે કે, મારા માતા-પિતાને મારી ઉપર વિશ્વાસ જ નથી. આ માત્ર ધારણા નથી, કેટલાક પ્રસંગો બન્યા હોય ત્યારબાદ આ માનસિકતા ધીમે ધીમે વાસ્તવિકતાનો આકાર લઈને તેના મગજમાં સેટ થઈ ગઈ હોય છે. કોઈપણ બાબત હોય આપણે સત્ય સ્વીકારવાને બદલે બાળકનું ક્રોસ ચેકિંગ શરૂ કરીએ છીએ. મોટાભાગે મમ્મીઓ ટોણા મારતી હોય છે કે, તારે તો ભણવું જ નથી, તારે બહાના કાઢવા છે, રખડવું હોય તો કેવી મજા આવે છે અને ચોપડી પકડાવો તો ભેંકડા તાણે છે, તું કાયમ જુઠ્ઠું જ બોલતી હોય છે, તારી બહેનપણીઓ જોઈ આવ કેવા સરસ માર્ક લાવે છે, તને ભણવામાં રસ જ નથી, મને ચોક્કસ ખબર છે તેં જ કંઈક તોડયું હશે પણ તું નામ બીજાનું આપે છે.

આવા અનેક વાક્યો આપણે સાંભળ્યા છે, અનુભવ્યા છે અને હાલમાં અનુભવ કરાવતા પણ હોઈશું. આ બધું ન કરી શકનારા માતા-પિતા મોટાભાગે હિંસાનું શસ્ત્ર ઉગામતા હોય છે. સંતાનની ભુલ હોય એટલે મારપીટ કરી લેવાની. બીચારા સંતાનોને ઢોરમાર મારવામાં આવે છે. ઘણી મમ્મીઓ એવો માર મારે કે બીચારા સંતાનોના શરીર ઉપર ચકામા ઉપસી આવે. બાળક છે આખરે જવાનું તો માતાની પાસે જ છે. માતાના મારથી રડતું બાળક છાનું રહેવા પણ માતા પાસે જ જાય છે. તે ભુલી જાય છે કે આણે જ માર માર્યો હતો. આ દરમિયાન તેના મનમાં એક ગ્રંથી બંધાતી જાય છે કે, માતા-પિતા સામે શક્ય હોય ત્યાં સુધી જુઠ્ઠું જ બોલવું. સાચું બોલિશું તો સ્વીકારશે નહીં અને માર પડશે તેના કરતાં જુઠ્ઠું બોલી નાખીએ. જુઠ્ઠું બોલાવાથી પકડાઈશું નહીં અને કદાચ પકડાઈ ગયા તો માર પડશે. તેનાથી વધારે કંઈ થશે નહીં.ચિંતાજનક બાબત એ છે કે, સંતાનોના મગજમાં આ માનસિકતા માતા-પિતાઓના વર્તનથી જ ઘર કરી જતી હોય છે.

# રાષ્ટ્રના ઊર્જા સંકટમાંથી કેવી રીતે ઊગરી શકાય?

આધુનિક યુગમાં કોઈપણ દેશની પ્રગતિ તેના ઊર્જા સ્ત્રોતો પર આધારિત હોય છે. ઉદ્યોગો, પરિવહન, કૃષિ, સંચાર અને ઘરગથ્થુ જીવનની લગભગ દરેક પ્રવૃત્તિ ઊર્જા વિના અશક્ય છે. ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંનું એક દેશ છે, પરંતુ તેની સાથે ઊર્જાની માંગ પણ સતત વધી રહી છે. બીજી તરફ મધ્યપૂર્વમાં વધતા તણાવ, આંતરરાષ્ટ્રીય સંઘર્ષો અને વૈશ્વિક બજારોમાં ઊભી

**દરેક વ્યક્તિએ પેટ્રોલ, ડીઝલ, રાંધણ ગેસ, સીએનજી વગેરેના ઉપયોગમાં કરકસર કરવી હતી જરૂરી બની ગઈ છે જેથી વ્યક્તિગત રીતે લોકોને આર્થિક લાભ તો થશે જ પરંતુ રાષ્ટ્રને ઉર્જા સંકટમાંથી બહાર કાઢવામાં દરેક વ્યક્તિ સહાયરૂપ બનશે**

થતી અસ્થિરતાના કારણે પેટ્રોલિયમ પેદાશોના ભાવમાં વધારો થઈ રહ્યો છે. ભારત પોતાની જરૂરિયાતનો મોટો હિસ્સો વિદેશમાંથી આયાત કરે છે, તેથી વૈશ્વિક સ્તરે સર્જાતી કોઈપણ ઊથલપાથલનો સીધો પ્રભાવ દેશના અર્થતંત્ર પર પડે છે. આવી સ્થિતિમાં ઊર્જાનો કરકસરપૂર્વક ઉપયોગ માત્ર આર્થિક જરૂરિયાત નથી, પરંતુ રાષ્ટ્રીય ફરજ પણ બની ગયો છે.

ઊર્જા સંકટનો અર્થ માત્ર ઈંધણની અછત નથી. જ્યારે ઊર્જાના સ્ત્રોતો મર્યાદિત હોય અને તેની માંગ સતત વધતી રહે ત્યારે સમગ્ર અર્થવ્યવસ્થા પર દબાણ સર્જાય છે. પેટ્રોલ અને ડીઝલના ભાવ વધે ત્યારે પરિવહન ખર્ચ વધી જાય છે. પરિવહન ખર્ચ વધતાં ખાદ્યપદાર્થો, દૈનિક વપરાશની વસ્તુઓ અને ઔદ્યોગિક ઉત્પાદનો મોંઘા બનતા જાય છે. પરિણામે સામાન્ય નાગરિકના જીવનધોરણ પર સીધી અસર પડે છે. તેથી ઊર્જા બચતને હવે વ્યક્તિગત નહીં પરંતુ રાષ્ટ્રીય અભિયાન તરીકે જોવાની જરૂર છે.

આજે રસ્તાઓ પર લાખો વાહનો દોડી રહ્યા છે. વધતી આવક અને શહેરીકરણના કારણે ખાનગી વાહનોની સંખ્યા સતત વધી રહી છે. પરંતુ ઘણીવાર વાહનનો ઉપયોગ જરૂરિયાત કરતાં વધુ કરવામાં આવે છે. નજીકના અંતર માટે પણ મોટરસાયકલ અથવા કારનો ઉપયોગ થતો હોવાથી ઈંધણનો બિનજરૂરી વપરાશ વધી રહ્યો છે. જો ટૂંકા અંતર માટે પગપાળા ચાલવાની અથવા સાયકલ ચલાવવાની ટેવ વિકસાવવામાં આવે તો પેટ્રોલની નોંધપાત્ર બચત થઈ શકે છે. આ સાથે સ્વાસ્થ્યને પણ લાભ મળે છે અને પર્યાવરણ પરનો બોજ પણ ઘટે છે.

વાહન ચલાવવાની પદ્ધતિ પણ ઈંધણના વપરાશને અસર કરે છે. વધુ ઝડપ, અચાનક બ્રેક અને વારંવાર ગતિમાં ફેરફાર એન્જિન પર વધારાનો બોજ લાવે છે. પરિણામે વધુ પેટ્રોલ વપરાય છે. તેના બદલે શાંત, નિયમિત અને નિયંત્રિત ગતિએ વાહન ચલાવવામાં

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

આવે તો ઈંધણની બચત થાય છે. ટ્રાફિક નિયમોનું પાલન માત્ર સલામતી માટે જ નહીં પરંતુ ઊર્જા સંરક્ષણ માટે પણ જરૂરી છે.

મોટા શહેરોમાં ટ્રાફિક જામ એક ગંભીર સમસ્યા બની ગયો છે. રસ્તા પર કલાકો સુધી વાહનો ઊભાં રહેતાં લાખો લીટર ઈંધણનો વ્યય થાય છે. ઘણા લોકો લાલ સિગ્નલ અથવા ટ્રાફિક દરમિયાન એન્જિન ચાલુ રાખે છે, જ્યારે થોડા સમય માટે વાહન બંધ કરી દેવામાં આવે તો નોંધપાત્ર બચત શક્ય બને છે. આવી નાની બાબતોનું સામૂહિક પાલન થાય તો દેશવ્યાપી સ્તરે મોટું પરિણામ મેળવી શકાય.વાહનોની નિયમિત જાળવણી પણ ઊર્જા બચતનું એક મહત્વપૂર્ણ સાધન છે. યોગ્ય હવાનું દબાણ ધરાવતા ટાયર, સ્વચ્છ ફિલ્ટર અને સમયસર સર્વિસ કરાયેલ એન્જિન વધુ કાર્યક્ષમ રીતે કામ કરે છે. જ્યારે વાહન સારી સ્થિતિમાં હોય ત્યારે ઓછા ઈંધણમાં વધુ અંતર કાપી શકાય છે. આથી વાહન માલિકનો ખર્ચ પણ ઘટે છે અને રાષ્ટ્રીય સ્તરે ઈંધણની માંગમાં પણ ઘટાડો થાય છે.ઊર્જા બચત માટે જાહેર પરિવહનનું મહત્વ પણ ખૂબ મોટું છે. બસ, મેટ્રો, રેલવે અને અન્ય જાહેર પરિવહન વ્યવસ્થાઓનો વધુ ઉપયોગ કરવામાં આવે તો વ્યક્તિગત વાહનો પરની નિર્ભરતા ઘટી શકે છે. એક જ કારમાં અનેક લોકો સાથે મુસાફરી કરવાની પદ્ધતિ પણ ઈંધણ બચાવવાનો અસરકારક માર્ગ બની શકે છે. વિકસિત દેશોમાં આવા પ્રયાસોથી ઊર્જા બચતના સારા પરિણામો મળ્યા છે.ભારત માટે લાંબા ગાળાનો ઉકેલ વૈકલ્પિક ઊર્જા સ્ત્રોતોના વિકાસમાં રહેલો છે. સૌર ઊર્જા, પવન ઊર્જા, બાયોગેસ અને અન્ય નવીનીકરણીય ઊર્જા સ્ત્રોતો ભવિષ્યની જરૂરિયાતો પૂરી કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. દેશમાં ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ પણ ધીમે ધીમે વધી રહ્યો છે. જો વીજળીનું ઉત્પાદન સ્વચ્છ અને નવીનીકરણીય સ્ત્રોતોથી કરવામાં આવે તો પરિવહન ક્ષેત્રમાં પેટ્રોલિયમ પરની નિર્ભરતા નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે.ઊર્જા સંરક્ષણમાં સરકાર, ઉદ્યોગો અને સામાન્ય નાગરિકો ત્રણેયની સમાન જવાબદારી છે. સરકાર નીતિઓ બનાવી શકે છે, ઉદ્યોગો નવી ટેકનોલોજી અપનાવી શકે છે, પરંતુ સફળતા ત્યારે જ મળશે જ્યારે દરેક વ્યક્તિ પોતાની જીવનશૈલીમાં બચત અને સંયમનો સ્વીકાર કરશે. પાણીની જેમ ઊર્જા પણ અમૂલ્ય સંપત્તિ છે અને તેનો બગાડ અંતે સમગ્ર સમાજને નુકસાન પહોંચાડે છે.આવતા વર્ષોમાં ઊર્જાની માંગ વધુ વધવાની છે. તેથી આજે લેવામાં આવેલા નિર્ણયો




આવતીકાલનું ભવિષ્ય નક્કી કરશે. ઊર્જા બચતને જો આપણે દૈનિક જીવનની સંસ્કૃતિ બનાવી શકીએ તો દેશની વિદેશી ચલણની બચત થશે, પ્રદૂષણ ઘટશે, પર્યાવરણનું રક્ષણ થશે અને ભાવિ પેઢીઓને વધુ સુરક્ષિત અને સમૃદ્ધ ભારત મળશે. ઊર્જાનો સંયમિત ઉપયોગ એ માત્ર બચત નહીં પરંતુ રાષ્ટ્રસેવાનું એક મહત્વપૂર્ણ સ્વરૂપ છે.

# બેન સ્ટોક્સ ત્રીજી ન્યુઝીલેન્ડ ટેસ્ટ પહેલા ઈંગ્લેન્ડની ટીમમાં પરત ફર્યો



નવીદિલ્હી,

એક મોટા વિકાસમાં, ઈઝ્મ (ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ) એ આગળ આવીને ન્યૂઝીલેન્ડ સામે ચાલી રહેલી શ્રેણીની ત્રીજી અને અંતિમ ટેસ્ટ માટે ઈંગ્લેન્ડની ટીમની જાહેરાત કરી. ટીમમાં સૌથી મોટો સમાવેશ બેન સ્ટોક્સનો છે.

શિસ્ત તપાસમાં એવું તારણ નીકળ્યા બાદ કે તે ગુસ એટકિન્સન સામેના ઝઘડામાં સામેલ ન હતો, તે રમતમાં ટીમનું નેતૃત્વ કરશે. એ નોંધવું રસપ્રદ છે કે સ્ટોક્સ અને એટકિન્સન બંનેને લેખિત આચાર ચેતવણી પત્રો આપવામાં આવ્યા છે અને તેમને ટીમમાં ઉમેરવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, ૮ જૂનના રોજ બનેલી એક ઘટના બાદ એટકિન્સન અને સ્ટોક્સ બંનેને બીજી ટેસ્ટ માટે ઈંગ્લેન્ડની ટીમમાંથી દૂર કરવામાં આવ્યા હતા. સારાસેન્સ રગ્બી યુનિયન ખેલાડી, ટોટોઆ અવા સાથે ઝઘડો. ઈઝ્મ એ તારણ કાઢ્યું હતું કે એટકિન્સન પર બે અલગ અલગ હુમલા કરવામાં આવ્યા હતા, પરંતુ તેણે બદલો લીધો ન હતો.

ત્રીજી ટેસ્ટ માટે, ઈંગ્લેન્ડ નોટિંગહામના ટ્રેન્ટ બ્રિજ ખાતે ન્યુઝીલેન્ડ સામે રમશે. આ મુકાબલો ૨૫ જૂનથી શરૂ થવાની તૈયારીમાં છે અને બંને ટીમો સારો દેખાવ કરવાની આશા રાખશે.

ઈસીબીએ તેમના નિવેદનમાં શું કહ્યું?

સ્ટોક્સ અને એટકિન્સનને ટીમમાં સામેલ કરવાની સત્તાવાર જાહેરાત કરતા, ઈસીબીએ કેન્દ્રસ્થાને આવીને એક નિવેદન બહાર પાડ્યું જેમાં તેમના વાપસીને સત્તાવાર બનાવ્યું અને કહ્યું કે નાઈટક્લબમાં બનેલી ઘટના માટે ખેલાડીઓ પર કોઈ દોષ ન હોવો જોઈએ.

ઈસીબીના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "સ્ટોક્સ અને એટકિન્સન ચોક્કસ કરારની જવાબદારીઓનું ઉલ્લંઘન કરે છે જે ઈંગ્લેન્ડના ખેલાડીઓને હંમેશા આચારસંહિતાના ઉચ્ચતમ ધોરણો જાળવવા અને ઈંગ્લેન્ડ ક્રિકેટના શ્રેષ્ઠ હિતમાં કાર્ય કરવાની જરૂર છે."

"બીજી રોથેસે ટેસ્ટ માટે પસંદગી માટે વિચારણા ન કરવા ઉપરાંત, બંનેને તેમના વર્તન અંગે લેખિત ચેતવણી આપવામાં આવી છે. એવું પણ તારણ કાઢવામાં આવ્યું હતું કે નાઈટક્લબમાં હિંસક વર્તન માટે ખેલાડીઓ પર કોઈ દોષ ન લગાવવો જોઈએ," નિવેદનમાં ઉમેર્યું.

ઈંગ્લેન્ડની પુરુષ ટીમઃ-

બેન સ્ટોક્સ શ્ર, રેહાન અહેમદ, જોફ્રા આર્ચર, ગુસ એટકિન્સન, શોએબ બશીર, જેકબ બેથેલ, હેરી બ્રુક, જોર્ડન કોક્સ, બેન ડકેટ, મેથ્યુ ફિશર, એમિલિયો ગે, ઓલી રોબિન્સન, જો રૂટ, જેમી સ્મિથ, જોશ ટંગ

# આઈસીસીએ ધીમા ઓવર રેટ બદલ ઈંગ્લેન્ડના વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઈન્ટ ટેબલમાંથી ૧૨ પોઈન્ટ કાપી લીધા

## ન્યૂઝીલેન્ડ સામેની બીજી ટેસ્ટમાં કારમી હાર બાદ ઈંગ્લેન્ડની ટીમને વધુ એક મોટો ફટકો



નવીદિલ્હી,

ઈંગ્લેન્ડની ટીમ હજુ સુધી ન્યૂઝીલેન્ડ સામેની બીજી ટેસ્ટમાં કારમી હારમાંથી બહાર આવી ન હતી ત્યારે તેને વધુ એક મોટો ફટકો પડ્યો હતો. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલએ ઈંગ્લેન્ડને મોટો ફટકો માર્યો છે. આઈસીસીએ ધીમા ઓવર રેટ બદલ ઈંગ્લેન્ડ સામે કડક કાર્યવાહી કરી છે, જેમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઈન્ટ ટેબલમાંથી ૧૨ પોઈન્ટ કાપવામાં આવ્યા છે. આ ઉપરાંત, ખેલાડીઓની મેચ ફીના ૫૦ ટકાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. લંડનના ઓવલ ખાતે બીજી ટેસ્ટમાં ન્યુઝીલેન્ડે ઈંગ્લેન્ડને ૨૫૩ રનથી હરાવ્યું. મેચ સમાપ્ત થયાના થોડા સમય પછી, આઈસીસીએ સત્તાવાર રીતે ઈંગ્લેન્ડને દંડ ફટકારવાનો નિર્ણય જાહેર કર્યો.આઈસીસી એલીટ પેનલ મેચ રેફરી એન્ડી પાયક્રોફ્ટને જાણવા મળ્યું કે ઈંગ્લેન્ડે ફાળવેલ સમય અને ઉપલબ્ધ ભથ્થાઓને ધ્યાનમાં લીધા પછી પણ ૧૨ ઓવર ઓછી કરી હતી.આઈસીસીના નિયમો અનુસાર, ટીમ જેટલી વધુ ઓવર ફેંકે છે, તેટલી વધુ દંડ. નિયમો હેઠળ, ખેલાડીઓને દરેક ઓવર ઓછી કરવા માટે તેમની મેચ ફીના ૫ ટકા દંડ કરવામાં આવે છે.

# ટીમ ઈન્ડિયાની કેપ્ટન હરમનપ્રીત કૌર ૨૦૦ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમનાર પ્રથમ ખેલાડી બની



નવીદિલ્હી,

ભારતીય મહિલા ક્રિકેટ ટીમ આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ની ત્રીજી ગ્રુપ છ મેચ દક્ષિણ આફ્રિકા સામે માન્ચેસ્ટર સ્ટેડિયમ ખાતે રમી રહી છે. જ્યારે ટીમ ઈન્ડિયાની કેપ્ટન હરમનપ્રીત કૌરે ટોસ માટે મેદાનમાં ઉતરી, ત્યારે તેણીએ એક મોટો સિમાચિહ્ન હાંસલ કર્યો. હરમનપ્રીત કૌર હવે ટી ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ઈતિહાસમાં ૨૦૦ મેચ રમનારી પ્રથમ મહિલા અને પુરુષ ખેલાડી બની ગઈ છે. આ મહત્વપૂર્ણ મેચમાં, ટીમ ઈન્ડિયાના કેપ્ટને ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો.

હરમનપ્રીત કૌરનો ટી ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ઈતિહાસમાં એક નોંધપાત્ર રેકોર્ડ છે, જેના કારણે તે આ ફોર્મેટમાં ટીમ ઈન્ડિયા માટે મુખ્ય ખેલાડી બની છે. હરમનપ્રીત કૌર, જે પોતાનો ૧૦મો ટી ૨૦ આંતરરાષ્ટ્રીય વર્લ્ડ કપ રમી રહી છે, તેણે દક્ષિણ આફ્રિકા સામેની મેચમાં ટોસ માટે મેદાનમાં ઉતરીને તેની ૨૦૦મી મેચ રમી હતી. અગાઉ, પુરુષ અને મહિલા બંને અન્ય કોઈ ખેલાડીએ ૨૦૦ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી ન હતી. હરમનપ્રીત કૌર પછી, ટી ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં બીજા ક્રમે સૌથી વધુ મેચ રમનાર ખેલાડી સુઝી બેટ્સ છે, જેણે ૧૮૪ મેચ રમી છે. દરમિયાન, આયર્લેન્ડના ખેલાડી પોલ સ્ટર્લિંગે પુરુષોની ૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં સૌથી વધુ મેચ રમી છે.

સૌથી વધુ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચો (પુરુષો અને મહિલાઓ) ધરાવતી ખેલાડીઓ

હરમનપ્રીત કૌર (ભારત) - ૨૦૦ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચો

સુઝી બેટ્સ (ન્યુઝીલેન્ડ) - ૧૮૪ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચો

પોલ સ્ટર્લિંગ (આયર્લેન્ડ) - ૧૬૩ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચો

રોહિત શર્મા (ભારત) - ૧૫૯ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચો

જ્યોર્જ ડોકરેલ (આયર્લેન્ડ) - ૧૫૭ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચો

# દક્ષિણ આફ્રિકા સામે હાર છતાં ભારતની ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ના સેમિફાઈનલમાં પહોંચવાની આશા અકબંધ

## આઈસીસી મહિલા ટી ૨૦ વર્લ્ડ કપ ગ્રુપ એ માં સ્પર્ધા હવે અત્યંત રોમાંચક બની



નવીદિલ્હી,

આઈસીસી મહિલા ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં દક્ષિણ આફ્રિકા સામેની હારથી ભારતીય ટીમની મુશ્કેલીઓ ચોક્કસપણે વધી ગઈ છે, પરંતુ સેમિફાઈનલમાં પહોંચવાની તેમની આશા અકબંધ છે. ગ્રુપ એ માં સ્પર્ધા હવે અત્યંત રોમાંચક બની ગઈ છે, ભારત, દક્ષિણ આફ્રિકા અને બાંગ્લાદેશ બધાના ૪-૪ પોઈન્ટ છે. આવી સ્થિતિમાં, સેમિફાઈનલની દોડમાં માત્ર જીત જ નહીં પણ નેટ રન રેટ પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

દક્ષિણ આફ્રિકા સામે ૬ વિકેટથી થયેલા પરાજય છતાં, ભારતીય ટીમની આશાઓ અકબંધ છે. ટીમ ઈન્ડિયાએ તેમની શરૂઆતની મેચોમાં પાકિસ્તાન અને નેધરલેન્ડ્સ સામે મોટી જીત નોંધાવી હતી, જેના કારણે ટીમનો નેટ રન રેટ +૨.૫૧૧ થયો હતો. ભારતીય ટીમ પાસે હવે બે મેચ બાકી છે, અને સેમિફાઈનલમાં પહોંચવાનો તેમનો રસ્તો મોટાભાગે આના પર નિર્ભર રહેશે. જો ભારતીય ટીમ બાંગ્લાદેશ અને ઓસ્ટ્રેલિયા બંનેને હરાવે છે, તો અંતિમ ચારમાં પહોંચવાની તેની શક્યતાઓ નોંધપાત્ર રીતે મજબૂત બનશે. મજબૂત નેટ રન રેટ પણ તેના પક્ષમાં કામ કરશે. જો કે, જો ટીમ આ બે મેચમાંથી કોઈપણ મેચ હારી જાય છે, તો તેને અન્ય ટીમોના પરિણામો અને તેમના નેટ રન રેટ પર આધાર રાખવો પડી શકે છે.દક્ષિણ આફ્રિકાએ ટુર્નામિન્ટની શરૂઆત ઓસ્ટ્રેલિયા સામેની હાર સાથે કરી હતી, જેણે તેના નેટ રન રેટ પર નોંધપાત્ર અસર કરી હતી.

# આશા ભોંસલેને શ્રદ્ધાંજલિ આપતા એઆર રહેમાનના ગીતનું ટીઝર રિલીઝ : ભાવનાત્મક પોસ્ટ પણ લખી



મુંબઈ,

સંગીત નિર્દેશક એઆર રહેમાને સુપ્રસિદ્ધ ગાયિકા આશા ભોંસલેને સમર્પિત તેમના શ્રદ્ધાંજલિ ગીતનું ટીઝર રિલીઝ કર્યું છે. આ ટીઝર દર્શકોને ભારતના સૌથી મોહક અવાજોમાંના એકનું સન્માન કરતા આ પ્રોજેક્ટની હૃદયસ્પર્શી ઝલક આપે છે. આ ટીઝરમાં આ શ્રદ્ધાંજલિના નિર્માણના પડદા પાછળના ખાસ ક્ષણો દર્શાવવામાં આવ્યા છે, જેમાં વિવિધ પૃષ્ઠભૂમિના કલાકારો, સંગીતકારો અને કલાકારો આશા ભોંસલેના અસાધારણ સંગીત વારસાને માન આપવા માટે એક સાથે આવતા દર્શાવવામાં આવ્યા છે.રહેમાને એકસ પર એક પોસ્ટમાં લખ્યું, "આ વિશ્વ સંગીત દિવસ, આપણે એક એવા અવાજની ઉજવણી કરીએ છીએ જે પેઢીઓ, ભાષાઓ અને સરહદોને પાર કરે છે. આ શ્રદ્ધાંજલિ એક સ્વપ્ન તરીકે શરૂ થઈ હતી જ્યારે આશા ભોંસલે અમારી સાથે હતા. અમને આશા હતી કે તેઓ આ પ્રોજેક્ટમાં પ્રેમ અને કૃતજ્ઞતા જોશે." ટીઝરની એક ખાસ વાત એ છે કે આશા ભોંસલેનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રખ્યાત ગાયિકા, જે પ્રોજેક્ટની રચનાનો ભાગ હતી, તેને રહેમાન અને અન્ય કલાકારો સાથે રેકોર્ડિંગ સ્ટુડિયોમાં જોઈ શકાય છે.ગીતને પોતાનો અવાજ આપનાર એ.આર. રહેમાન, સમગ્ર ટીઝરમાં દેખાય છે. તે સંગીતની સફરનું વર્ણન કરે છે અને કલાકારોની ટીમ સાથે સહયોગ કરે છે. તેમણે કેપ્શનમાં આગળ ઉમેર્યું, "દુનિયાભરમાં, અમે સંગીતના દિગ્ગજોનું સન્માન કરીએ છીએ. અમે ભાગ્યશાળી છીએ કે અમારી વચ્ચે એક એવા કલાકાર છે જેનો અવાજ અસંખ્ય જીવન માટે સાઉન્ડટ્રેક બની ગયો છે.

# બોની કપૂરની પુત્રી અંશુલા કપૂર તેના મંગેતર રોહન ઠક્કર સાથે લગ્ન કરવા માટે તૈયાર



મુંબઈ,

બોલીવુડ ફિલ્મ નિર્માતા બોની કપૂરની મોટી પુત્રી અને અભિનેતા અર્જુન કપૂરની બહેન અંશુલા કપૂર તેના મંગેતર રોહન ઠક્કર સાથે લગ્ન કરવા માટે તૈયાર છે. આ દંપતીએ જુલાઈ ૨૦૨૫ માં સગાઈ કરી હતી અને હવે, તેમની સગાઈના એક વર્ષ પછી, તેઓ લગ્ન કરવા જઈ રહ્યા છે.

રોહન ઠક્કરે જુલાઈ ૨૦૨૫ માં અંશુલાને પ્રપોઝ કર્યું હતું, ત્યારબાદ તેઓએ ઓક્ટોબરમાં રોકા સમારંભ રાખ્યો હતો, અને હવે તેઓએ લગ્નની તૈયારીઓ શરૂ કરી દીધી છે. અંશુલા ઘણીવાર ચાહકો સાથે તેના લગ્નની તૈયારીઓની ઝલક શેર કરે છે.અંશુલા અને રોહને હવે દેવી માતાના આશીર્વાદથી પોતાનું નવું જીવન શરૂ કરવાનું નક્કી કર્યું છે અને ઘરે માતા કી ચોકીનું આયોજન કર્યું છે, જેમાં સમગ્ર કપૂર પરિવાર હાજર રહ્યો હતો. ખુશી કપૂર અને જાહ્નવી કપૂર પણ પૂજા માટે તેમના મોટા ભાઈ-બહેનો, અર્જુન કપૂર અને અંશુલા સાથે જોડાયા હતા.

આ ખાસ પ્રસંગે અંશુલાના કાકા અને કાકી, સંજય કપૂર અને મહિપ કપૂર પણ તેમની સાથે જોડાયા હતા, અને પિતરાઈ ભાઈ-બહેનો શનાયા અને જહાં પણ તેમની મોટી બહેન સાથે પોઝ આપતા જોવા મળ્યા હતા. આ દરમિયાન અંશુલાના ચહેરા પર ખુશી સ્પષ્ટ દેખાતી હતી.

મહીપ, સુનિતા, સંજય, શનાયા, જાહ્નવી અને ખુશી સહિત આખો પરિવાર પરંપરાગત પોશાક પહેરીને માતા કી ચોકીમાં હાજરી આપી અને પછી સાથે ફોટા પડાવ્યા. શનાયાએ સોશિયલ મીડિયા પર કેટલાક ફોટા પણ શેર કર્યા, જેમાં તે સફેદ સૂટમાં જોવા મળી રહી છે.

અંશુલાએ તેના મંગેતર રોહન ઠક્કર સાથે દેવીની પૂજા કરી અને આરતી કરી. આ ખાસ કાર્યક્રમના ફોટા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યા હતા, જેમાં તે ચુન્ની પહેરીને દેવીની આરતી કરતી જોવા મળી રહી છે, તેની સાથે તેનો ભાવિ પતિ રોહન ઠક્કર પણ છે.

એ નોંધનીય છે કે અંશુલા અને રોહનની સગાઈ ઓક્ટોબર ૨૦૨૫ માં થઈ હતી. તેમની સગાઈના એક વર્ષ પછી, બંને હવે લગ્નના બંધનમાં બંધાવા માટે તૈયાર છે. અંશુલાએ ગયા વર્ષે સેન્ટ્રલ પાર્કમાં એક કિલ્લાની સામે રોમન્ટિક રીતે તેણીને પ્રપોઝ કર્યું હતું તે યાદ કર્યું.અંશુલા અને રોહનની સગાઈ ઓક્ટોબર ૨૦૨૫ માં થઈ હતી. તેમની સગાઈના એક વર્ષ પછી, તેઓ હવે લગ્નના બંધનમાં બંધાવા માટે તૈયાર છે. અંશુલાએ ગયા વર્ષે સેન્ટ્રલ પાર્કમાં એક કિલ્લાની સામે રોમન્ટિક રીતે તેણીને પ્રપોઝ કેવી રીતે કર્યું તે યાદ કર્યું.સગાઈ પછી, અંશુલાએ ખુલાસો કર્યો કે તેની અને રોહનની પ્રેમકહાની એક ડેટિંગ એપ પર શરૂ થઈ હતી.

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ચ | દ | મા | ગુ | ણિ | ન | ર | સા | દ | દ | જ્ઞા | ગુ |
| મ | ર | મા | ઇ | મા | બં | જી | ર | ગ | ગ | ન | મ |
| ચી | કુ | શ | ગ | ર | ન | ર | ર | ઉ | ઝ | ળો | ના |
| બં | ગં | સા | બૂ | શિ | શિ | દ | ન | રી | લ | વિ | મ |
| ગુ | લા | મ | મ | મ | ક્ષ | ગ | ક | ભો | ડ | લી | તા |
| રી | ફ | એ | ચી | ભ | ક | ડો | ઊ | જ | મ | બં | પ |
| ણા | ન | ક્ષ | ક | બૂ | બ | ઔ | સ | ગ | રો | દ | સ |
| ભો | સા | દ | ઓ | ર | ગ | ક | રો | સ | ર | લ | ર |
| ચ | ક | ચા | ર | બં | ન | ર | ઇ | પ્ર | ક | પ્ર | કા |
| શિ | શિ | અ | ણિ | સ | બા | ત | મો | ન | બા | જ | ક |
| બિ | દ | ર | પ્ર | વિ | ઇ | ડ | મ | રી | ગી | વા | જી |
| લ | રા | કી | કા | બ | જી | કા | વા | કા | ઉ | ણ | ભો |

શબ્દ શોધો: ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# લોસ એન્જલસમાં પ્રીતિ ઝિન્ટાએ પોતાના ઘરે કિચન ગાર્ડન બનાવ્યો, કેપ્સિકમથી લઈને સફરજન ઉગાડયા







મુંબઈ,

બોલીવુડ અભિનેત્રી પ્રીતિ ઝિન્ટાને એક નવો શોખ મળ્યો છે જે તેને ખરેખર જમીન સાથે જોડે છે. તેના પતિ, જીન ગુડઈનફ સાથે લોસ એન્જલસમાં સ્થાયી થયા પછી, ૪૯ વર્ષીય પ્રીતિ તેના રસોડાના બગીચાની ખેતી કરી રહી છે, જેને તે પ્રેમથી 'ઘરે ખેતી' કહે છે. અને દર વખતે જ્યારે તેના કાળજીપૂર્વક સંભાળેલા છોડમાંથી કોઈ નવી શાકભાજી કે ફળ નીકળે છે, ત્યારે પ્રીતિ હિમાચલ પ્રદેશમાં તેના મૂળ સાથે વધુ જોડાયેલી અનુભવે છે.

વૈશ્વિક સુપરસ્ટાર હોવા છતાં તે શાંતિ કેવી રીતે મેળવે છે? પ્રીતિ ઝિન્ટા માટે, જવાબ માટીમાંથી આવ્યો. સુત્રો અનુસાર, પ્રીતિએ મહામારી દરમિયાન બાગકામ શરૂ કર્યું હતું, અને તે ફક્ત એક શોખ કરતાં વધુ બની ગયું. ઈન્સ્ટાગ્રામ પર, તેણીએ શેર કર્યું કે બાગકામથી તેણીને સુરક્ષા, આનંદ અને આશાની ભાવના મળી, અને તેના બગીચામાં બધા છોડ મહામારી દરમિયાન વાવવામાં આવ્યા હતા. લોકડાઉન દરમિયાન સમય પસાર કરવા માટે જે શરૂ થયું તે ધીમે ધીમે તેના પોતાના ઓર્ગેનિક શાકભાજી અને ફળો ઉગાડવાના સાચા પ્રેમમાં ખીલ્યું.

પ્રીતિ નિયમિતપણે ઈન્સ્ટાગ્રામ વિડિઓઝ અને રીલ્સ દ્વારા તેના ચાહકો સાથે તેના અદભુત બગીચાની ઝલક શેર કરી રહી છે, અને દરેક છોડ પાછળ તેની એક વાર્તા છે. તેણીની એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં, તેણીએ 'પિંક લેડી એપલ' વૃક્ષ ઉગાડવાનું વર્ણન કર્યું જે તેણીને હિમાચલમાં તેના ઘરની યાદ અપાવે છે. તેણીએ મજાકમાં એમ પણ કહ્યું, "તમે હિમાચલથી છોકરીને દૂર લઈ જઈ શકો છો, પરંતુ તમે તે છોકરીથી હિમાચલને છીનવી શકતા નથી." સફરજનના ઝાડને ફળ આવતા ત્રણ વર્ષ લાગ્યા, અને જ્યારે ફળ આવ્યું, ત્યારે પ્રીતિનો આનંદ સ્પષ્ટ હતો. તે જ ઈન્સ્ટાગ્રામ વિડીયોમાં, તેણીએ સમજાવ્યું કે તે ઘણીવાર ઝાડને પૂછતી હતી, "કૃપા કરીને, મને થોડા સફરજન આપો," અને જ્યારે ફળ આવ્યું, ત્યારે તેણીને એવું લાગ્યું કે જાણે તેની પ્રાર્થનાઓનો જવાબ મળી ગયો હોય.

દરેક સફળ બગીચા પાછળ એક માળી હોય છે, અને પ્રીતિ ઝિન્ટાની માતા તેના સમૃદ્ધ ઘર માટે જવાબદાર હોય છે. અભિનેત્રીએ વારંવાર તેણીની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ્સમાં તેની માતાનો ઉલ્લેખ કર્યો છે, સમજાવ્યું છે કે તેણીએ જ તેણીને ઘરે શાકભાજી ઉગાડવા અને બગીચામાં ગુણવત્તાયુક્ત સમય વિતાવવાની પ્રેરણા આપી હતી. તે એક પ્રિય કૌટુંબિક પરંપરા છે જે ઘરથી હજારો માઈલ દૂર, લોસ એન્જલસના હૃદયમાં ચાલુ રહે છે.

સમય જતાં, પ્રીતિ ઝિન્ટાએ તેના બગીચાનો વિસ્તાર કર્યો છે અને હવે વિવિધ પ્રકારની તાજી અને ઓર્ગેનિક શાકભાજી ઉગાડે છે. તેણી તેના ઈન્સ્ટાગ્રામ રીલ્સમાં ટામેટાં, ઘંટડી મરી, નાભિ નારંગી અને લીલા મરચાં ઉગાડતી જોવા મળે છે, જે ઓર્ગેનિક ખેતીમાં તેની સફળતા દર્શાવે છે. દરેક પાક તેના માટે અપાર આનંદ લાવે છે અને તે આ સુંદર ક્ષણોને સોશિયલ મીડિયા પર તેના ફોલોઅર્સ સાથે શેર કરવાનું પસંદ કરે છે.

# અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ રાજકોટ સ્ટેશનને મળશે નવી ઓળખ

## લેવલ ક્રોસિંગ સંખ્યા ૧૨૫ ના સ્થાને બની રહ્યો છે રોડ અંડર બ્રિજ

રાજકોટ:પશ્ચિમ રેલવેના રાજકોટ સ્ટેશનના પુનઃવિકાસ કાર્યો અંતર્ગત 'અમૃત ભારત સ્ટેશન યોજના' હેઠળ સ્ટેશનના દ્વિતીય પ્રવેશદ્વાર (સેકન્ડ એન્ટ્રી)ના વિકાસ કાર્યોને ગતિ આપવામાં આવી રહી છે. આ જ ક્રમમાં રાજકોટ યાર્ડમાં આવેલા લેવલ ક્રોસિંગ સંખ્યા ૧૨૫ ને નાબૂદ કરવાનું મહત્વપૂર્ણ કાર્ય મંજૂર કરવામાં આવ્યું છે. આ લેવલ ક્રોસિંગના સ્થાને સડક વાહનવ્યવહારને અવરોધરહિત, સુરક્ષિત અને સુગમ બનાવવા માટે રોડ અંડર બ્રિજ (ગરનાળા) નું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનિલ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં રાજકોટ સ્ટેશન યાર્ડમાં રોડ અંડર બ્રિજનું નિર્માણ કાર્ય ખૂબ જ ઝડપથી પ્રગતિ પર છે. આ પરિયોજના અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત વિકસાવવામાં આવી રહેલા રાજકોટ સ્ટેશનના સેકન્ડ એન્ટ્રી વિસ્તારનો એક મહત્વપૂર્ણ ભાગ છે, જેના પૂર્ણ થવાથી સ્ટેશન સુધી પહોંચવું વધુ સુવિધાજનક અને વ્યવસ્થિત બનશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ પરિયોજના અંતર્ગત અત્યાધુનિક "કટ એન્ડ કવર" ટેકનિકના માધ્યમથી પ્રીકાસ્ટ આરસીસી (RCC) બોક્સનું લોન્ચિંગ અને સ્થાપન કરવામાં આવી રહ્યું છે. રેલવે ટ્રેકની નજીક મર્યાદિત કાર્યસ્થળ હોવા છતાં અને રેલ પરિવહનને અસર કર્યા વિના કાર્ય પૂર્ણ કરવાના પડકારને જોતાં, અત્યંત ઉચ્ચ ક્ષમતા ધરાવતી ક્રેનની મદદથી આ કામગીરી કરવામાં આવી રહી છે. આ મહત્વપૂર્ણ પરિયોજના હેઠળ તાજેતરમાં



જ આરસીસી બોક્સના લોન્ચિંગ અને પ્લેસમેન્ટ માટે મેગા ટ્રાફિક અને પાવર બ્લોક સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો. નિર્ધારિત બ્લોક સમયગાળા દરમિયાન રેલવે પ્રશાસન દ્વારા ભારે મશીનરી અને મોટી સંખ્યામાં માનવબળ તૈનાત કરવામાં આવ્યું હતું.

કાર્યસ્થળ પર ૭૫૦ મેટ્રિક ટન, ૬૦૦ મેટ્રિક ટન અને ૩૦૦ મેટ્રિક ટન ક્ષમતા ધરાવતી ત્રણ અત્યાધુનિક હેવી ક્રેન, ચાર હાઈડ્રોલિક એક્સ્કેવેટર, સાત ડમ્પર/ટીપર તેમજ આશરે ૭૫ કુશળ અને અકુશળ શ્રમિકો સાથે ઈજનેરો અને સુપરવાઈઝરોની ટીમને તૈનાત કરવામાં આવી હતી. તમામ વિભાગોના સંકલિત પ્રયાસોથી આરસીસી બોક્સના લોન્ચિંગ અને પ્લેસમેન્ટનું કાર્ય નિર્ધારિત સમયમર્યાદામાં સુરક્ષિત અને સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.આ પરિયોજના પૂર્ણ થયા બાદ રાજકોટના શહેરવાસીઓને રેલવે ફાટક પર થતા ટ્રાફિક જામ અને અવરોધોમાંથી મુક્તિ મળશે. સાથે જ સડક વાહનવ્યવહાર વધુ સુરક્ષિત, સુગમ અને ઝડપી બનશે. આ ઉપરાંત, સ્ટેશનના સેકન્ડ એન્ટ્રી વિસ્તારને વધુ સારી કનેક્ટિવિટી મળશે, જેથી મુસાફરો અને સ્થાનિક નાગરિકો બંનેને લાંબાગાળાનો લાભ થશે.

રાજકોટના ડિવિઝન રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત રાજકોટ સ્ટેશનના પુનઃવિકાસ કાર્યોને તબક્કાવાર રીતે આગળ ધપાવવામાં આવી રહ્યા છે. લેવલ ક્રોસિંગ સંખ્યા ૧૨૫ ના સ્થાને નિર્માણ પામનારો રોડ અંડર બ્રિજ માત્ર સડક વાહનવ્યવહારને વધુ સુરક્ષિત અને અવિરત નહીં બનાવે, પરંતુ સ્ટેશનના સેકન્ડ એન્ટ્રી વિસ્તાર સુધીની પહોંચને પણ સરળ બનાવશે. આ પરિયોજના મુસાફરોની સુવિધા, સુરક્ષા અને આધુનિક રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

# રામકૃષ્ણ આશ્રમ તથા એઈમ્સના ઉપક્રમે રક્તદાન શિબિર યોજાઈ




રાજકોટ તા.૨૨

રામકૃષ્ણ આશ્રમ મેડિકલ સેન્ટર, રાજકોટ દ્વારા એઈમ્સ રાજકોટના સહયોગથી તા. ૨૦ જૂન ૨૦૨૬ના રોજ એક સફળ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનો મુખ્ય હેતુ સમાજમાં રક્તદાન અંગે જાગૃતિ લાવવાનો તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને જીવનદાયી રક્ત ઉપલબ્ધ કરાવવાનો હતો.

આ પ્રસંગે AIIMS રાજકોટના ડો. સંજય ગુપ્તા (ડીન - એકેડેમિક્સ) મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે ડો. સુમિત (ઈન્ચાર્જ, બ્લડ બેન્ક) વિશિષ્ટ અતિથિ તરીકે હાજર રહ્યાં હતા. શિબિર દરમિયાન નાગરિકો, યુવાનો, સમાજસેવકો, આશ્રમના ભક્તો તેમજ વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

કુલ ૬૫ રક્તદાતાઓએ સ્વૈચ્છિક રક્તદાન કરીને માનવસેવાનો ઉત્તમ દાખલો પૂર્યો. AIIMS રાજકોટની નિષ્ણાત તબીબી ટીમ દ્વારા તમામ દાતાઓ માટે જરૂરી પ્રાથમિક તપાસ, માર્ગદર્શન અને સંપૂર્ણ સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી હતી.

# જયાનંદધામ-નવગ્રહ જિનાલયે તા.૨૯મીના શ્રી આદેશ્વર દાદાનો અભિષેક કરાશે : દર્શનાર્થીઓને ભાતુ

રાજકોટ

જિનશાસન પ્રભાવક આચાર્ય ભગવંત પૂ.જયશેખર સૂરિશ્વરજી મહારાજા પ્રેરિત 'જયાનંદ ધામ નવગ્રહ જિનાલયના આંગણે આગામી તા.૨૯મીના નીજ જેઠ સુદ પુનમના સોમવારે મુળનાયક શ્રી આદિશ્વર દાદાનો અભિષેક કરવામાં આવશે.

આ અનુષ્ઠાનમાં ઉપસ્થિત રહેનારા ભાવિકોને ભાતુ આપવામાં આવશે. આગામી તા.૨૯મીના સોમવારના જયાનંદધામ-નવગ્રહ જિનાલયના આંગણે સવારે ૬-૩૦ કલાકે આદેશ્વર દાદાના અભિષેક તથા પક્ષાલ કરવામાં આવશે.

ઉપરોકત અનુષ્ઠાનમાં



આવનાર દરેક દર્શનાર્થીઓને ભાતુ આપવામાં આવશે. ભાતાના લાભાર્થી તરૂણભાઈ જે. મહેતા (હસ્તે ભારતીબેન મહેતા) પરિવાર છષ. તેમ જયાનંદધામના વિશાલભાઈ શાહ, નિર્મલભાઈ શાહ, કેતનભાઈ દોશી, દીપકભાઈ શેઠ વગેરેએ જણાવેલ છે.

# સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્ દ્વારા ૧૯ રાજ્યોના ૭ લાખથી વધુ બાળકોને નિઃશુલ્ક સુવર્ણપ્રાશન અપાયુ

## દર પુષ્ય નક્ષત્રે યોજાતા કેમ્પ અંતર્ગત ગુજરાતના ૪૦૦ અને દેશના ૧૧૦૦થી વધુ કેન્દ્રો પર કાર્યકર્તાઓએ આપી સેવા

રાજકોટ:

સમગ્ર ભારતમાં બાળ સ્વાસ્થ્ય અને બાળ સંસ્કારના ઉત્થાન માટે છેલ્લા ૫૫ વર્ષોથી કાર્યરત સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્ દ્વારા દેશભરમાં એક અનોખું અને ભવ્ય નિઃશુલ્ક મંત્રૌષધિ સુવર્ણપ્રાશનમ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત ગત ગુરુવાર, ૧૮ જૂન ના રોજ પુષ્ય નક્ષત્રના પવિત્ર અવસરે ભારતભરમાં વિશાળ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભારતનું સૌથી જૂનું બાળસ્વાસ્થ્ય અભિયાન ગણાતા આ સેવાયજ્ઞ હેઠળ દેશના ૧૯ રાજ્યોમાં ૧૧૦૦થી વધારે અને એકલા ગુજરાતમાં જ ૪૦૦થી વધુ કેન્દ્રો પર




લાખો બાળકોને મંત્રૌષધિ સુવર્ણપ્રાશનના ડોઝ સંપૂર્ણપણે વિનામૂલ્યે પીવડાવવામાં આવ્યા હતા.સામાન્ય રીતે બજારમાં જે સુવર્ણપ્રાશન ડોઝની કિંમત રૂ. ૩૦ થી લઈને રૂ. ૫૦ સુધીની હોય છે, તે ડોઝ સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્ દ્વારા કોઈપણ આર્થિક ભેદભાવ વિના તદ્દન મફત પહોંચાડવામાં આવે છે. સંસ્થાની આ સેવાની સુવાસ માત્ર ગુજરાત પૂરતી સીમિત ન રહેતા દેશના ખૂણે-ખૂણે વિસ્તરી ચૂકી છે.

આ ભગીરથ કાર્યને સફળ બનાવવા માટે સંસ્થાના ૧૭૦૦થી વધારે સમર્પિત કાર્યકર્તાઓ પોતાનો સમય, શક્તિ અને સામર્થ્ય ખર્ચીને રાત-દિવસ સેવાની ધૂણી ધખાવી રહ્યા છે. આ સામૂહિક પ્રયાસોના પરિણામે જ આજે દર મહિને દેશભરના ૨ કે ૫ હજાર નહીં, પરંતુ ૭ લાખથી વધારે બાળકો આ સ્વાસ્થ્યવર્ધક અમૃત ડોઝનો લાભ મેળવી રહ્યા છે.

# યોગ દિવસે શ્રી ખોડલધામ ટ્રસ્ટ અને શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા રાજકોટમાં સેન્ટર ફોર યોગા એક્સલન્સ (યોગા સ્ટૂડિયો) ખુલ્લો મૂકાયો

રાજકોટ:શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ સંચાલિત 'શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટ' દ્વારા ૨૧ જૂન ને રવિવારના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પાવન દિવસે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર ખાતે એક નૂતન 'સેન્ટર ફોર યોગા એક્સલન્સ' (યોગા સ્ટુડિયો)નો પ્રારંભ કરવામાં આવ્યો છે. રાજકોટ રામકૃષ્ણ આશ્રમના સ્વામીશ્રી મેઘજાનંદજી મહારાજ અને શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી-વેરાવળના રજિસ્ટ્રારશ્રી મહેશકુમાર મેત્રાના વરદ હસ્તે આ યોગા સ્ટૂડિયોને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી- વેરાવળના રજિસ્ટ્રારશ્રી મહેશકુમાર મેતરા દ્વારા શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન- રાજકોટના ટ્રસ્ટીશ્રીઓને ડિપ્લોમા ઈન યોગા કોર્ષની માન્યતા અંગેનું ઓફિશિયલ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

રાજકોટ શહેરના ન્યૂ માયાણીનગર સ્થિત શ્રી સરદાર પટેલ ભવન ખાતે શારીરિક સ્વાસ્થ્ય, માનસિક શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિના ઉદ્દેશ્ય સાથે શરૂ થયેલા સેન્ટર ફોર યોગા એક્સલન્સ કેન્દ્રનો ઉદઘાટન સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે રિબિન કાપીને સ્ટૂડિયોને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ યોજાયેલા સ્ટેજ કાર્યક્રમની શરૂઆતમાં શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટના પ્રમુખશ્રી હરેશભાઈ પરસાણાએ સ્વાગત પ્રવચન દ્વારા સૌને ઉમળકાભેર આવકાર્યા હતા. ત્યારબાદ મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. દિપ પ્રાગટ્ય બાદ નિરાલીબેન દવે અને તેમની ટીમ દ્વારા સુંદર મજાની કથક નૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ પ્રસંગે અતિથિ વિશેષ અને ઉદઘાટક સ્વામીશ્રી મેઘજાનંદજી મહારાજ,શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી મહેશકુમાર મેતરા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી અજયસિંહ જાડેજાનું ટ્રસ્ટીશ્રીઓ દ્વારા ખેસ અને હાર પહેરાવી મા ખોડલની પ્રતિમા અર્પણ કરી સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રામકૃષ્ણ આશ્રમ રાજકોટના સ્વામી મેઘજાનંદજી મહારાજે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર અને રાજકોટના લોકોના આરોગ્યની ચિંતા કરીને સંસ્થા દ્વારા યોગા સ્ટૂડિયો શરૂ કરવામાં આવ્યો છે તે અભિનંદનને પાત્ર છે. તેમણે સ્વામી વિવેકાનંદજીના વિચારો રજૂ કરતાં કહ્યું હતું કે, આપણે બધા લોકો દિવ્ય છીએ પણ આપણે આપણું સ્વરૂપ ભુલી ગયા છીએ. સ્વામી વિવેકાનંદજીએ કર્મ, જ્ઞાન, રાજ અને ભક્તિ એમ ચાર યોગ કહ્યા છે. યોગ વિદ્યાર્થીને કેવી રીતે સારો વિદ્યાર્થી બનવું તે શિખવે છે. યોગ કરવાથી એકાગ્રતા વધે છે. યોગ કરવાથી બાહુ બળ, બુદ્ધિ બળ અને મનોબળ વધે છે. ત્યારે સંસ્થાની આ પહેલ ખૂબ પ્રસંશનીય છે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી- વેરાવળના રજિસ્ટ્રારશ્રી મહેશકુમાર મેતરાએ જણાવ્યું હતું કે, આપણા જીવનમાં યોગની ખૂબ જ જરૂરિયાત છે. ત્યારે શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા અદ્યતન યોગા સ્ટૂડિયો શરૂ કરવામાં આવ્યો છે તે સરાહનીય છે.

આ તકે ઉપસ્થિત ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળાએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, યોગથી શારીરિક તંદુરસ્તી તો મળે જ છે પરંતુ માનસિક તંદુરસ્તી પણ મળે છે અને ભાઈચારો વધે છે. યોગ એ આપણી ઋષિ પરંપરા છે. શ્રી ખોડલધામ વર્ષોથી યોગ ક્લાસ ચલાવે છે જેમાં અનેક લોકો જોડાયા છે.

આ પ્રસંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી અજયસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, યોગ લોકોને જોડવાનું કામ કરે છે. ત્યારે આ યોગા સ્ટૂડિયો શરૂ કરવા બદલ સંસ્થાને અભિનંદન પાઠવું છું.

આ પ્રસંગે મંત્રીશ્રી જી.એલ. રામાણી દ્વારા શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન- રાજકોટ દ્વારા શ્રી સરદાર પટેલ ભવન ખાતે ચાલતી સામાજિક, શૈક્ષણિક, આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓની માહિતી



આપવામાં આવી હતી.યોગ શિક્ષક દિપકભાઈ પટેલે સંસ્થા સાથે જોડાયેલા તમામ ૧૭ યોગગુરુ, ડોક્ટરો અને નિષ્ણાતોનો પરિચય કરાવ્યો હતો.

**સેન્ટર ફોર યોગા એક્સલન્સમાં મળનાર સુવિધાઓ**

આ સેન્ટરમાં ભાઈઓ, બહેનો તેમજ બાળકો માટે જુદા જુદા સ્પેશિયલાઈઝ્ડ સેક્શન અને સ્ટૂડિયો બનાવવામાં આવ્યા છે.

થેરાપી સ્ટૂડિયો: અહીં રોગ આધારિત વિશેષ યોગ સત્રો ચલાવવામાં આવે છે. જેમાં વજન ઘટાડવા માટેનો સ્પેશિયલ વેટ લોસ પ્રોગ્રામ, ડાયાબિટીસ, પાચનની સમસ્યાઓ (ગટ હેલ્થ), હાઈ બ્લડપ્રેશર, હૃદયની તકલીફો, ડિપ્રેશન, એન્ઝાયટી, સાંધાના દુઃખાવાઅને થાઈરોઈડ જેવી બિમારીઓ માટે ખાસ યોગ કરાવવામાં આવશે.શરીરની આંતરિક શુદ્ધિ માટે શુદ્ધિ ક્રિયાઓ જેમ કે ત્રાટક, નેતિ (જલ, કેથેટર), ધૌતી, વમન અને નૌલી ક્રિયાઓ કરાવવામાં આવશે. આ ઉપરાંત સાઉન્ડ મેડિટેશન, રાગ થેરાપી, સાયકલિક-એડવાન્સ મેડિટેશન, સ્જીઈ્ અને યોગ નિદ્રા જેવી સેવાઓ સામેલ છે. ગર્ભવતી બહેનો માટે પ્રેગ્નન્સી દરમિયાન અને ડિલિવરી બાદના ખાસ યોગા સત્રો પણ ઉપલબ્ધ છે.

યોગ / એરિયલ સ્ટૂડિયો: સામાન્ય ફિટનેસ માટેના રેગ્યુલર યોગ વર્ગો ઉપરાંત પ્રોપ્સ સાથે એરિયલ યોગ અને બંજી જમ્પિંગની આધુનિક સુવિધા અહીં ઉપલબ્ધ છે. બાળકોના સર્વાંગી વિકાસ અને જિલ્લાથી લઈને ઈન્ટરનેશનલ કક્ષાની સ્પર્ધાઓની તૈયારી માટે ખાસ યોગ વર્ગો તેમજ ૩ થી ૮ વર્ષના બાળકો માટે 'ફિઝિકલ લિટરસી પ્રોગ્રામ' પણ ચલાવવામાં આવે છે.

એરોબિક્સ / કથક / સેમી-ક્લાસિકલ સ્ટૂડિયો:ફિટનેસ પ્રેમીઓ માટે બોલ, સ્ટીક, સ્ટેપર, બેલ્ટ, વોલ વર્કઆઉટ અને બોલીવુડ મ્યુઝિક સાથે એરોબિક્સ અને ઝુમ્બાના વર્ગો ચલાવવામાં આવે

# 'ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના' થકી ગંગાસ્વરૂપા બહેનોને સરકારનો આર્થિક ટેકો મળ્યો

## રાજકોટ જિલ્લામાં એક વર્ષ દરમિયાન ૭૫ હજારથી વધુ મહિલાઓને રૂ. ૧૧૨ કરોડથી વધુની સહાય



રાજકોટ:

દર વર્ષે ૨૩ જૂને 'આંતરરાષ્ટ્રીય વિધવા દિવસે' ગંગાસ્વરૂપા મહિલાઓ માનભેર જીવી શકે, તે માટે વિવિધ કલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નારી શક્તિને 'સન્માન, સુરક્ષા અને સુવિધા' પૂરી પાડી આત્મનિર્ભર બનાવવાનો સંકલ્પ લેવાયો છે. આ જ માનવીય અભિગમને સાકાર કરવા રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા વર્ષ ૧૯૭૯થી 'ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના' અમલમાં મૂકવામાં આવી છે, જે ગંગાસ્વરૂપા માટે આર્થિક અને સામાજિક સુરક્ષાનું કવચ બની છે.

રાજકોટ જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રી જનકસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, એપ્રિલ, ૨૦૨૫થી માર્ચ, ૨૦૨૬ દરમિયાન રાજકોટ જિલ્લાની આશરે કુલ ૭૫,૪૬૦ ગંગાસ્વરૂપ મહિલાઓને 'ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના'નો સીધો લાભ મળ્યો છે. માર્ચ, ૨૦૨૬ અંતિત આ લાભાર્થી મહિલાઓને કુલ રૂ. ૧૧૨ કરોડથી વધુની આર્થિક સહાય સીધી તેમના બેંક ખાતામાં જમા કરાવીને સરકારે તેમને આર્થિક ટેકો આપ્યો છે. જો કોઈપણ મહિલા સરકારી યોજનાની જાણકારી મેળવવા માંગતી હોય તો જિલ્લા મહિલા અને બાળ કચેરીના ફોન નં. ૦૨૮૧-૨૪૪૮૫૯૨ પર સંપર્ક કરી શકે છે.

ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ પાત્રતા ધરાવતા ગંગાસ્વરૂપા મહિલાઓને આજીવિકા માટે માસિક રૂ. ૧,૨૫૦ની સહાય સીધી પોસ્ટ અથવા બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. આ યોજનાનો લાભ ૧૮ વર્ષ કે તેથી વધુ વયના ગંગાસ્વરૂપા મહિલા મેળવી શકે છે. આ માટે સરકાર દ્વારા વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૦૧ લાખ ૨૦ હજાર કે તેથી ઓછી અને શહેરી વિસ્તાર માટે રૂ. ૦૧ લાખ ૫૦ હજાર કે તેથી ઓછી નક્કી કરવામાં આવી છે. આ લાભ અરજી કર્યા તારીખથી જ મળવાપાત્ર રહે છે. ફોટો, રહેઠાણનો પુરાવો, રેશનકાર્ડની નકલ, ઉંમરનો પુરાવો, પતિના અવસાનનો દાખલો, પાસબુકની નકલ, આવકનો દાખલો, પુનઃ લગ્ન ન કર્યા અંગેનું પ્રમાણપત્ર, આધાર કાર્ડની નકલ સાથે અરજી સંબંધિત મામલતદાર કચેરી ખાતે કરવાની રહેશે.

ગંગાસ્વરૂપા મહિલાઓ પુનઃ ઘરસંસાર વસાવી શકે, તે માટે 'ગંગાસ્વરૂપા પુનઃ લગ્ન આર્થિક સહાય યોજના' અમલી છે. આ યોજના અંતર્ગત ૧૮ વર્ષથી ૫૦ વર્ષની ઉંમરના ગંગાસ્વરૂપ મહિલાઓ પુનઃ લગ્ન કરે તો લગ્ન કર્યાના છ માસ સુધીમાં નિયત નમૂનામાં આધાર પુરાવા સહિત અરજી કરવાની રહે છે. આ યોજના અંતર્ગત કુલ રૂ. ૫૦ હજારની આર્થિક સહાય આપવામાં આવે છે. જેમાં રૂ. ૨૫ હજારની રકમ મહિલાના ખાતામાં ડી.બી.ટી. (ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર) મારફતે સીધી જમા થાય છે અને રૂ. ૨૫ હજારની રકમના રાષ્ટ્રીય બચત પત્રો આપવામાં આવે છે.

# વિઝા નીતિમાં ફેરફાર વચ્ચે યુએસ H-1B અરજદારો માટે નવા પડકારો

## અરજદારોએ નોકરીદાતાએ તેમને પદ માટે શા માટે પસંદ કર્યા છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ

વોશિંગ્ટન,

H-1B વિઝાના ચાલી રહેલા મુદ્દા વચ્ચે, કેટલાક અરજદારોને યુએસ કામદારો દ્વારા ઓફર કરવામાં આવેલા હોદ્દા પર કબજો મેળવવામાં અસમર્થતા અંગે પ્રશ્નો પૂછવામાં આવી રહ્યા છે, એક નવા અહેવાલ મુજબ.

મીડિયા સાથે વાત કરતા, ઈમિગ્રેશન વકીલોએ જણાવ્યું હતું કે કોન્સ્યુલર અધિકારીઓ વિવિધ પ્રકારના પ્રશ્નો પૂછી રહ્યા છે જેમ કે "તમારા બદલે કોઈ અમેરિકન આ કામ કેમ ન કરી શકે?"

આ પૂછપરછ ખાસ કરીને વિશેષતા વ્યવસાયોને લગતા કેસોમાં પ્રચલિત હોય તેવું લાગે છે, જ્યાં અધિકારીઓ વિદેશી કામદારને નોકરી પર રાખવા માટે એમ્પ્લોયરના વાજબીપણાની તપાસ કરી રહ્યા છે.

હાલના H-1B નિયમો અનુસાર, નોકરીદાતાઓએ ખાતરી કરવી જરૂરી છે કે વિદેશી કામદારની રોજગારી સમાન ભૂમિકાઓમાં યુએસ કામદારોના વેતન અને કાર્યકારી પરિસ્થિતિઓ પર નકારાત્મક અસર કરશે નહીં.

હાલના H-1B નિયમો અનુસાર, નોકરીદાતાઓએ પુષ્ટિ કરવી જરૂરી છે કે વિદેશી કામદારની રોજગારી સમાન ભૂમિકાઓમાં યુએસ કામદારોના વેતન અને કાર્યકારી પરિસ્થિતિઓ પર નકારાત્મક અસર કરશે નહીં.

H-1B કાર્યક્રમ યુએસ નોકરીદાતાઓને એવા વિશેષતા વ્યવસાયો માટે વિદેશી કામદારોની ભરતી કરવાની મંજૂરી આપે છે જેમાં વિશેષ જ્ઞાનની જરૂર હોય અને સામાન્ય રીતે ઓછામાં ઓછી સ્નાતકની ડિગ્રી અથવા તેની સમકક્ષની જરૂર હોય. આ કાર્યક્રમનો ઉપયોગ મુખ્યત્વે ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને આરોગ્યસંભાળ જેવા ક્ષેત્રોમાં થાય છે. કોંગ્રેસે ૮૫,૦૦૦ નવા ઊઁ-૧મ વિઝાની વાર્ષિક મર્યાદા નક્કી કરી છે, જેમાં યુએસ સંસ્થાઓમાંથી એડવાન્સ ડિગ્રી ધરાવતા અરજદારો માટે ૨૦,૦૦૦ ફાળવવામાં આવ્યા છે.

દર ૧,૦૦૦ યુએસ મતદારો દીઠ H-1B મંજૂરી




મેયર બ્રાઉનના ભાગીદાર અને હોમલેન્ડ સિક્યુરિટી વિભાગના ભૂતપૂર્વ વરિષ્ઠ અધિકારી મોર્ગન બેઈલીએ ન્યૂઝવીકને માહિતી આપી હતી કે તેમણે કોન્સ્યુલર ઈન્ટરવ્યુ દરમિયાન આ પ્રકારની પૂછપરછમાં વધારો જોયો છે.

"અધિકારીઓ H-1B અરજદારોને 'એક અમેરિકન આ કામ કેમ નથી કરી શકતો?' અથવા 'તમને એટલા વિશિષ્ટ શું બનાવે છે કે એક અમેરિકન તમારું કામ કરી શકતો નથી?' જેવા કેટલાક પ્રકારો વધુને વધુ પૂછી રહ્યા છે," બેઈલીએ જણાવ્યું.

# પીએફ ઉપાડવું હવે એટીએમમાંથી પૈસા ઉપાડવા જેટલું જ સરળ બનશે

## કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનની નવી સિસ્ટમ રજૂ કરવા તૈયારી

નવીદિલ્હી,

કર્મચારીઓ માટે પીએફ ઉપાડવું ટૂંક સમયમાં ઘણું સરળ બની શકે છે. તેના નવા ડિજિટલ પ્લેટફોર્મ,ઈપીએફઓ ૩.૦ દ્વારા, કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (ઈપીએફઓ) એક એવી સિસ્ટમ રજૂ કરવાની તૈયારી કરી રહ્યું છે જે યુપીઆઈ દ્વારા પીએફ ભંડોળ સીધા બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરવાની મંજૂરી આપશે. આનાથી લાંબી પ્રક્રિયાઓ, કાગળકામ અને લાંબી રાહ જોવાની પ્રક્રિયા લગભગ દૂર થઈ શકે છે.

ઈપીએફઓ ૩.૦ ને પીએફ સેવાઓમાં એક મુખ્ય ડિજિટલ અપગ્રેડ માનવામાં આવે છે. તેનો ઉદ્દેશ્ય પીએફ ઉપાડ અને ટ્રાન્સફર પ્રક્રિયાને સંપૂર્ણપણે પેપરલેસ અને ઝડપી બનાવવાનો છે. નવી સિસ્ટમ હેઠળ, સભ્યો તેમના પીએફ ખાતામાંથી સીધા તેમના બેંક ખાતામાં ભંડોળ ટ્રાન્સફર કરી શકશે. શ્રમ મંત્રી મનસુખ માંડવિયાના જણાવ્યા અનુસાર, આ સુવિધાનું પરીક્ષણ પૂર્ણ થઈ ગયું છે અને તે ટૂંક સમયમાં શરૂ થઈ શકે છે. વર્તમાન સિસ્ટમ હેઠળ, કર્મચારીઓએ પીએફ ઉપાડવા માટે ઘણા પગલાંઓમાંથી પસાર થવું પડે છે.ઈપીએફઓ પોર્ટલ પર દાવો દાખલ કરવો આવશ્યક છે.ફોર્મ ૩૧ ભરવું આવશ્યક છે.કેવાયસી ચકાસણી હાથ ધરવામાં આવે છે.ઘણા કિસ્સાઓમાં નોકરીદાતાની મંજૂરી જરૂરી છે.દસ્તાવેજોમાં ભૂલો પ્રક્રિયાને વધુ લંબાવશે.ભંડોળના વિતરણમાં સામાન્ય રીતે ૭ થી ૧૦ દિવસ લાગે છે.૧ લાખથી વધુ ઉપાડ પણ વધારાની ચકાસણીને પાત્ર હોઈ શકે છે.આ જ કારણ છે કે ઘણા કર્મચારીઓને પીએફ ઉપાડ પ્રક્રિયા બોજારૂપ લાગે છે.

નવી સિસ્ટમમાં, સભ્યો સ્છ્દ્વ્ય એપ અથવા અન્ય ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા તેમના પીએફ એકાઉન્ટ બેલેન્સ જોઈ શકશે. ત્યારબાદ ઊઈ કોડ અથવા યુપીઆઈ-આધારિત પ્રક્રિયાનો ઉપયોગ કરીને ભંડોળ સીધા તેમના બેંક ખાતામાં ટ્રાન્સફર કરી શકાય છે.

# રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ મા અંબાના દર્શન કર્યા, જનકલ્યાણ માટે કરી પ્રાર્થના

## માઉન્ટ આબુ ખાતે આંતરરાષ્ટ્રીય વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણીમાં પણ ભાગ લીધો

અંબાજી,

વિશ્વ પ્રસિદ્ધ માઁ અંબાના ધામમાં દુનિયાના ખેણેખૂણાથી લોકો દર્શને આવતા હોય છે, જેમાં નેતાઓ સંતો અને કલાકારો પણ માતાજીના ચરણોમાં માથું ઝુકાવવા પહોચતા હોય છે ત્યારે રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા પણ માઁ અંબાના દર્શને પહોંચ્યા હતા અને માતાજીના ચરણોમાં માથું નમાવી રાજસ્થાન, ગુજરાત સહિત સમગ્ર દેશની જનતાની સુખાકારી અને પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી.

મુખ્યમંત્રી ભજનલાલ શર્મા ગત મોડી સાંજે જ રાજસ્થાનના હિલ સ્ટેશન માઉન્ટ આબુ ખાતે આવી પહોંચ્યા હતા અને માઉન્ટ આબુ ખાતે આંતરરાષ્ટ્રીય વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણીમાં પણ ભાગ લીધો હતો. મુખ્યમંત્રીએ માઉન્ટ આબુમાં શાંતિપૂર્ણ વાતાવરણમાં યોગ દિવસની ઉજવણી પૂર્ણ કર્યા બાદ તેઓ સીધા જ અંબાજી દર્શનાર્થે આવ્યા હતા. મુખ્યમંત્રીની મુલાકાતને પગલે અંબાજી મંદિર પરિસરમાં રાજસ્થાન અને ગુજરાત પોલીસનો ચુસ્ત બંદોબસ્ત જોવા મળ્યો હતો.

અંબાજી પહોંચતા જ મંદિર ટ્રસ્ટ દ્વારા મુખ્યમંત્રીનુ સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમને ખેસ ચુંદડી ઓઢાડી અને તિલક કરી આવકાર્યા હતા. મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ સૌપ્રથમ મંદિરમાં આવેલા સિધ્ધિ વિનાયકના દર્શન કરી પૂજા અર્ચના કરી હતી.

# ગાઝા યુદ્ધને લઈને ઈઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહૂનો આંતરરાષ્ટ્રીય બહિષ્કાર કરવાની માંગ

## નિષ્ણાતો કહી રહ્યા છે કે ભારતે ઈઝરાયલની વધુ નજીક જવાનું ટાળવું જોઈએ

નવીદિલ્હી,

ઈરાન અને અમેરિકા વચ્ચેના વચગાળાના શાંતિ કરાર વચ્ચે, ભારત અને ઈઝરાયલ વચ્ચેના ગાઢ સંબંધોની ચર્ચા વિશ્વભરમાં થઈ રહી છે. વિશ્વભરના ઘણા નિષ્ણાતો પીએમ મોદીના નેતૃત્વમાં ભારત અને ઈઝરાયલ વચ્ચેના ગાઢ સંબંધો પર પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. આ એવા સમયે આવ્યું છે જ્યારે ગાઝા યુદ્ધને લઈને ઈઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહૂનો આંતરરાષ્ટ્રીય બહિષ્કાર કરવાની માંગ વધી રહી છે. વધુમાં, ઈરાન સોદા અને લેબનોનને લઈને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને નેતન્યાહૂ વચ્ચે તણાવ વધ્યો છે. ટ્રમ્પે વારંવાર નેતન્યાહૂને ઠપકો આપ્યો છે. દરમિયાન, પીએમ મોદી સાથે નેતન્યાહૂની મિત્રતા ખડકાળ જેવી મજબૂત છે. ભારત અને ઈઝરાયલ વચ્ચેના સંબંધો નવી ઊંચાઈએ પહોંચી રહ્યા છે.



હવે, ઘણા નિષ્ણાતો કહી રહ્યા છે કે ભારતે ઈઝરાયલની વધુ નજીક જવાનું ટાળવું જોઈએ.

બ્રિટિશ અખબાર ફાઈનાન્સિયલ ટાઈમ્સે ભારત અને ઈઝરાયલ વચ્ચેના મજબૂત સંબંધો પર એક લાંબો લેખ લખ્યો હતો. અખબારે લખ્યું હતું કે જ્યારે ટ્રમ્પ અને નેતન્યાહૂ વચ્ચેની મિત્રતા પશ્ચિમ એશિયા યુદ્ધને કારણે તંગ છે, ત્યારે એક "અણધાર્યું જોડાણ" ઉભરી રહ્યું છે. આ ભારતીય પીએમ મોદી અને નેતન્યાહૂ વચ્ચે છે. અહેવાલમાં જણાવાયું છે કે જ્યારે મોદી પહેલી વાર વડા પ્રધાન બન્યા હતા, ત્યારે તેમણે ૨૦૧૭ માં ઈઝરાયલની મુલાકાત લીધી હતી. નરેન્દ્ર મોદી આવું કરનાર પ્રથમ ભારતીય વડા પ્રધાન હતા. અહેવાલમાં જણાવાયું છે કે મોદી અને નેતન્યાહૂ બંને હવે આતંકવાદ સામેની લડાઈમાં એક થયા છે.

એફટીએ અહેવાલ આપ્યો છે કે ઓક્ટોબર ૨૦૨૩ માં, જ્યારે હમાસે ૧,૨૦૦ ઈઝરાયલીઓને મારી નાખ્યા, ત્યારે ફોન કરનાર પ્રથમ વ્યક્તિ ભારતીય વડા પ્રધાન મોદી હતા, યુનાઈટેડ સ્ટેટ્સ કે યુરોપના નેતાઓ નહીં. તેમાં કહેવામાં આવ્યું છે કે પીએમ મોદીનો ફોન બંને દેશો વચ્ચેની મજબૂત મિત્રતા દર્શાવે છે. ભારત અને ઈઝરાયલ માત્ર આતંકવાદ પર જ નહીં પરંતુ શસ્ત્રો પર પણ ગાઢ સંબંધો ધરાવે છે.

# ફિલિપાઈન્સમાં એક શાળામાં ગોળીબારની ઘટનામાં ૩ વિદ્યાર્થીઓના થયા મોત

ફિલિપાઈન્સ

સોમવારે ફિલિપાઈન્સમાં એક હાઈસ્કૂલમાં ગોળીબારમાં ત્રણ વિદ્યાર્થીઓના મોત થયા હતા અને પાંચ અન્ય ઘાયલ થયા હતા, જેના કારણે સ્થાનિક સમુદાયમાં શોક ફેલાયો હતો અને વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં ગભરાટ ફેલાયો હતો. આ ઘટના ટાક્લોબન શહેરની સેન જોસ નેશનલ હાઈ સ્કૂલમાં બની હતી, જ્યાં બે સશસ્ત્ર વ્યક્તિઓએ શાળાના પરિસરમાં ગોળીબાર કર્યો હોવાનો આરોપ છે.

બે શંકાસ્પદોની ધરપકડ

પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને હુમલામાં સામેલ હોવાનું માનવામાં આવતા બે પુરુષ શંકાસ્પદોની ધરપકડ કરી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે શંકાસ્પદોમાંથી એક તે જ શાળાનો વિદ્યાર્થી છે જ્યાં ગોળીબાર થયો હતો.

તપાસકર્તાઓએ ઘટના દરમિયાન ઉપયોગમાં લેવાયેલી પિસ્તોલ જપ્ત કરી હતી. શંકાસ્પદોની ઓળખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. સરકારી શાળામાં ગોળીબારના અવાજો સંભળાતા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સલામતી માટે ભાગવાની ફરજ પડી હતી, જેમાં ૧,૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે.

ઈમરજન્સી ટીમોએ ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં ખસેડ્યા, જ્યારે પોલીસે કેમ્પસને સુરક્ષિત કરી લીધું અને વ્યાપક તપાસ શરૂ કરી. અધિકારીઓ હુમલો શા માટે થયો તેની તપાસ ચાલુ રાખી રહ્યા છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતુ કે તેઓ ગોળીબાર પાછળનો હેતુ નક્કી કરવા માટે તમામ સંભવિત ખૂણાઓની તપાસ કરી રહ્યા છે અને સાક્ષીઓની મુલાકાત લઈ રહ્યા છે.

# લેબર પાર્ટીના વધતા દબાણ વચ્ચે કીર સ્ટાર્મરે યુકેના વડા પ્રધાન પદેથી રાજીનામું આપ્યું

## લેબર પાર્ટી નવા નેતાની પસંદગી ન કરે ત્યાં સુધી કાર્યકારી વડા પ્રધાન તરીકે ચાલુ રહેશે

લંડન,

કીર સ્ટાર્મરે સોમવારે યુનાઈટેડ કિંગડમના વડા પ્રધાન અને લેબર પાર્ટીના નેતા તરીકે રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. આ પગલું તેમના પોતાના પક્ષની અંદરથી વધતા દબાણ બાદ લેવામાં આવ્યું હોવાનું કહેવાય છે. સ્ટાર્મરે કહ્યું છે કે તેઓ આગામી અઠવાડિયામાં લેબર પાર્ટી નવા નેતાની પસંદગી ન કરે ત્યાં સુધી કાર્યકારી વડા પ્રધાન તરીકે ચાલુ રહેશે.

તેઓ તેમની પત્ની સાથે ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટમાંથી બહાર આવ્યા, જ્યાં તેમનું સ્વાગત તાળીઓ અને ઉત્સાહથી કરવામાં આવ્યું. ત્યારબાદ તેમણે વડા પ્રધાન નિવાસસ્થાનની બહાર રાજીનામું નિવેદન આપ્યું. "મારી પાર્ટી હવે જે પ્રશ્ન પૂછી રહી છે તે એ છે કે શું હું આગામી સામાન્ય ચૂંટણીમાં આપણું નેતૃત્વ કરવા માટે શ્રેષ્ઠ સ્થાને છું. મેં મારા સંસદીય પક્ષનો તે પ્રશ્નનો જવાબ સાંભળ્યો છે અને હું તે જવાબને સારી કૃપાથી સ્વીકારું છું. મેં લીધેલો દરેક નિર્ણય મારા પ્રિય દેશને પ્રથમ રાખવાનો છે. તેથી જ હું લેબર પાર્ટીના નેતા તરીકે રાજીનામું આપીશ," સ્ટાર્મરે કહ્યું. સ્ટાર્મરે કહ્યું કે તેમણે સોમવારે સવારે રાજા ચાર્લ્સ ને પણ આ નિર્ણય વિશે જાણ કરી હતી. તેમણે કહ્યું કે યુનાઈટેડ કિંગડમના વડા પ્રધાન બનવું એ તેમના જીવનનો "સૌથી ગર્વનો ક્ષણ" હતો.

સ્ટાર્મરે કહ્યું કે તેઓ ખાતરી કરશે કે સત્તાનું વ્યવસ્થિત હસ્તાંતરણ થાય. તેમણે એમ પણ કહ્યું કે તેઓ તેમના અનુગામીને સંપૂર્ણ સમર્થન આપશે.

સંબોધનના અંતમાં, તેઓ ભાવુક થઈ ગયા અને કહ્યું કે તેઓ હવે તેમના પારિવારિક જીવન પર વધુ ધ્યાન કેન્દ્રિત કરશે અને શ્રેષ્ઠ પતિ અને પિતા બનશે.

અહેવાલ મુજબ આ ઘટનાક્રમ તેમના કાર્યકાળનો અંત દર્શાવે છે, એક જવાબદારી જે તેમણે બે વર્ષથી વધુ સમય સુધી સંભાળી હતી.

ગયા અઠવાડિયે એન્ડી બર્નહામે ખાસ ચૂંટણી જીત્યા પછી તેમનું રાજીનામું આપવામાં આવ્યું. ગ્રેટર માન્ચેસ્ટરના ભૂતપૂર્વ મેયર, જે વ્યાપકપણે લોકપ્રિય છે, લેબર નેતૃત્વ માટે સ્ટાર્મરને ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યા હતા.

# ધીરેન્દ્ર શાસ્ત્રીએ શ્રીલંકામાં વસુધૈવ કુટુંબકમ અને વિશ્વ બંધુત્વની અભિલાષા સાથે યોગનો સંદેશ આપ્યો

કોલંબો,

બાગેશ્વર ધામના પીઠાધીશ્વરના આંતરરાષ્ટ્રીય કથા વ્યાસ, શ્રીલંકાની મુલાકાતે આવેલા ધીરેન્દ્ર શાસ્ત્રીએ શ્રીલંકાથી યોગ દિવસ પર સમગ્ર ભારત અને વિશ્વને શુભેચ્છાઓ પાઠવી હતી. શ્રીલંકામાં ભારતીય ઉચ્ચાયુક્તના અધિકારીઓ, શ્રીલંકાના સરકારી અધિકારીઓ અને સ્થાનિક નાગરિકો પણ આ ખાસ પ્રસંગે બાગેશ્વર સરકાર સાથે હાજર હતા.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસના સંબોધનમાં, બાગેશ્વર સરકારે યોગની વ્યાખ્યા સરળ અને ગહન શબ્દોમાં સમજાવી. તેમણે કહ્યું કે યોગ જીવનમાં જોડાણનો વિષય છે. યોગ ફક્ત કસરત અથવા શારીરિક સ્થિતિ નથી, પરંતુ આત્માને પરમાત્મા સાથે જોડવા માટેની એક અંતિમ પદ્ધતિ છે.

"વસુધૈવ કુટુમ્બકમ" ની ભારતીય પરંપરાને રેખાંકિત કરતા, બાગેશ્વર સરકારે કહ્યું કે સાર્વત્રિક ભાઈચારાની ઈચ્છા યોગથી શરૂ થાય છે. જ્યારે કોઈ વ્યક્તિ યોગ અને કસરતમાં જોડાય છે, ત્યારે તેનો આત્મા પરમાત્મા તરફ ઉગે છે, અને તેમની વિચારધારા વૈશ્વિક ધોરણો સુધી પહોંચે છે. તેમણે બ્રહ્માંડના સર્જનહારને પ્રાર્થના કરી અને સમગ્ર વિશ્વના સ્વાસ્થ્ય માટે કામના કરી.

ધીરેન્દ્ર શાસ્ત્રીએ દરેકને યોગ અપનાવવાની અપીલ કરતા કહ્યું કે જો તમારે જીવનમાં સુખ જોઈતું હોય, તો તમારે યોગ અપનાવવો જ જોઈએ. સવારે વહેલા ઉઠીને, સૂર્ય દેવના દર્શન કરવાથી અને તેના કિરણોમાં સ્નાન કરવાથી તમારા શરીરમાં સુધારો થશે; અને યાદ રાખો, જ્યારે તમારું શરીર સ્વસ્થ હશે, ત્યારે તમારું મન સ્વસ્થ રહેશે.

# ઈરાનના રાષ્ટ્રપતિ પાકિસ્તાનની મુલાકાત લેશે વાન્સે કહ્યું કે અંતિમ કરાર માટે સારી શરુઆત

## હિઝબુલ્લાહ શરતોનું પાલન કરે તો ઈઝરાયલ લેબનોન સામે યુદ્ધવિરામ જાળવી રાખશે

ઈરાન

સોમવારે મધ્યસ્થી કરનારા પાકિસ્તાન અને કતાર દ્વારા જારી કરાયેલા સંયુક્ત નિવેદન મુજબ, પશ્ચિમ એશિયામાં સંઘર્ષનો અંત લાવવાના હેતુથી યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચે સ્વિટ્ઝર્લેન્ડમાં ઉચ્ચ સ્તરીય વાટાઘાટો પૂર્ણ થઈ છે. સોમવારે સવારે વાટાઘાટો પછી ઈરાનનું પ્રતિનિધિમંડળ તેહરાન જવા રવાના થયું. તેહરાન દ્વારા હોર્મુઝની સામુદ્રધુની ફરી એકવાર બંધ કરવાની જાહેરાત કર્યા પછી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાન પર હુમલા ફરી શરૂ થઈ શકે છે તેવી ચેતવણીઓનું પુનરાવર્તન કર્યા પછી વાટાઘાટો તણાવપૂર્ણ સ્થિતિમાં શરૂ થઈ.

યુએસ ઉપપ્રમુખ જેડી વાન્સે રવિવારે કતારની માલિકીના સ્વિસ પર્વતીય રિસોર્ટ, બુર્ગેનસ્ટોક ખાતે ઈરાની પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી હતી. આ બેઠકમાં ગયા અઠવાડિયે સંમત થયેલા સમજૂતી પત્ર હેઠળ વાટાઘાટોની શરૂઆત થઈ હતી, જેમાં એપ્રિલથી લાગુ પડેલા નાજુક યુદ્ધવિરામને ઓછામાં ઓછા બીજા ૬૦ દિવસ માટે લંબાવવામાં આવ્યો હતો.

સંયુક્ત નિવેદન મુજબ, વાટાઘાટોની દેખરેખ માટે તેહરાન અને વોશિંગ્ટન દ્વારા સ્થાપિત ઉચ્ચ સ્તરીય સમિતિએ "૬૦ દિવસની અંદર અંતિમ સોદા સુધી પહોંચવા માટેના રોડમેપ પર સંમતિ દર્શાવી છે, જે વધુ તકનીકી વાટાઘાટોની તાત્કાલિક શરૂઆત માટે પાયો નાખશે". નિવેદનમાં ઉમેર્યું હતું કે અમેરિકા અને ઈરાન "લેબનોનમાં લશ્કરી કાર્યવાહી સમાપ્ત કરવાના પાલનને સુનિશ્ચિત કરવા માટે, પક્ષો, લેબનીઝ રિપબ્લિક અને મધ્યસ્થી દ્વારા સુવિધા આપવામાં આવેલ, વચ્ચે સંઘર્ષ નિવારણ સેલ બનાવવા પર સંમત થયા હતા". માર્ચની શરૂઆતમાં ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ દ્વારા યુએસ-ઈઝરાયલી હુમલામાં ઈરાનના સર્વોચ્ચ નેતાની હત્યાના જવાબમાં ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ દ્વારા ઈઝરાયલ પર રોકેટ છોડવામાં આવ્યા બાદ લેબનોન વ્યાપક પશ્ચિમ એશિયા સંઘર્ષમાં સામેલ થઈ ગયું હતું. તાજેતરના દિવસોમાં લેબનોનમાં ફરી શરૂ થયેલી લડાઈએ શાંતિ પ્રક્રિયાના ભવિષ્ય અંગે ચિંતા વ્યક્ત કરી છે.

# યુ.પીના લખનૌના કોચિંગ સેન્ટરમાં ભીષણ આગ લાગતાં ૧૫ યુવાનોના મોત નીપજ્યા

## ધુમાડા અને જ્વાળાઓ ઝડપથી ઈમારતના ભાગોને ઘેરી લેતા વિદ્યાર્થીઓને પોતાનો જીવ બચાવવા માટે માળખા પરથી કૂદી પડવાની ફરજ પડી

લખનૌ,

સોમવારે ઉત્તર પ્રદેશના લખનૌમાં અલીગંજ વિસ્તારમાં આવેલા એક કોચિંગ સેન્ટરમાં ભીષણ આગ લાગી હતી, જેના કારણે વિદ્યાર્થીઓ અને સ્થાનિક રહેવાસીઓમાં ગભરાટ ફેલાયો હતો. પૂર્ણિયા ક્ષેત્રમાં સ્થિત એક કોમર્શિયલ બિલ્ડિંગના ઉપરના માળે કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ કાર્યરત હોવાનું કહેવાય છે. ધુમાડા અને જ્વાળાઓ ઝડપથી ઈમારતના ભાગોને ઘેરી લેતા, ઘણા વિદ્યાર્થીઓને પોતાનો જીવ બચાવવા માટે માળખા પરથી કૂદી પડવાની ફરજ પડી હતી. પ્રારંભિક અહેવાલો સૂચવે છે કે ઈમારતના એર કન્ડીશનીંગ યુનિટમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હતી. નાટકીય દ્રશ્યોએ વિસ્તારમાં અરાજકતા સર્જી દીધી હતી કારણ કે નજીકના લોકો આગમાંથી બચી ગયેલા લોકોને મદદ કરવા દોડી આવ્યા હતા.

'ઈમારતની અંદર ૧૦-૧૨ લોકો ફસાયેલા હોવાનું કહેવાય છે'

સત્તાવાળાઓને ઘટનાની માહિતી મળતાં જ અનેક ફાયર ટેન્ડર ઘટનાસ્થળે દોડી ગયા હતા. ફાયર ફાઈટરોએ તાત્કાલિક આગને કાબુમાં લેવા અને ઈમારતની અંદર ફસાયેલા લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે કામગીરી શરૂ કરી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે અગ્નિશામક પ્રયાસો ચાલી રહ્યા છે, અને ફાયર બ્રિગેડના અનેક વાહનો આગને કાબુમાં લેવામાં રોકાયેલા છે. ફાયર વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે આગની તીવ્રતાને કારણે પરિસ્થિતિ પડકારજનક રહી છે. "એવું કહેવામાં આવી રહ્યું છે કે ૧૦-૧૨ લોકો અંદર ફસાયેલા છે. આગ ખૂબ જ ભયાનક હોવાથી અમે ઈમારતની અંદર પ્રવેશી શક્યા નથી," અધિકારીએ જણાવ્યું.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આગની ઘટનાની નોંધ લીધી છે અને અધિકારીઓને તાત્કાલિક સ્થળ પર પહોંચવાનો નિર્દેશ આપ્યો છે. મુખ્યમંત્રીએ અધિકારીઓને રાહત અને બચાવ કામગીરી ઝડપી બનાવવા અને ઘટનામાં ઘાયલ થયેલા લોકો માટે યોગ્ય તબીબી સારવાર સુનિશ્ચિત કરવા સૂચના આપી છે. તેમણે વહીવટીતંત્રને વધુ સતર્કતા જાળવવા અને બચાવ પ્રયાસો પર સતત દેખરેખ રાખવાનો પણ નિર્દેશ આપ્યો છે. ઘટના અંગે ચિંતા વ્યક્ત કરતા, મુખ્યમંત્રીએ ઘાયલોના ઝડપી સ્વસ્થ થવાની કામના કરી અને અધિકારીઓને તમામ જરૂરી તબીબી સહાય પૂરી પાડવા સૂચના આપી.

# રાજસ્થાનમાં ખાટુ શ્યામજી મંદિરના નામ પર રેલ્વે સ્ટેશનનું નામ રાખવામાં આવશે

## મંદિરની સૌથી નજીકનું રેલ્વે સ્ટેશન હાલમાં ૧૭ કિમી દૂર રિંગાસ ખાતે છે

રાજસ્થાન

રાજસ્થાનના સૌથી વધુ મુલાકાત લેવાયેલા હિન્દુ તીર્થસ્થાનોમાંના એક - સીકર જિલ્લામાં શ્રી ખાટુ શ્યામ જી મંદિર - ને ૧૨ મહિનાની અંદર તેના નામ પર રેલ્વે સ્ટેશન નામ આપવામાં આવશે, કારણ કે કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે મંદિર નગરથી ૧૧ કિમી દૂર સુંદરપુરા ખાતે પ્રસ્તાવિત સ્થળનું નિરીક્ષણ કર્યું હતું અને ડિઝાઈન અને બાંધકામ યોજનાઓની સમીક્ષા કરી હતી.

એકવાર બનેલ સ્ટેશન લાખો ભક્તો માટે પ્રવેશને નોંધપાત્ર રીતે સરળ બનાવશે. મંદિરની સૌથી નજીકનું રેલ્વે સ્ટેશન હાલમાં ૧૭ કિમી દૂર રિંગાસ ખાતે છે, જેના કારણે યાત્રાળુઓ અંતિમ તબક્કા માટે રોડ પરિવહન પર નિર્ભર રહેશે. પ્રસ્તાવિત સુંદરપુરા સ્ટેશન તે અંતર ઘટાડીને ૧૧ કિમી કરશે, વૈષ્ણવે મંત્રાલયના સત્તાવાર ઠ હેન્ડલ પર પોસ્ટ કરેલા એક વિડીયોમાં જણાવ્યું હતું, જ્યાં તેઓ ભાજપના ભૂતપૂર્વ સીકર સાંસદ સુમેધાનંદ સરસ્વતીને યોજના સમજાવતા જોવા મળ્યા હતા.

૨૧ જૂન, રવિવારના રોજ ખાટીપુરા સ્ટેશનથી ખાટીપુરા (જયપુર)-દરભંગા અમૃત ભારત એક્સપ્રેસને લીલી ઝંડી બતાવ્યા બાદ એક કાર્યક્રમને સંબોધતા, વૈષ્ણવે જણાવ્યું હતું કે ખાટુ શ્યામ સ્ટેશન પ્રોજેક્ટ માટે જમીન પહેલાથી જ ઓળખી કાઢવામાં આવી છે અને બાંધકામ ૧૨ મહિનામાં પૂર્ણ થશે.

વૈષ્ણવે કહ્યું છે કે દર વર્ષે ૫૦ થી ૬૦ લાખ ભક્તો મંદિરની મુલાકાત લે છે, ફક્ત ૧૫ દિવસના ફાલ્ગુન મેળા દરમિયાન જ ૩૦-૪૦ લાખ શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. રાજસ્થાન પર્યટન વિભાગ મંદિરને રાજ્યના સૌથી મહત્વપૂર્ણ યાત્રાળુ સ્થળોમાંનું એક ગણાવે છે.

સમર્પિત રેલ સુવિધા માટેનો પ્રસ્તાવ એપ્રિલ ૨૦૨૩ સુધી શરૂ થયો હતો, જ્યારે તે સમયે લોકસભાના સભ્ય સરસ્વતી વૈષ્ણવને મળ્યા હતા અને રિંગાસથી ખાટુ શ્યામ જી સુધી નવી રેલ લાઈન બનાવવાની ઔપચારિક વિનંતી કરી હતી.

સફેદ મકરાના આરસપહાણથી બનેલું આ મંદિર, પાંડવ ભીમના પૌત્ર બાર્બરિકને સમર્પિત છે, જેમની હિન્દુ પૌરાણિક કથાઓ અનુસાર, અહીં ભગવાન કૃષ્ણના અવતાર તરીકે પૂજા કરવામાં આવે છે. મંદિરનો વિશાળ પ્રાર્થના ખંડ ધાર્મિક મહાકાવ્યોના ચિત્રો દર્શાવતી દિવાલોથી ઘેરાયેલો છે, જ્યારે ગર્ભગૃહના દરવાજા ચાંદીના ચાદરથી મઢેલા છે. મંદિરની બાજુમાં શ્યામ કુંડ છે, જે એક પવિત્ર તળાવ છે જેમાંથી માન્યતા મુજબ, બાર્બરિકનું માથું કાઢવામાં આવ્યું હતું, અને રાજસ્થાન ટુરિઝમ અનુસાર, જ્યાં ફાલ્ગુન મેળા દરમિયાન ધાર્મિક સ્નાન ખાસ કરીને શુભ માનવામાં આવે છે.

# છેલ્લા આઠ મહીનાથી લુંટ અને ધાડના ગુનામાં નાસતા ફરતા આરોપીઓ ઝડપાયા

(મિલાપ રૂપારેલ દ્વારા)
અમરેલી:



અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા જિલ્લમાં ગુન્હો આચરી અને લાંબા સમયથી નાસતા ફરતા આરોપીઓ જેના લાલ શાહીના આરોપીઓને શોધી કાઢવા સુચના આપેલ હોય જે અન્વયે રાજુલા પોલિસ સ્ટેશનના પોલિસ ઈન્સ. વી.એમ.કોલાદરા રાહબારી હેઠળ રાજુલા પોલિસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ તથા હિંડોરણા બીટને ખાસ સુચન આપેલ હતી. અને લાંબા સમયથી નાસતા ફરતા અને લાલશાહીના આરોપીઓ જાફરાબાદ તાલુકના ભટવદર ગામે રહેતા અને ડ્રાઈવિંગ કરતા લાલજીભાઈ સામતભાઈ જોળીયા, જાફરાબાદ તાલુકના નાગેશ્રી ગામે પહેલી પાટી શેરીમાં રહેતા અજયભાઈ જાદવભાઈ સાંખટ નામના ખેડુત તથા તેમના ભાઈ રામુભાઈ જાદવભાઈ સાંખટે રાજુલા પોલીસ સ્ટેશનના B.N.S .૩૧૦(૨), ૧૧૫(૨), ૬૧(૨) મુજબનો ગુન્હો કરેલ હોય અને જેમા કુલ છ આરોપીઓ હતા. જેમાના ત્રણ આરોપીઓ અગાઉ પકડાઈ ગયેલ હોય અને તેમના નિવેદન બાદ બાકીના ત્રણ આરોપીઓના નામ ખુલવા પામેલ હતા.અને જે ત્રણેય આરોપીઓને પોતાની ધરપકડ ટાળવા સારૂ છેલ્લા આઠ મહિનાથી નાસતા ફરતા હતા. અને જે આ ત્રણેય આરોપીઓને ચાર્જશીટમાં લાલ શાહીથી દર્શાવેલા હતા. આ ત્રણેય આરોપીઓને રાજુલા પોલિસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ તથા હિંડોરણા બીટ દ્વારા શોધી કાઢી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# અમરેલી બ્રોડગેજ કમિટી દ્વારા રેલ્વે સ્ટેશનની કામગીરીનું પ્રત્યક્ષ નિરીક્ષણ

## સને ૧૯૧૨નું ઐતિહાસિક રેલવે સ્ટેશન બિલ્ડિંગ તોડ્યા વિના બ્રોડગેજ લાઈન શરૂ કરવી અશક્ય

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

અમરેલી જિલ્લાના લાખો નાગરિકો લાંબા સમયથી જે બ્રોડગેજ રેલવે પ્રોજેક્ટની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે, તેની વાસ્તવિક સ્થિતિ જાણવા આજે અમરેલી બ્રોડગેજ કમિટીના આગેવાનો, વડીલો અને સામાજિક કાર્યકરોએ અમરેલી રેલ્વે સ્ટેશનની રૂબરૂ મુલાકાત લઈ સ્થળ પર પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે સ્થાનિક મીડિયા અને પત્રકારો પણ ઉપસ્થિત રહ્યા હતા. નિરીક્ષણ બાદ કમિટીના મુખ્ય અગ્રણી રાજેશભાઈ ગાંધીએ જણાવ્યું હતું કે રેલવે વિભાગની ધીમી કામગીરી, વહીવટી વિલંબ અને અધૂરી તૈયારીઓને કારણે સમગ્ર જિલ્લામાં અસંતોષની લાગણી જોવા મળી રહી છે. નિરીક્ષણ દરમિયાન જાણવા મળ્યું કે વર્ષ ૧૯૧૨માં નિર્મિત ઐતિહાસિક રેલવે સ્ટેશન બિલ્ડિંગ ટ્રેકની અત્યંત નજીક આવેલું હોવાથી રેલવેના નિયમો મુજબ તેને દૂર કર્યા વિના નવું પ્લેટફોર્મ તથા બ્રોડગેજ લાઈન કાર્યરત કરવી શક્ય નથી. બ્રોડગેજ લાઈનનું કામ હાલમાં



ઈશ્વરીયા—માચીયાળા વચ્ચે ફાટક નં.૧૬ પાસે જમીન સંપાદનની પ્રક્રિયા પૂર્ણ ના થવાને કારણે અટવાયેલું છે. ઉપરાંત હનુમાનપરા રોડ પર આવેલા મંદિરોના સ્થળાંતરનો પ્રશ્ન પણ હજુ સુધી ઉકેલાયો નથી, જેના કારણે કામગીરીમાં વધુ વિલંબ થઈ રહ્યો છે.

સ્ટેશન પરિસરમાં નિર્માણાધીન અંડરબ્રિજનું કામ પણ અધૂરું હોવાનું કમિટીએ નોંધ્યું હતું. કમિટીએ વધુમાં જણાવ્યું હતું કે નવું નિર્માણાધીન રેલવે સ્ટેશન મુસાફરોને ધ્યાનમાં રાખીને પૂરતી સુવિધાઓ સાથે વિકસાવવામાં આવ્યું નથી. વિશાળ પ્રતીક્ષાલય, પૂરતી બેઠક વ્યવસ્થા, સ્વચ્છ શૌચાલય, પીવાના પાણીની સુવિધા, પાર્કિંગ, દિવ્યાંગજનો માટે અનુકૂળ વ્યવસ્થા સહિતની અનેક મૂળભૂત સુવિધાઓનો અભાવ જોવા મળે છે.


મુસાફરોને ભવિષ્યમાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે સ્ટેશનને આધુનિક અને સર્વ સુવિધા સંપન્ન બનાવવાની માંગ કરવામાં આવી છે. કમિટીએ સ્થાનિક સાંસદને રજૂઆત કરીને બ્રોડગેજ લાઈન શરૂ થાય તે પહેલાં જ અમરેલીથી અમદાવાદ, સુરત, મુંબઈ અને હરિદ્વાર માટેની ટ્રેનોનું સમયપત્રક તથા જરૂરી મંજૂરીઓ અગાઉથી મેળવવાની માંગ કરી છે, જેથી લાઈન શરૂ થતાં જ જિલ્લાની જનતાને તેનો સીધો લાભ મળી શકે.

અંતમાં અમરેલી બ્રોડગેજ કમિટીએ રેલવે તંત્ર અને સંબંધિત વહીવટી વિભાગને બાકી રહેલા તમામ પ્રશ્નોનો યુદ્ધના ધોરણે ઉકેલ લાવી બ્રોડગેજ પ્રોજેક્ટ વહેલી તકે પૂર્ણ કરવાની ભારપૂર્વક માંગ કરી હતી.

# સાવરકુંડલાના ગ્રામ્ય પંથકમાં સતત ૫મા દિવસે વરસાદ, રસ્તાઓ પાણી-પાણી

## અરબી સમુદ્રમાં તોફાની કરંટ,માછીમારોને દરિયો ખેડવા પર પ્રતિબંધ

(મિલાપ રૂપારેલ દ્વારા)
અમરેલી:





હજુ ગુજરાતમાં સત્તાવાર રીતે ચોમાસાનું આગમન નથી થયું, પરંતુ તે પહેલાં જ અમરેલી જિલ્લામાં મેઘરાજાએ ધડબડાટી બોલાવવાનું શરૂ કરી દીધું છે. હવામાન વિભાગ દ્વારા ચોમાસાની સત્તાવાર જાહેરાત થાય તે પહેલાં જ અમરેલીમાં સતત ૫મા દિવસે વરસાદનું ધમાકેદાર આગમન થયું છે.

સાવરકુંડલાના ગ્રામીણ પંથકમાં મેઘરાજા ભારે મહેરબાન થયા છે. સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારના વીજપડી, ખડસલી અને છાપરી સહિતના ગામોમાં વરસાદી માહોલ જામ્યો છે. ખાસ કરીને વીજપડી ગામે વહેલી સવારથી જ ધોધમાર વરસાદ તૂટી પડતાં રોડ-રસ્તાઓ પાણી-પાણી થઈ ગયા હતા અને માર્ગો પર નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા.

ચોમાસાની સત્તાવાર એન્ટ્રી પહેલાં જ પડી રહેલા આ મધ્યમ અને ધોધમાર વરસાદના કારણે સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ છે. વાવણીના સમય પહેલાં જ અમૃત સમાન વરસાદ વરસતા ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે અને ખેડૂતોના ચહેરા ખીલી ઉઠ્યા છે.બીજી તરફ રાજુલા પંથકમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે. રાજુલા પંથકના નાની ખેરાળી, ખારી, બાબરીયાધાર અને મેરીયાણા સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આકાશ કાળાડિબાંગ વાદળોથી ઘેરાયું હતું અને જોતજોતામાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. પવનના સુસવાટા સાથે પડેલા આ વરસાદને કારણે ગામના મુખ્ય માર્ગો અને સોસાયટીઓમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા અને રસ્તાઓ પર પાણી વહેતા થયા હતા. આ પહેલા વરસાદ જ વાવણી લાયક વરસ્યો હોવાથી જગતના તાત એવા ખેડૂતોમાં હર્ષોલ્લાસનો માહોલ જોવા મળી રહ્યો છે.

અહેવાલો અનુસાર, ગુજરાતને સ્પર્શતા અરબી સમુદ્ર અને સોમાલિયા તટની આસપાસ આગામી ૫ દિવસ દરમિયાન પવનની ગતિ અતિ જોખમી સ્તરે પહોંચી શકે છે. દરિયામાં પવનની સામાન્ય ગતિ ૪૦ થી ૫૫ કિમી પ્રતિકલાક રહેશે, જે કેટલાક સમય માટે ઝટકા સાથે વધીને ૬૦ થી ૬૫ કિમી પ્રતિકલાકની ઝડપ પકડી શકે છે. આ સિસ્ટમના કારણે ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની તીવ્રતા વધશે અને સમુદ્રમાં ભારે કરંટ (ઊંચા મોજા) ઉછળશે.સમુદ્રમાં સર્જાનારી આ જોખમી સ્થિતિને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર અને કોસ્ટ ગાર્ડ દ્વારા ગુજરાતના તમામ નાના-મોટા માછીમારોને આગામી સૂચના સુધી દરિયો ન ખેડવા માટે કડક આદેશ આપવામાં આવ્યા છે. જે માછીમારો હાલ દરિયામાં છે તેમને તાત્કાલિક સુરક્ષિત કિનારે પરત ફરી જવા અને બંદરો પર બોટ સુરક્ષિત જગ્યાએ બાંધવા તાકીદ કરાઈ છે.

# ધારીના છતડીયા ગામે પ્રાથમિક શાળામાં શિક્ષકોની બબાલ મામલે ચાર શિક્ષકોની બદલીનો નિર્ણય

## વાલીઓ દ્વારા તાળાબંધી કરવાનો નિર્ણય મોકૂફ,જિલ્લા કક્ષાની તપાસ કમિટીની રચના કરવામાં આવતા મામલો થાળે પડ્યો





અમરેલી:

ધારી તાલુકાના છતડીયા ગામની પ્રાથમિક શાળામાં છેલ્લા બે દિવસથી ચાલી રહેલા શિક્ષક-શિક્ષિકા વચ્ચેના ચાલતા વિવાદના મામલે આજે મહત્વપૂર્ણ વળાંક આવ્યો હતો. આ વિવાદને પગલે સ્થાનિક વાલીઓએ શાળાને તાળાબંધી કરવાનો નિર્ણય લીધો હતો, જેના કારણે આજે શાળામાં એકપણ વિદ્યાર્થી શિક્ષણ કાર્યમાં જોડાયા ન હતો. જોકે શિક્ષણ વિભાગના અધિકારીઓ અને સ્થાનિક આગેવાનોની સમજાવટ બાદ વાલીઓએ તાળાબંધીનો નિર્ણય મોકૂફ રાખ્યો હતો.

બે દિવસ અગાઉ શાળાના એક શિક્ષક અને શિક્ષિકા વચ્ચે થયેલી માથાકૂટ બાદ સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો હતો. ઘટનાને પગલે વાલીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ત્યારે આજે મોટી સંખ્યામાં વાલીઓ શાળાએ પહોંચ્યા હતા અને શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓના વીડિયો વાયરલ કરવા અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા.

મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખી અમરેલીથી શિક્ષણ વિભાગના અધિકારીઓ છતડીયા પ્રાથમિક શાળાએ દોડી આવ્યા હતા. ટી.પી.ઈ.ઓ. ભગીરથસિંહ ગોહિલ તેમજ જિલ્લા પંચાયતના સભ્ય સહિતના આગેવાનોએ મધ્યસ્થી બની વાલીઓ સાથે ચર્ચા કરી હતી. લાંબી ચર્ચા અને સમજાવટ બાદ વાલીઓએ તાળાબંધીનો નિર્ણય હાલ પૂરતો મોકૂફ રાખવા સંમતિ દર્શાવી હતી.

શિક્ષક અને શિક્ષિકા વચ્ચેના વિવાદની નિષ્પક્ષ તપાસ માટે જિલ્લા કક્ષાની તપાસ કમિટીની રચના કરવામાં આવી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. સાથે જ શાળાનું શૈક્ષણિક વાતાવરણ જળવાઈ રહે અને વિદ્યાર્થીઓના અભ્યાસને નુકસાન ન થાય તે માટે શાળાના ચાર શિક્ષકોની બદલી કરવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો હતો.

અધિકારીઓએ શાળાના આચાર્ય સુરેશ આચાર્ય, રેખાબેન મહેતા, ભાનુશંકર સાકળીયા અને જયંતિભાઈ મહેતાની બદલી કરવા અંગે સહમતિ દર્શાવી હતી. ચારેય શિક્ષકોની બદલી અંગે ખાતરી મળતાં વાલીઓએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આવતી કાલથી છતડીયા પ્રાથમિક શાળામાં શિક્ષણ કાર્ય રાબેતા મુજબ શરૂ થશે અને વિદ્યાર્થીઓ નિયમિત રીતે અભ્યાસ માટે શાળાએ હાજર રહેશે. બીજી તરફ સમગ્ર ઘટનાની તપાસ પૂર્ણ થયા બાદ આ ઘટનાના જવાબદારો સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે તેમ પણ જણાવાયું હતું.